203 વર્ષ

दैनिक

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 33 ■ વિક્રમ સંવત ૨૦૮૧


■ માઘ સુદ- ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 February 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૮ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



IN LOVING MEMORY

HIS HIGHNESS THE AGA KHAN IV



PRINCE KARIM AGA KHAN

13.12.1936 - 04.02.2025

With deep gratitude, we honor His Highness the Aga Khan IV for his unwavering dedication to humanity. His vision transcends borders, bringing light to those in need and fostering a world of tolerance, knowledge, and progress. May his immortal soul continue to inspire us all.

IN REVERENCE & REMEMBRANCE

FORTUNE GROUP

FORTUNE

*A Legacy of delivering promises*

PRANAV

# વડોદરા હરણી બોટ કાંડમાં મૃતક બાળકો અને શિક્ષકો માટે તંત્ર દ્વારા વળતર જાહેર કરાયું

અમદાવાદઃ વડોદરામાં હરણી તળાવમાં બાળકો ભરેલી બોટ પલટી જતાં ૧૨ બાળકો અને ૨ શિક્ષકોનાં મોત થયાં હતાં. આ ઘટનામાં મૃતક બાળકોના પરિવારજનોને તંત્ર દ્વારા વળતર જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં મૃતક બાળકોના પરિવારજનોને ૩૧ લાખ તેમ જ બે મૃતક શિક્ષકોને અનુક્રમે ૧૬ લાખ અને ૧૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાની દરખાસ્ત વડોદરા કલેક્ટર દ્વારા કરવામાં આવી હતી. આ બાબતે કંપનીને પ્રતિભાવ આપવા માટે હાઈ કોર્ટે સમય આપી આગામી સુનાવણી તારીખ ૧૭ એપ્રિલે મુકરર કરી હતી. વડોદરાના સબ ડિવિઝનલ મૅજિસ્ટ્રેટ વી.કે. સાંબડેએ પોતાના હુકમમાં જણાવ્યું હતું કે, હાઈ કોર્ટ દ્વારા જાહેર હિતની અરજીના આધારે હરણી લેક ઝોનના કૉન્ટ્રાક્ટર કોટિયા પ્રોજેક્ટને ૧૨ મૃતક બાળકોના પરિવારોને પરિવાર દીઠ ૩૧,૭૫,૭૦૦ રૂપિયા તથા મૃતક શિક્ષિકા છાયાબેન સુરતીના પરિવારજનને ૧૧,૨૧,૯૦૦ રૂપિયા અને મૃતક ફાલ્ગુની પટેલના પરિવારજનને ૧૬,૬૮,૦૨૯ રૂપિયાનું વળતર જાહેર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય બે ઈજાગ્રસ્તો માટે ૫૦-૫૦ હજારના વળતરની જાહેરાત કરાઈ હતી. આ સિવાય અરજી દાખલ થયાથી વળતર મળ્યાના સમયગાળા માટે વાર્ષિક ૯ ટકા વ્યાજ પણ આપવાનું રહેશે. ગુજરાત હાઈ કોર્ટ દ્વારા હરણી બોટ દુર્ઘટના કેસમાં મૃતકોના પરિવારો અને ઇજાગ્રસ્તોને કોટિયા કંપની પાસેથી નાણાકીય વળતર મેળવવા માટે તેની રકમ નક્કી કરવા એક અધિકારીની નિમણૂક કરવાનો આદેશ વડોદરાના કલેકટરને આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, પીડિતોને મોટર વ્હીકલ એક્ટ મુજબ વળતરની ગણતરી કરવાની રહેશે આ બાબતે પીડિતોએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાં પોતાની રજૂઆત કરવાની રહેશે અને સત્તા મંડળ દ્વારા વકીલ મારફતે નિયુક્ત અધિકારી સમક્ષ દરખાસ્ત કરવામાં આવશે કોટીયા પ્રોજેક્ટને પણ પોતાની રજૂઆત કરવાનો હક રહેશે.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પ્રયાગરાજ ખાતે કુંભમેળામાં ત્રિવેણી સંગમ ખાતે પવિત્રસ્નાન કરીને અર્ઘ્ય અર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કરોડો ભક્તોના શ્રદ્ધા અને આસ્થા કેન્દ્ર પ્રયાગરાજમાં યોજાયેલા કુંભમેળામાં કુંભસ્નાન માટે દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આવે છે. ગુજરાતમાંથી પણ આ મેળામાં વિશાળ સંખ્યામાં જતા યાત્રાળુઓની સુવિધા માટે ગુજરાત ટુરિઝમ કૉર્પોરેશન દ્વારા ઊભા કરવામાં આવેલા ગુજરાત પેવેલિયનની મુલાકાત મુખ્ય પ્રધાને લીધી હતી. તેમણે ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરીને અર્ઘ્ય અર્પણ કર્યું હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે સવારે પ્રયાગરાજ પહોંચીને સૌ પ્રથમ બડે હનુમાનજી મંદિરમાં પૂજન, દર્શન અને આરતી કર્યાં હતાં. તેમણે સૌનાં સુખ-સમૃદ્ધિ તથા પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી.

તેમણે વડા પ્રધાન મોદીના માર્ગદર્શનમાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વની સરકારે પ્રયાગરાજ આવતા યાત્રીઓ માટે કરેલી વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી. તેમણે ખાસ કરીને સફાઈ-સ્વચ્છતાનું ધ્યાન રાખવા સાથે યાત્રિકોને કુંભસ્નાન માટે જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ખૂબ જ સુંદર અને આયોજનબદ્ધ છે તેમ જણાવ્યું હતું.

ગુજરાત સરકારે હાલમાં જ મહાકુંભમાં જવા ઇચ્છતા શ્રદ્ધાળુઓ માટે રાજ્યભરમાંથી ખાસ વોલ્વો બસની ટ્રિપ દોડાવી છે અને મહાકુંભમાં તેઓને રહેવા સહિતની સુવિધાઓ પણ આપી છે જેના કારણે રાજ્યભરમાંથી સેંકડો શ્રદ્ધાળુઓ કુંભમેળામાં જઈ રહ્યા છે.

# ગુજરાત યુનિવર્સિટીએ ૧૦ વર્ષ બાદ એ પ્લસ ગ્રેડ મેળવ્યોઃ પાંચમાંથી ૩.૩ પોઈન્ટ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની સૌથી મોટી સરકારી યુનિવર્સિટી ગુજરાત યુનિવર્સિટીએ નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (એનએએસી) એનએએસી એ પ્લસ ગ્રેડ મેળવ્યો હતો. ૨૮થી ૩૦ જાન્યુઆરી દરમિયાન ગુજરાત યુનિવર્સિટીમાં એનએએસીનું ઇન્સ્પેક્શન યોજાયું હતું. ઇન્સ્પેક્શન દરમિયાન કેટલાક સભ્યોની ટીમ ગુજરાત યુનિવર્સિટીમાં આવી હતી. જેમણે અલગ-અલગ વિભાગમાં મુલાકાત કરી હતી. ઇન્સ્પેક્શન બાદ ગુજરાત યુનિવર્સિટીને એ પ્લસ ગ્રેડ આપવામાં આવ્યો હતો. યુનિવર્સિટીને પાંચ પૈકી ૩.૩ પોઇન્ટ મળ્યા હતા.

ગુજરાત યુનિવર્સિટીને વર્ષ ૨૦૧૫માં એનએએસીમાં બી ગ્રેડ મળ્યો હતો. ત્યાર બાદ યુનિવર્સિટી દ્વારા ૨૦૨૪માં એનએએસી માટે અરજી કરવામાં આવી હતી, જેમાં યુનિવર્સિટીના ડૉક્યુમેન્ટેશનમાં રિસર્ચ, ઇનોવેશન, સ્ટાર્ટ અપ સહિતનાં અલગ-અલગ ડૉક્યુમેન્ટના આધારે યુનિવર્સિટીને ૭૦માંથી માર્કસ આપવામાં આવ્યા હતા. જ્યારે બાકીના ૩૦ માર્ક્સ ઇન્સ્પેક્શનના હતા.

એનએએસીની ટીમ ગુજરાત યુનિવર્સિટીમાં આવી ત્યાર બાદ ટીમ દ્વારા ત્રણ દિવસમાં યુનિવર્સિટીના અલગ-અલગ ડિપાર્ટમેન્ટની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. ટીમ દ્વારા યુનિવર્સિટીના હોસ્ટેલ અને અન્ય બિલ્ડિંગમાં પણ ઇન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. ટીમ દ્વારા વિદ્યાર્થીઓ અને અમુક કર્મચારીઓ સાથે મળીને વાતચીત પણ કરવામાં આવી હતી અને ઇન્સ્પેક્શન દરમિયાન ૩૦ માર્કસમાંથી બાકીના માર્કસ આપવામાં આવ્યા હતા.

# હાર્દિક પટેલ સહિત ચાર પાટીદાર નેતા પર સરકાર મહેરબાનઃ અનામત આંદોલનના રાજદ્રોહ સહિતના ૧૪ કેસ પાછા ખેંચાયા

અમદાવાદઃ પાટીદાર અનામત આંદોલન દરમિયાન થયેલા રાજદ્રોહ સહિતના ૧૪ કેસો રાજ્ય સરકારે પાછા ખેંચી લેતાં વિરમગામના ભાજપના ધારાસભ્ય અને પાટીદાર નેતા હાર્દિક પટેલ સહિતના ચાર પાટીદાર નેતાઓ દિનેશ બાંભણિયા, અલ્પેશ કથીરિયા, ચિરાગ પટેલને મોટી રાહત થઈ હતી.

પાટીદાર નેતા દિનેશ બાંભણિયાએ મોટો દાવો કર્યો હતો કે રાજદ્રોહ સહિતના કેસમાંથી મુક્તિ આપવામાં આવી છે. હાર્દિક પટેલ, અલ્પેશ કથીરિયા, ચિરાગ પટેલને મુક્ત કરાયાનો તેમણે દાવો કર્યો હતો. આનંદીબેન પટેલ સરકારે લગાવેલા કેસ ભૂપેન્દ્ર પટેલ સરકારે પરત ખેંચ્યા હતા. ભાજપમાં જોડાતાં હાર્દિક પટેલ અદાલતની કાર્યવાહી પહેલાં જ દોષમુક્ત થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સહિત વિવિધ જગ્યાએ નોંધાયેલા ૧૪ જેટલા કેસો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પાછા ખેંચી લીધા હોવા અંગેનો દાવો ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ અને દિનેશ બાંભણિયા દ્વારા કરવામાં આવ્યો હતો. હાર્દિક પટેલ અને અન્ય આંદોલનકારી નેતાઓ દ્વારા સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કરી સરકારનો આભાર માનવામાં આવ્યો હતો.

પાટીદાર આંદોલનના કેસ પરત ખેંચવા મુદ્દે ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીનું પણ નિવેદન બહાર આવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા પાટીદાર આંદોલન વખતે જે ઘટનાઓ બની હતી અને તેના કેસ ચાલુ હતા જેની તપાસ અને ચાર્જશીટ પૂર્ણ થઈ ગઈ છે તેવા નવ કેસને ગુજરાતના મુખ્ય પ્રધાને પાછા ખેંચવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ સરકારના પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ન્યાયિક રીતે જે કેસ પરત ખેંચવાયોગ્ય હતા, તેને જ પરત ખેંચ્યા છે. હવે માત્ર ચાર કેસ પરત ખેંચવાના બાકી છે. પાટીદાર આંદોલન સમયે કેસ કોઈ ચોક્કસ કારણોથી કરવામાં આવ્યાં ન હતાં. આ સંદર્ભે જે-તે સમયે સરકારે આંદોલનકારીઓ સાથે બેઠક પણ કરી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ્ય આંદોલનકારીઓની રજૂઆતો સાંભળીને તેમના તમામ મુદ્દાનું નિરાકરણ લાવવાનો હતો.

આ પ્રક્રિયાના ભાગરૂપે સમગ્ર ઘટનાની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં સરકારના ધ્યાને આવ્યું કે, કેટલાક નિર્દોષ લોકોનાં નામ પણ આ કેસોમાં આવી ગયાં છે. કેટલાક લોકોનાં નામ ખોટી રીતે ઉમેરાઈ ગયાં હતાં. જેથી સરકારે માનવતાવાદી અભિગમ દાખવીને કેસ પરત ખેંચવાનો નિર્ણય લીધો છે. વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે પોતાની સામેના કેસ પરત ખેંચાયાનો દાવો કર્યો હતો. હાર્દિક પટેલે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી સમાજ તરફથી ગુજરાતની ભાજપ સરકારનો આભાર માન્યો હતો. વડા પ્રધાન મોદી, ગૃહપ્રધાન અમિત શાહનો પણ સોશિયલ મીડિયામાં આભાર માન્યો હતો. પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર અલ્પેશ કથીરિયાએ સરકારના નિર્ણય અંગે જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલન સમિતિના સમયે જે કેસો થયા હતા, તેમાં અતિગંભીર પ્રકારના લગભગ ૧૪ કેસો સરકાર દ્વારા પરત ખેંચવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. ટૂંક સમયમાં સત્તાવાર રીતે સરકાર દ્વારા યાદી પણ જાહેર કરવામાં આવશે. આઠ કેસ અમદાવાદના છે, બે કેસ સુરતના, ત્રણ કેસ ગાંધીનગરના અને એક કેસ મહેસાણાનો છે. આ મળી કુલ ૧૪ જેટલા કેસો પરત ખેંચવામાં આવશે.

રાજ્યમાં વર્ષ ૨૦૧૫માં પાટીદારોને અનામત આપવાની માંગ સાથે અનામત આંદોલનની શરૂઆત કરવામાં આવી હતી. હાર્દિક પટેલ અને અન્ય કેટલાક યુવાનોના નેતૃત્વમાં અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં પાટીદાર સમુદાય ઊમટી પડ્યો હતો. તેમને પાટીદારોને અનામત આપવાની માગ કરી હતી. આ સમયે હાર્દિક પટેલની સભા બાદ ગુજરાતભરમાં હિંસા ફાટી નીકળી હતી, ત્યાર બાદ સમગ્ર રાજ્યમાં અનેક જગ્યાએ ઉગ્ર માંગ સાથે તોડફોડ થઈ હતી. પાટીદાર અનામત આંદોલન ઉગ્ર થતાંની સાથે જ અમદાવાદ, સુરત, મહેસાણા, ગાંધીનગર સહિતનાં વિવિધ શહેરો અને જિલ્લાઓમાં તોફાનો થયાં હતાં.

# કાયદો તોડતાં તત્ત્વો સામે સખતાઈથી વર્તોઃ હાઈ કોર્ટનો સરકાર અને અમદાવાદ મનપાને આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર સહિત રાજ્યભરમાં રખડતાં ઢોરો, બિસમાર રસ્તા, ટ્રાફિક-માર્ગો ફૂટપાથ પર ગેરકાયદે પાર્કિંગ મુદ્દે એડવોકેટ અમિત પંચાલ દ્વારા હાઈ કોર્ટ સમક્ષ કરાયેલી કન્ટેમ્પ્ટ પિટિશનમાં ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકારને સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, નાગરિકોના જીવને જોખમમાં મૂકતાં અને આડેધડ-વારંવાર નિયમભંગ કરતાં કે કાયદો તોડતાં તત્ત્વો વિરુદ્ધ સખ્તાઇથી અને લોખંડી હાથે કામ લો.

લારી-ગલ્લા સહિતનાં ગેરકાયદે દબાણો, ટ્રાફિકની વિકટ સમસ્યા, ગેરકાયદે પાર્કિંગ, રોંગ સાઇડ ડ્રાઇવિંગ સહિતની સમસ્યાઓ મામલે હાઈ કોર્ટમાં કેસની સુનાવણી હોય ત્યારે જ અને તેટલા પૂરતી નહી, પરંતુ સતત અને નિયમિત ધોરણે કાયમી નિરાકરણ આવે તે રીતે અસરકારક અને પરિણામલક્ષી કામગીરી કરો. અમારે કાયમી સોલ્યુશન જોઈએ છે.

જસ્ટિસ એ.એસ.સુપહીયા અને જસ્ટિસ ગીતા ગોપીની બેન્ચે નિર્દેશ કરતાં જણાવ્યું હતું કે, રાજય સરકાર, અમ્યુકો સત્તાવાળાઓ અને પોલીસ તંત્રના સત્તાવાળાઓ દ્વારા જાહેર રસ્તાઓ પરનાં ગેરકાયદે દબાણો દૂર કરવાં, ગેરકાયદે પાર્કિંગ હટાવવા સહિતના હાઈ કોર્ટના હુકમોના પાલનની અમલવારી કરાવવી અને શહેરમાં સ્મુધ ટ્રાફિકની વ્યવસ્થા બની રહે તેવાં પગલાં લેવાં જોઈએ.

જ્યારે રિટ અરજીની સુનાવણી થાય કે કોર્ટ દ્વારા જ્યારે કોઈ હુકમ થાય ત્યારે જ નહીં કે પ્રસંગોપાત નહીં, પરંતુ સત્તાવાળાઓએ આ તમામ પ્રક્રિયા-કામગીરી નિયમિત ધોરણે અને સતત કામગીરી કરવી. રાજય સરકાર, અમ્યુકો અને પોલીસ વિભાગ તરફથી લેવાયેલાં પગલાં અને થયેલી કામગીરી અંગેનાં સોગંદનામાં અને આંકડાકીય માહિતીની હાઈ કોર્ટે નોંધ લીધી હતી. સરકારપક્ષ તરફથી હાઈ કોર્ટના હુકમની અમલવારી અને સતત અને નિયમિત કામગીરી કરવાની બાંયધરી અપાતાં હાઇકોર્ટે કેસની વધુ સુનાવણી બે સપ્તાહ બાદ મુકરર કરાઈ હતી.

જસ્ટિસ એ.એસ.સુપહીયા અને જસ્ટિસ ગીતા ગોપીની બેન્ચે અમ્યુકો અને પોલીસની કામગીરીની નોંધ લઈ સરકાર પક્ષને બહુ માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, મિ.જીપી તમે બાંયધરી તો આપી છે, પરંતુ ધ્યાન રાખજો. કારણ કે, બે વર્ષ પહેલાં પણ આવું જ થયું હતું. આ કેસની સુનાવણી મારી બેંચ સમક્ષ જ હતી અને એ વખતે પણ આવી રીતે ખાતરી અપાઈ હતી ને પછી કંઈ થયું નહીં. એટલે એક વાત મગજમાં રાખજો કે, જો હાઈ કોર્ટના હુકમની અમલવારી નહી થાય તો કસૂરવાર અધિકારીઓની જવાબદારી બનશે.

જસ્ટિસ એ.એસ.સુપહીયાએ તાજેતરનો તેમનો અનુભવ વર્ણવતાં કહ્યુ હતું કે, બે ટીઆરબી જવાન કે કૉન્સ્ટેબલ સોલા સિવિલ પાસે તહેનાત હતા, તે તેમની ડ્યુટી કરતો હતો છતાં લોકો તેનો જીવ જોખમમાં મુકાય તે રીતે ઝડપથી વાહન હંકારતા રહ્યા હતા અને અટક્યા ન હતા. તેની પાસે કોઈ વોકીટોકી કે બોડી વોર્ન કૅમેરા કે કશું નહોતું કે જેથી તે તેના ઉપરી અધિકારીને જાણ પણ ના કરી શક્યો. આવી કોઈ ઘટના ઘટે કે નિયમભંગ કરે તો તાત્કાલિક ઉપરી અધિકારીને જાણ કરી શકે તે માટે ફરજ પર તહેનાત કર્મીઓને વોકીટોકી કે બોડી વોર્ન કૅમેરા સહિતની સુવિધા આપવી જોઇએ.

સરકારપક્ષ તરફથી કામગીરીની દાવાઓ અને ક્ષમતાઓના દાવા સાથે પગલાં લેવાની વાતો રજૂ કરવામાં આવતાં જસ્ટિસ સુપહીયાએ ટકોર કરી હતી કે, જો તમારી ક્ષમતા છે જ તો, તમે સતત અને નિયમિત રીતે કાયમી ધોરણે કેમ કામ કરતા નથી. કાયદો તોડનારાં તત્ત્વો ફરીને ફરી નિયમભંગ કરતાં જોવા મળે છે.

# બાળકોના હકો અંગે સુપ્રીમ કોર્ટના નિર્દેશોના અમલ મામલે હાઈ કોર્ટની સરકારને ફટકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બાળકોની સુરક્ષા અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલા નિર્દેશોનું પાલન થતું નથી. આ મામલે ગુજરાત હાઈ કોર્ટમાં બચપન બચાઓ આંદોલન સંસ્થાએ જાહેર હિતની અરજી દાખલ કરી હતી. જેમાં સંસ્થા દ્વારા બાળકોના હકો અંગે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું અમલીકરણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી. હાઈ કોર્ટે સુપ્રીમ કોર્ટના કયા નિર્દેશોનું પાલન રાજ્ય સરકાર કરતી નથી, તેનો જવાબ અરજદાર પાસેથી માંગ્યો હતો. સરકારે કહ્યું હતું કે, મોટા ભાગના નિર્દેશોનું પાલન તેઓ કરી રહ્યા છે, જેના આંકડાઓ હાઈ કોર્ટ સમક્ષ મૂક્યા હતા.

૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ચીફ જજની બેંચ સમક્ષ સુનાવણી દરમિયાન મુખ્ય બાબતોના અમલીકરણ સંદર્ભે હાઈ કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. હાઈ કોર્ટે પોતાના આદેશમાં તે મુદ્દાઓ નોંધ્યા હતા. જેમાં જુવેનાઇલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫, પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ એક્ટ ૨૦૦૫, પોક્સો એક્ટની જોગવાઈઓનું અમલીકરણ જેવી બાબતોનો સમાવેશ થાય છે. કોર્ટના ધ્યાને મૂકવામાં આવ્યું હતું કે, અગાઉ રાજ્યના બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચૅરમૅન રિટાયર્ડ થયા હતા. ત્યાર બાદ નવી નિમણૂક થઈ નથી કે આયોગ અસ્તિત્વમાં નથી. રાજ્ય સરકારે કમિશનની રચના માટે સમય માગ્યો હતો, તેમ જ હાઈ કોર્ટે તમામ સભ્યોની નિમણૂક કરવા આદેશ આપ્યો હતો. રાજ્ય સરકારે જણાવ્યું હતું કે, ચાઈલ્ડ પ્રોટેક્શન પૉલિસી યુનિસેફને તેનાં સૂચનો માટે મોકલી આપવામાં આવી હતી. હાઈ કોર્ટે સૂચના આપી હતી કે, આ પૉલિસી બનાવવા માટે સંબંધિત હિત માટે કામ કરતી સંસ્થાઓનાં સૂચન લેવાં જોઈએ અને દૃઢ પૉલિસી બનાવવી જોઈએ.

આ મામલે સરકારી વકીલે કહ્યું હતું કે, આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા ચાઈલ્ડ પ્રોટેક્શન પૉલિસી જાહેર થશે. કોર્ટે કહ્યું હતું કે, કમિશન ફક્ત પેપર ઉપર નહિ, ગ્રાઉન્ડ ઉપર કામ કરતું હોવું જોઈએ. જુવેનાઇલ જસ્ટિસ એક્ટના અમલીકરણ માટે સોશિયલ ઑડિટ બહુ જરૂરી છે. જેનો રિપોર્ટ નેશનલ ચાઈલ્ડ રાઇટ કમિશન અને રાજ્ય સરકારને આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર કમિશનની કામગીરી જુએ છે.

હાઈ કોર્ટે નોંધ્યું હતું કે, જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ અને પોક્સો કોર્ટના જજીસને ટ્રેનિંગ આપવામાં આવે છે. તેવી જ રીતે ચાઈલ્ડ પ્રોટેક્શન ઑફિસરને પણ ટ્રેનિંગ આપવી જોઈએ. ફક્ત દર્શાવવા ખાતર નહિ, પણ બાળકોના ભલા માટે કામ થવું જોઈએ.

# અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ગુજરાતીઓ સામે કાનૂની કાર્યવાહી નહીં થાયઃ પોલીસ પૂછપરછ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકામાં ગેરકાયદે પહોંચેલા ગુજરાતના ૩૩ લોકો વિરુદ્ધ પોલીસ દ્વારા કાર્યવાહી ન કરવાનો મહત્ત્વનો નિર્ણય રાજ્યના ગૃહવિભાગ દ્વારા કરવામાં આવ્યો હતો. જોકે ગુજરાતમાં કબૂતરબાજીના કૌભાંડમાં સક્રિય એજન્ટોના નેટવર્કની માહિતી એકઠી કરવા માટે કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે તમામનાં નિવેદનો લેવામાં આવશે. જેના આધારે આગામી દિવસોમાં પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે માત્ર નિવેદનની પ્રક્રિયા પૂર્ણ કરીને ગૃહવિભાગને રિપોર્ટ મોકલવામાં આવશે. આ લોકો જે એજન્ટોની મદદથી અમેરિકા પહોંચ્યા હતા. તે એજન્ટોના નેટવર્કની તમામ કડી મેળવવા માટે પોલીસ દ્વારા કામગીરી કરવામાં આવશે.

જે અનુસંધાનમાં ગુરુવારે પોલીસે ૩૩ લોકોને તેમના વતન પરત સલામત પહોંચતા કરવાની સાથે નિવેદન નોંધવાની કામગીરી પણ શરૂ કરી હતી. જ્યારે કેટલાક કિસ્સામાં તેમના પરિવારજનોનાં નિવેદનો પણ નોંધવામાં આવી રહ્યાં છે.

આ માટે તમામ જિલ્લા પોલીસ વડાને તેમની લોકલ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને કામગીરી સોંપવામાં આવી હતી. તમામ લોકોનાં નિવેદન નોંધાયાં બાદ રિપોર્ટ તૈયાર કરીને ગૃહવિભાગને સોંપવામાં આવશે. જેના આધારે એજન્ટોના નેટવર્ક અંગે તપાસ કરવાની બ્લુ પ્રિન્ટ તૈયાર કરાશે.

પોલીસમાંથી માહિતી બહાર આવી હતી કે જે લોકોને અમેરિકાથી ડિપોર્ટ કરવામાં આવ્યા છે, તે લોકોનાં નિવેદન લેવામાં આવશે, જે બાળકો છે તેમનાં નિવેદન લેવામાં આવશે નહી, ૩૩ લોકોમાંથી જે લોકોનો ક્રિમિનલ રોલ હશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લાના પોલીસવડા આ મામલે કાર્યવાહી કરશે સાથે સાથે થોડા સમયમાં ગૃહ વિભાગ સત્તાવાર આદેશ કરશે અને પોલીસ કાર્યવાહી શરૂ કરી દેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકાથી જે ૩૩ ગુજરાતીઓને ડિપોર્ટ કરવામાં આવ્યા છે. તેનું લિસ્ટ પણ સામે આવ્યું છે. જે ૩૩ ગુજરાતીઓ પરત ફર્યા છે તેમાં ૨૮ લોકો ઉત્તર ગુજરાતના છે. જ્યારે ૪ લોકો મધ્ય ગુજરાતના અને એક વ્યક્તિ દક્ષિણ ગુજરાતનો છે, ૮ લોકો સગીર વયના છે.

# ગુજરાતનાં પર્વતો પર સ્થિત યાત્રાધામો સુધી પહોંચવા ગત વર્ષે ૪૭ લાખ યાત્રાળુઓએ રોપ-વેનો આનંદ માણ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા આકષર્ણનું કેન્દ્ર રહ્યું છે. રાજ્યમાં ગિરનાર, પાવાગઢ અને અંબાજી ખાતે પર્વતો પર આવેલાં યાત્રાધામો સુધી પહોંચવા ગત વર્ષે ૪૭.૬૪ લાખથી વધુ યાત્રાળુઓએ સલામત રીતે ઉડનખટોલાનો આનંદ માણ્યો છે. જેમાં જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન, પાવાગઢમાં ૨૪.૪૭ લાખથી વધુ પ્રવાસીઓએ, ગિરનારમાં ૭.૫૭ લાખથી વધુ જ્યારે અંબાજી રોપ-વેનો ૧૫.૫૯ લાખથી વધુ એમ કુલ ૪૭.૬૪ લાખથી વધુ યાત્રાળુઓએ રોપ-વેની સેવાનો લાભ લીધો છે. જે ગુજરાતનાં યાત્રાધામો અને પ્રવાસન સ્થળોની લોકપ્રિયતા દર્શાવે છે. આ યાત્રાળુઓના આગમનથી આ વિસ્તારના યુવાઓને સારા પ્રમાણમાં રોજગારી પણ ઉપલબ્ધ થઇ રહી છે.

ગુજરાતના ઐતિહાસિક શહેર જૂનાગઢમાં આવેલો ગિરનાર રોપ-વે એન્જિનિયરિંગનું એક અસાધારણ પરાક્રમ સાથે જ આધ્યાત્મિકતા અને કુદરતી વૈભવનું પ્રવેશદ્વાર છે. ૨.૩ કિલોમીટર લાંબો આ રોપ-વે વિશ્વના સૌથી લાંબા રોપ-વેમાંથી એક છે, જે ગિરનાર પર્વતોની જમીનથી ૩,૬૬૦ ફૂટની ઊંચાઈએ આવેલા પવિત્ર મા અંબાજીના મંદિર સાથે જોડે છે. વડા પ્રધાન મોદી દ્વારા ઓક્ટોબર ૨૦૨૦માં આ રોપ-વેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ ચાર વર્ષ દરમિયાન ૩૦ લાખથી વધુ મુલાકાતીઓએ રોપ-વેની આ સેવાનો આનંદ માણી સલામત, અનુકૂળ અને અવિસ્મરણીય મુસાફરીનો અનુભવ કર્યો છે. રોપ-વેના ૩૧ આધુનિક કૅબિન પ્રતિ કલાક ૧,૦૦૦ મુસાફરોનું પરિવહન કરે છે, જેમાં ૦૯ મિનિટની આ આકર્ષક રાઈડ ભવ્ય ગિરનાર પર્વતોનાં મનોહર દૃશ્યો દર્શાવે છે.

# પાવાગઢમાં ૧૩ દિવસ માટે રોપ-વે સેવા બંધઃ ૧૭ ફેબ્રુ.થી ૧ માર્ચ સુધી મેન્ટેનન્સ કામગીરી ચાલશે

અમદાવાદઃ પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે આવેલા પ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠમાં રોપ-વે સેવા આગામી ૧૩ દિવસ માટે બંધ રહેશે. ઉષા બ્રેકો કંપની દ્વારા વાર્ષિક મેન્ટેનન્સ માટે ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫થી ૧ માર્ચ ૨૦૨૫ સુધી પાવાગઢ રોપ વે સેવા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રોપ વે સેવા સ્થગિત થતાં ભક્તોએ માતાજીના દર્શન માટે ડુંગર પર પગપાળા ચઢીને જવું પડશે. પાવાગઢ ડુંગર ઉપર ચાલતા રોપ વે નિયમ અનુસાર વાર્ષિક મેઈન્ટેનન્સની કામગીરી કરવામાં આવે છે. રોપ-વે સેવા પૂરી પાડતી ઉષા બ્રેકો કંપની દ્વારા એન્યુઅલ મેઈન્ટેનેન્સ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. યાત્રાળુઓ અને પ્રવાસીઓ માટે અવરજવર અને માતાજીનાં દર્શન માટેની સુવિધાઓ વિકસાવવામાં આવતાં અહીં આવતા યાત્રાળુઓ અને પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યના ખૂણેખૂણેથી માતાજીનાં દર્શન માટે મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવે છે. ત્યારે મેઈન્ટેનન્સની કામગીરી દરમિયાન દર્શનાર્થીઓને મંદિર સુધી પહોંચવા માટે પગપાળા જવાનું રહેશે.

# ગુજરાતમાં ૫,૭૫૪ ધિરાણ મંડળીઓનું કમ્પ્યુટરાઇઝેશનનું કામ પૂર્ણતાને આરેઃ ૨૯૦૦ ટૂંક સમયમાં લાઇવ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રના સહકાર મંત્રાલયે તમામ પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓને એક યુનિફાઇડ એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગ પ્લૅટફૉર્મ પર એકીકૃત કરવા માટે પીએસીએસ કમ્પ્યુટરાઇઝેશન યોજના અમલમાં મૂકી છે. આ પહેલ પેક્સને રાજ્ય સહકારી બૅન્કો અને જિલ્લા કેન્દ્રીય સહકારી બૅન્કોના માધ્યમથી રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બૅન્ક સાથે જોડે છે.

૨૦૨૩-૨૪થી ગુજરાતમાં પીએસીએસ કમ્પ્યુટરાઇઝેશન યોજના અમલમાં મૂકવામાં આવી છે. હાલમાં આ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં રાજ્યની ૫,૭૫૪ પેક્સમાં કમ્પ્યુટરાઇઝેશનની પ્રક્રિયા ચાલી રહી છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થવાની શક્યતા છે. આગામી સમયમાં રાજ્યની તમામ પેક્સને સંપૂર્ણપણે કમ્પ્યુટરાઇઝ કરવામાં આવશે. પેક્સ કમ્પ્યુટરાઇઝેશન યોજના અંતર્ગત પેક્સને જરૂરી તમામ હાર્ડવેર જેમકે, ડેસ્કટોપ, મલ્ટી-ફંક્શન પ્રિન્ટર્સ, ભૌતિક વીપીએન ઉપકરણો, બાયોમેટ્રિક સ્કેનર્સ, વેબ કૅમેરા, યુપીએસ સિસ્ટમ્સ અને જરૂરી સોફ્ટવેરથી સજ્જ કરવામાં આવી છે. આ ઉપરાંત પીએસીએસના તમામ ડેટાનું ડિજિટલાઇઝેશન કરવામાં આવશે અને એક વ્યાપક સપોર્ટ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે.

# ખ્યાતિ હૉસ્પિટલ કાંડના આઠ આરોપીઓ સામે ક્રાઈમ બ્રાંચ દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરાઈ

અમદાવાદઃ અમદાવાદ ખ્યાતિ હૉસ્પિટલ કાંડ મામલે, ક્રાઈમ બ્રાંચ દ્વારા ગ્રામ્ય કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે આ પ્રકરણમાં ૫૬૭૦ પાનાંની ચાર્જશીટ દાખલ કરી હતી. ખ્યાતિ હૉસ્પિટલ મોત કાંડમાં કુલ નવ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જે પૈકી આઠ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરાઈ હતી. ખ્યાતિ કાંડમાં અત્યાર સુધી કુલ ૧૦૫ વ્યક્તિઓની પૂછપરછ કરવામાં આવી હતી. બી એન એસ એસ ૧૮૩ મુજબ કુલ સાત સાક્ષીઓનાં નિવેદન પણ લેવાયાં હતાં. ૧૯ ઇલેક્ટ્રોનિક પુરાવા, ૩૬ ફાઈલો અને ૧૧ રજિસ્ટર કબજે કરવામાં આવ્યાં હતાં. આ સમગ્ર મામલે કુલ ૩૪ બૅન્ક ખાતાની માહિતી મેળવાઈ હતી. તાજેતરમાં ખ્યાતિ હૉસ્પિટલ કાંડના મુખ્ય સૂત્રધાર કાર્તિક પટેલને ઝડપી લેવાયો હતો.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 33 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ સુદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 February 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૮ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રિઝર્વ બૅન્કે પાંચ વર્ષે વ્યાજદર ઘટાડ્યોઃ લોન સસ્તી થશે






- બૅન્કોને ઇન્ટરનેટ ડોમેન નેમ મળશે
- ડિજિટલ પેમેન્ટ્સમાંની છેતરપિંડી રોકાશે
- ખાદ્યસામગ્રીના ભાવ ઘટવાની આશા



મુંબઈઃ ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઇ)ના નવા ગવર્નર સંજય મલ્હોત્રાએ શુક્રવારે દ્વિ-માસિક આર્થિક નીતિમાં અંદાજે પાંચ વર્ષના ગાળા બાદ એટલે કે ૨૦૨૦ના મે પછી પ્રથમ વખત રિપો રેટ (રિપર્ચેઝ રેટ એટલે કે ટૂંકા-ગાળાનો ધિરાણ દર) પા ટકા ઘટાડવાની કરેલી જાહેરાતથી ઘરની લોન, વાહનોની લોન, અંગત લોન સહિતની લોન (કરજ) સસ્તી થવાની આશા છે. આમ છતાં, તેની માઠી અસર ફિક્સ્ડ ડિપોઝિટ્સ (બાંધી મુદતની થાપણ) સહિતની બચતના વ્યાજદર પર પડતા તે ઘટવાની ભીતિ ઊભી થાય છે.

બૅન્કો અને નોન-બૅન્કિંગ ફાઇનાન્શિયલ કંપનીઓની સાયબર સિક્યોરિટી વધારવા તેઓને ઇન્ટરનેટ ડોમેન નેમ આપવાની જાહેરાત પણ કરાઇ હતી.

રિપો રેટ પચીસ બેસિસ પોઇન્ટ ઘટાડીને ૬.૨૫ કરાયો છે. દેશનું અર્થતંત્ર મજબૂત રહેવાની આગાહી કરાઇ હતી.

અન્ન-ખાદ્યસામગ્રીના ભાવ આગામી દિવસોમાં ઘટવાની આશા વ્યક્ત કરાઇ હતી. આમ છતાં, અન્ન-ખાદ્યસામગ્રી અને ઊર્જા ક્ષેત્ર સિવાયનાં ક્ષેત્રોમાં કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ કે હોલસેલ (જુઓ પાનું ૨) ▸▸

## 'મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી આઈકન એવોર્ડ-દ્વિતીય'

## ફરી ધૂમ મચાવશે દુબઈમાં

મુંબઈઃ એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ના દ્વિશતાબ્દી મહોત્સવના કાર્યક્રમમાં દેશ-દુનિયાના ગુજરાતીઓને એકત્ર કરવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આહ્વાન બાદ અને જુલાઈ, ૨૦૨૩માં દુબઈ ખાતે યોજાયેલા પ્રથમ મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી એવોર્ડ-૨૦૨૩ની સફળતા બાદ આ વર્ષે ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ શેખ રાશિદ ઓડિટોરિયમ, બર દુબઈ ખાતે મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી એવોર્ડ-દ્વિતીયનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ ભવ્ય કાર્યક્રમમાં દસેક લોકોને આ એવોર્ડથી નવાજવામાં આવશે. જાણીતા હાસ્યકાર સાંઈરામ દવે અને તેમની ટીમ, હાસ્યકાર મિલન ત્રિવેદી, ગઝલકાર શોભિત દેસાઈ સમગ્ર કાર્યક્રમનું સૂત્ર સંચાલન કરશે.

આ સમગ્ર કાર્યક્રમ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગમાં દુબઈના પ્રખ્યાત ડેન્યુબ કન્સ્ટ્રક્શન અને થંગલસ જ્વેલર્સના સથવારે રેડિયો પાર્ટનર બિગ ૧૦૬.૨, યુએઈ મીડિયા પાર્ટનર ખલિજ ટાઈમ્સ, હોસ્પિટાલિટી પાર્ટનર વિદેશી રેસ્ટોરન્ટ, ટી-પોસ્ટ ટી પાર્ટનર, ફોટોગ્રાફી પાર્ટનર જેએફએલ મીડિયા અને એરકાન ગ્રુપ દ્વારા યોજાશે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મુંબઈ સમાચાર સહિત સોનલ રાવલ, દુષ્યંત સોની, અમિત સોની દ્વારા કરવામાં આવ્યું છે. ટૂંક સમયમાં એવોર્ડ વિજેતાઓની જાહેરાત મુંબઈ સમાચારમાં કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં 'મુંબઈ સમાચાર' પર આધારિત ડોક્યુમેન્ટ્રી મુંબઈ સમાચાર ૨૦૨ નોટ આઉટનું પ્રથમ વખત જ સ્ક્રીનિંગ કરવામાં આવશે. આ ડોક્યુમેન્ટ્રીના પોસ્ટરનું અનાવરણ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું અને તેનું લોકાર્પણ ગયા વર્ષે ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સંજય છેલ લિખીત અને જાણીતા સંગીતકાર ઉદય મજુમદાર દ્વારા સ્વરબદ્ધ મુંબઈ સમાચારનું ગીત પણ પ્રથમ જ વખત જનતા સમક્ષ રજૂ કરવામાં આવશે. ■

## દિલ્હીમાં આજે મતગણતરી

### ભાજપ ૨૭ વર્ષે સત્તા કબજે કરશે કે 'આપ' હેટ-ટ્રિક કરશે?

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભાની ૭૦ (બધી) બેઠકની મતગણતરી આઠ ફેબ્રુઆરી, શનિવારે હાથ ધરાશે. શાસક આમ આદમી પાર્ટી (આપ) અને તેનો મુખ્ય હરીફ પક્ષ ભાજપ બહુમતી મેળવીને સત્તા કબજે કરવાનો દાવો કરી રહ્યા છે. ભાજપ ૨૭ વર્ષ પછી દિલ્હી વિધાનસભામાં સત્તા પર આવશે કે 'આપ' હેટ-ટ્રિક કરશે, તે મુદ્દો ચર્ચાને ચગડોળે ચઢ્યો છે.

દિલ્હીમાં મતગણતરી માટે ૧૯ કેન્દ્ર છે અને કાયદો તેમ જ વ્યવસ્થા જાળવી રાખવા માટે દરેક કેન્દ્ર દીઠ અર્ધલશ્કરી દળની બે ટુકડી ગોઠવવામાં આવી છે. મહાનગરમાં દસ હજાર જેટલા પોલીસ પણ તહેનાત કરાયા છે.

દરેક મતગણરી કેન્દ્ર ખાતે બે મેટલ ફ્રેમ ડિટેક્ટર, હાથથી તપાસવા માટેના મેટલ ડિટેક્ટર અને એક્સ-રે મશીનો મુકાયાં છે.

એડિશનલ ડીસીપી મતગણતરી વખતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર નજર રાખશે. વાહન વ્યવહાર સરળતાથી ચાલતો રહે તે માટે ટ્રાફિક પોલીસે ખાસ વ્યવસ્થા કરી છે.

અગાઉ, દિલ્હી વિધાનસભાની ૭૦ (બધી) બેઠકના મતદાન બાદ જાહેર કરાયેલા મોટા ભાગના એક્ઝિટ (જુઓ પાનું ૨) ▸▸






## નવી મુંબઈમાં એનસીબીએ ૨૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું

નવી મુંબઈઃ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી)એ ડ્રગ્સની હેરાફેરી પર નોંધપાત્ર કામગીરી કરીને શુક્રવારે ચાર વ્યક્તિની ધરપકડ કરી હતી અને નવી મુંબઇમાં ચાલતી ડ્રગ્સ સિંડિકેટનો પર્દાફાશ કર્યો હતો. એનસીબીએ ૨૦૦ કરોડ રૂપિયાના પ્રતિબંધિત પદાર્થો અને ડ્રગ્સ પણ જપ્ત કર્યા હતા, એવી એક અધિકારીએ માહિતી આપી હતી. એનસીબીના મુંબઇ ઝોનલ યુનિટના એક અધિકારીએ જણાવ્યું હતું કે તેમને એવા ઇનપૂટ મળ્યા હતા કે એક આંતરરાષ્ટ્રીય જૂથ ડ્રગ્સ ઑપરેશનનું સંચાલન કરી રહ્યું છે, જેમાં કેટલીક ડ્રગ્સ કુરિયર સેવાઓ, કાર્ગો શિપમેન્ટ અને લોકો દ્વારા અમેરિકાથી આયાત કરવામાં આવતી હતી. અધિકારીઓએ ગયા મહિને ઑસ્ટ્રેલિયા (જુઓ પાનું ૨) ▸▸

## સાવધાનઃ મુંબઈમાં નોંધાયો જીબીએસનો પહેલો કેસ

### અંધેરીની હૉસ્પિટલમાં ૬૪ વર્ષની મહિલા દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પુણે શહેરમાં ગીઆન-બેરે સિન્ડ્રોમ (જીબીએસ)ના કેસમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે ત્યારે મુંબઈમાં જીબીએસનો પહેલો કેસ નોંધાયો છે. સુધરાઈના આરોગ્ય ખાતાએ મુજબ શુક્રવારે ૬૪ વર્ષની મહિલાને જીબીએસનો ચેપ લાગ્યો હોવાની પુષ્ટિ કરી હતી.

પાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીએ મુંબઈમાં ૬૪ (જુઓ પાનું ૨) ▸▸

**રાહુલ ગાંધીનો ચૂંટણી પંચને સવાલ**

### મહારાષ્ટ્રમાં પાંચ મહિનામાં ૩૯ લાખ નવા મતદારો કેવી રીતે જોડાયા?

નવી દિલ્હીઃ કૉંગ્રેસ, શિવસેના-યુબીટી અને એનસીપી-એસએસએ શુક્રવારે મહારાષ્ટ્રની મતદાર યાદીઓમાં અનિયમિતતાનો આરોપ લગાવ્યો હતો અને દાવો કર્યો હતો કે રાજ્યમાં લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે કુલ ૩૯ લાખ નવા મતદારો જોડવામાં આવ્યા હતા. અહીં એક સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રમાં ઉમેરાયેલા (જુઓ પાનું ૨) ▸▸







LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રેપો રેટ ઘટ્યો પણ બેંકોએ વ્યાજદર ઘટાડવો જોઈએને?

**કેન્દ્રની** નરેન્દ્ર મોદી સરકારના બજેટમાં આવકવેરા વિભાગના દરોમાં ફેરફારો કર્યો તેના કારણે મધ્યમ વર્ગ ખુશ છે ત્યાં હવે રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ રેપો રેટ સહિતના બૅંક રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરીને રેપો રેટ ૬.૨૫ ટકા કરીને મધ્યમ વર્ગને વધુ એક રાહત આપવાનો તખ્તો તૈયાર કરી દીધો છે. રિઝર્વ બૅંક રેપો રેટમાં ઘટાડો કરતાં લોન સસ્તી થશે અને હોમ લોન સહિતની લોનના હપ્તા એટલે કે ઈએમઆઈ પણ ઓછા થશે.

રિઝર્વ બૅંકના ગવર્નર નિમાયેલા સંજય મલ્હોત્રાની આ પહેલી મોનેટરી પૉલિસી છે અને પહેલા જ ધડાકે તેમણે લોકોને રાહત આપવાનો પ્રયત્ન કર્યો છે કેમ કે છેલ્લા પાંચ વર્ષથી રેપો રેટ સહિતના દર સત વધ્યા જ કરતા હતા. તેના કારણે લોકો પરનો બોજ પણ વધ્યા કરતો હતો, હવે રિઝર્વ બૅંકે પાંચ વર્ષ પછી રેપો રેટમાં ઘટાડો કર્યો છે.

રીઝર્વ બૅંકે છેલ્લે મે ૨૦૨૦માં રેપોરેટમાં ૦.૪૦ ટકાનો ઘટાડો કરીને રેપો રેટ ચાર ટકા કર્યો હતો. બે વર્ષ પછી એટલે કે મે ૨૦૨૨માં , રિઝર્વ બૅંકે વ્યાજદરોમાં વધારો કરવાનું શરૂ કર્યું અને સળંગ એક વર્ષ સુધી રેપો રેટમાં સતત વધારાનો સિલસિલો ચાલુ રહ્યો હતો.

મે ૨૦૨૩ સુધી ધડાધડ કરાયેલા વધારાના કારણે આ સમયગાળા દરમિયાન રિઝર્વ બૅંકે રેપોરેટમાં ૨.૫૦ ટકા વધારો કર્યો હતો અને રેપો રેટ ૬.૫ ટકા સુધી પહોંચી ગયો હતો તેમાં મધ્યમ વર્ગ લાંબો થઈ ગયો હતો.

રેપો રેટ એક ટકા વધે એટલે એક લાખની લોન પર વરસે હજાર રૂપિયા વધી જાય એ જોતાં ૨૦૨૨ના મે પછી મધ્યમ વર્ગ પર લોનના હપ્તામાં જ દર લાખે વરસે ઓછામાં ઓછા અઢી હજારથી ત્રણ હજાર રૂપિયા વધી ગયા હતા કેમ કે બૅંકો પણ તકનો લાભ લઈને લટકામાં પોતાનો વધારો ઉમેરી દેતી હોય છે. રિઝર્વ બૅંકે અઢી ટકાનો વધારો કર્યો હોય તો એ ૧૦-૧૦ બેઝિસ પોઈન્ટ ઉમેરીને ૩ ટકા સુધી વધારો કરીને બેસી ગઈ હતી. ગયા વરસે વધારાનો સિલસિલો અટક્યો હતો ને હવે ૫ વર્ષ પછી રેપો રેટ ઘટાડવામાં આવ્યો છે ત્યારે વ્યાજદરમાં ઘટાડાનો સિલસિલો શરૂ થશે એવી આશા રાખી શકાય.

ભારતમાં રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયા દેશની મધ્યસ્થ બૅંક છે. મતલબ કે દેશની બૅંકિંગ સિસ્ટમની ચોટલી રિઝર્વ બૅંકના હાથમાં છે પણ રિઝર્વ બૅંક પોતે રેપો રેટમાં કરેલા ઘટાડાનો લાભ ગ્રાહકોને જ આપવા માટે કોઈ પણ બૅંકને ફરજ પાડી શકતી નથી. ભારતમાં રિઝર્વ બૅંક પાસે મર્યાદિત સત્તાઓ છે તેના કારણે આ સમસ્યા છે.

રિઝર્વ બૅંક ચલણી નોટો છાપે અને પોતાની પાસે જંગી પ્રમાણમાં રોકડ રાખે છે. રિઝર્વ બૅંક આખા દેશની રાષ્ટ્રીયકૃત, કોમર્શિયલ બૅંકો, સહકારી સહિતની બૅંકોને લોન આપવા માટે આ રકમ આપે છે પણ તેનો વ્યાજ દર નક્કી કરવાનું તેના હાથમાં નથી.

દેશની બૅંકો લોન આપવા માટે રિઝર્વ બૅંક પાસેથી જે નાણાં લે તેના પર રિઝર્વ બૅંક જે વ્યાજ લે છે તેને રેપો રેટ કહેવાય. બૅંકો સાવ ઉલાળિયાં ના કરી નાંખે એ માટે સિક્યોરિટીને ખાતર દરેક બૅંકે ચોક્કસ રોકડ રકમ રિઝર્વ બૅંકમાં મૂકવી ફરજિયાત છે. સીક્યુરિટીના રૂપમાં આ રકમ મુકાય તેથી રિઝર્વ બૅંકની ચોટલી આર્થિક રીતે તેના હાથમાં રહે છે પણ બીજી કોઈ સત્તા નથી હોતી. રિઝર્વ બૅંકમાં બીજી બૅંકો જે નાણાં મૂકે તેના પર રિઝર્વ બૅંક દ્વારા ચૂકવાતા વ્યાજને રિવર્સ રેપો રેટ કહેવાય છે. રિઝર્વ બૅંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ રેપો રેટમાં પચીસ બેઝિસ પોઈન્ટ એટલે કે પા ટકાનો કાપ મૂકીને ૬.૨૫ ટકા કરી દીધો તેના કારણે બૅંકોને રિઝર્વ બૅંક પાસેથી લોન સસ્તી મળશે તેથી ગ્રાહકોને પણ સસ્તી લોન આપી શકશે.

બૅંકો જે લોન આપે છે એ ફિક્સ્ડ રેટની લોન અને ફ્લોટર રેટની લોન એમ બે પ્રકારની હોય છે. ફિક્સ્ડ રેટ લોનમાં લોન પરનો વ્યાજદર શરૂઆતથી અંત સુધી સમાન રહે છે. રેપો રેટમાં ફેરફારથી કોઈ ફરક પડતો નથી પણ અત્યારે મોટા ભાગનાં લોકો ફ્લોટર રેટ લોન પસંદ કરે છે કે જેથી વ્યાજદરના ઘટાડાનો લાભ મળે. ફ્લોટર રેટ લોનમાં રેપો રેટમાં ફેરફાર લોનના વ્યાજદરને અસર કરે છે અને રેપો રેટ ઘટે એ સાથે ફ્લોટર વ્યાજદરે લીધેલી લોનનો હપ્તો પણ ઘટે છે.

આપણી રિઝર્વ બૅંકે સતત વ્યાજ દર વધારવા પડેલા કેમ કે અમેરિકાની મધ્યસ્થ બૅંક ફેડરલ રિઝર્વ વ્યાજદર વધારતી હતી. લાંબા સાથે ટૂંકો જાય ને મરે નહીં તો માંદો થાય એ હિસાબે દુનિયાની બધી મધ્યસ્થ બૅંકે વ્યાજ દર વધારવા પડેલા. આપણી રિઝર્વ બૅંકનો પણ છૂટકો નહોતો એટલે ગ્રાહકો પરનો બોજ વધી ગયેલો પણ હવે રિઝર્વ બૅંકે રેપો રેટ ઘટાડ્યા છે ત્યારે ખરેખર તો લોનના વ્યાજ દર ઘટવા જોઈએ પણ પણ તેનો બધો આધાર બૅંકો પર છે. ભારતમાં બૅંકોની માનસિકતા વિચિત્ર છે. વધારો કરવાનો આવે ત્યારે તેમને શૂરાતન ચડી જાય છે પણ ઘટાડો કરવાનો આવે ત્યારે પેટમાં ચૂંક આવે છે.

આપણે ત્યાં બૅંકોની માનસિકતા લોકોને લૂંટીને પોતાનાં ઘર ભરવાની છે. બૅંકો લોકોને ચૂસી લેવામાં જ માને છે ને બૅંકમાં બેઠેલા લોકોની માનસિકતા પોતાને મળતો ફાયદો સામાન્ય લોકો લગી નહીં પહોંચાડવાની છે. આ કારણે રિઝર્વ બૅંક રેપો રેટ ઘટાડે તો પણ બૅંકો વ્યાજ નથી ઘટાડતી એવો આપણો ભૂતકાળનો અનુભવ છે. મલ્હોત્રા પહેલાંના રિઝર્વ બૅંકના ગવર્નર શક્તિકાન્ત દાસ ગવર્નર બન્યા એ પછી સળંગ તેમણે રેપો રેટ ઘટાડ્યા હતા ને રેપો રેટને ચાર ટકા પર લાવી દીધેલો છતાં આપણે ત્યાં હોમ લોનનો વ્યાજ દર કદી સાડા છ ટકાથી નીચે ના આવ્યો.

બૅંકોના હોમ લોન ને બીજી લોનના વ્યાજદર એના એ જ રહ્યા હતા પણ જેવો રેપો રેટમાં વધારો થયો કે તરત ધડાધડ વ્યાજ દર વધવા માંડ્યા. ૬.૫ ટકા રેપો રેટ હોત તો હોમ લોનના વ્યાજદર બહુ બહુ તો આઠ ટકાની આસપાસ હોવા જોઈએ પણ તેના બદલે બધી બૅંકો સાડા નવથી દસ ટકાના વ્યાજે જ હોમ લોન આપે છે. હોમ લોન સૌથી સસ્તી છે તેથી તેની વાત કરી. બાકી બીજી બધી લોનના વ્યાજદર તો તેના કરતાં અનેક ગણા વધારે છે. આ માનસિકતા બધી બૅંકોની છે ને બધી બૅંકો ગ્રાહકોને ખંખેરવામાં સંપી ગયેલી છે તેથી કોઈ બૅંક વ્યાજ ઘટાડતી જ નથી.

આશા રાખીએ કે આ વખતે ઘટાડાનો લાભ સામાન્ય લોકોને મળે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), શનિવાર, તા. ૮-૨-૨૦૨૫,
જયા એકાદશી, ભદ્રા

- ભારતીય દિનાંક ૧૯, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ - ૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ- ૧૧
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૦મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર મૃગશીર્ષ સાંજે ક. ૧૮-૦૬ સુધી, પછી આર્દ્રા.
- ચંદ્ર વૃષભમાં સવારે ક. ૦૬-૨૦ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૮, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૭-૪૧, રાત્રે ક. ૨૧-૫૯
- ઓટઃ બપોરે ક. ૧૪-૪૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૩ (તા. ૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ શુક્લ - એકાદશી. જયા એકાદશી (શેરડી), ભદ્રા સવારે ક. ૦૮-૪૮ થી ૨૦-૧૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શનિ-ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ પાઠ, શ્રી વિષ્ણુલક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્, શ્રીસુક્ત, પુરુસુક્ત અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન, તુલસીપૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, હજામત, પર્વપૂજા નિમિત્તે નવા વાસણ, આભૂષણ, નિત્ય થતાં પશુ લે-વેંચ, દુકાન-વેપાર, સ્થાવર લેવડદેવડના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ અનીતિમાન વાળા, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ નિષ્ફળતાનો ભય રહે. ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ ઉત્તરે ૨૮ અંશ ૨૬ કળાના અંતરે રહે છે. ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ ઉત્તરે ૫ અંશ ૯ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# પ. બંગાળમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટઃ ત્રણ મહિલા સહિત ચારનાં મોત

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં શુક્રવારે ફટાકડાનું ઉત્પાદન કરતી ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં ત્રણ મહિલા સહિત ચારનાં મોત થયાં હોવાનું પોલીસે કહ્યું હતું.

કલ્યાણીના ભરચક રાથતાલા નિવાસી વિસ્તારમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં થયેલાં વિસ્ફોટમાં અન્ય એક મહિલા ઘાયલ થઈ હતી અને તેની હાલત ગંભીર હોવાનું તેમણે કહ્યું હતું.

વિસ્ફોટના સ્થળેથી ચાર જણને ઉગારી લેવામાં આવ્યા હતા, પરંતુ સારવારાર્થે તેમને નિકટની હોસ્પિટલમાં લઈ જવામાં આવતાં ફરજ પરના સ્ટાફે તેમને મૃત જાહેર કર્યા હોવાનું તેમણે કહ્યું હતું. મૃતકો અને ઈજાગ્રસ્તોની ઓળખ કરવાના તેમ જ તેઓ ફેક્ટરીમાં કામ કરતા હતા કે નહીં તેની ખાતરી કરવાના અમે પ્રયાસ કરી રહ્યા છીએ એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વિસ્ફોટનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ફારેન્સીક નિષ્ણાતોની ટુકડી પણ ઘટનાસ્થળે પહોંચી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે વિસ્ફોટને કારણે લાગેલી આગને એકદોઢ કલાકમાં કાબૂમાં લઈ લેવામાં આવી હતી. ઘટનાને મામલે વધુ તપાસ ચાલી રહી છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# મસ્કના ડિપાર્ટમેન્ટ સામે કેસ કરવાની અનેક રાજ્યની તૈયારી

## અમેરિકાની સંવેદનશીલ ગુપ્ત માહિતી મેળવતું હોવાનો આક્ષેપ

વૉશિંગ્ટનઃ અમેરિકાનાં અનેક રાજ્યના ડેમોક્રેટિક એટર્ની જનરલે ઇલોન મસ્કનો 'ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિશિયન્સી' અમેરિકાના સરકારી કર્મચારીઓની સંવેદનશીલ ગુપ્ત માહિતી સહિતની ફેડરલ પેમેન્ટ સિસ્ટમ્સની જાણકારી મેળવતું હોવાનો અને રાજ્યોના સરકારી કામકાજમાં બિનજરૂરી દખલગીરી કરતું હોવાનો આક્ષેપ કરીને તેની સામે કેસ કરવાની તૈયારી કરી હતી.

ન્યૂ યોર્કના લેટિવિયા જેમ્સ સહિતના અંદાજે ડઝન રાજ્યના એટર્ની જનરલે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે અમે બંધારણ, ગુપ્તતા જાળવવાના અધિકાર અને જરૂરી ભંડોળને લગતી ગુપ્ત માહિતીની સલામતી માટે 'ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિશિયન્સી' સામે કેસ કરવાનો નિર્ણય લીધો છે.

વિવિધ રાજ્યોના એટર્ની જનરલે નિવેદનમાં જણાવ્યું હતું કે 'ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિશિયન્સી'ના વડા ઇલોન મસ્ક દુનિયાની સૌથી વધુ શ્રીમંત વ્યક્તિ છે, પરંતુ કોઇ પણ કાયદાથી ઉપર એટલે કે મોટા નથી.

તેઓએ દાવો કર્યો હતો કે અમેરિકાના પ્રમુખ પણ અમારી ખાનગી માહિતી પોતાની મરજી મુજબ અન્ય કોઇને આપવાની સત્તા નથી ધરાવતા અને તેઓ કૉંગ્રેસે મંજૂર કરેલા ફેડરલ પેમેન્ટ્સમાં કાપ મૂકી ન શકે.

સરકારના અમુક અધિકારી અને કર્મચારીઓના સંગઠનો સરકારી કર્મચારીઓના પગારમાં કાપ મૂકવાના નિર્ણયમાં 'ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિશિયન્સી'ની દખલગીરીનો વિરોધ કરી રહ્યા છે. (એજન્સી)

# પૂંચમાં એલઓસી પાસે ભારતીય સેના સાથેના ઍન્કાઉન્ટરમાં ચાર પાક કમાન્ડો સહિત ૧૦ આતંકવાદી ઠાર

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ ભારતીય સેનાએ પૂંચ સેક્ટરમાં એલઓસી પાસે પાક સેનાની બૉર્ડર એક્શન ટીમ અર્થાત 'બૅટ' ટુકડી દ્વારા કરવામાં આવેલા હુમલાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો અને એ કાર્યવાહી દરમિયાન ચાર પાક કમાન્ડો સહિત ૧૦ આતંકવાદીને ઠાર માર્યા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર ભારતીય સેનાએ ચાર અને પાંચ ફેબ્રુઆરીની રાત્રે એલઓસી પાસે આવેલી ભારતીય ચોકી પર પાકિસ્તાની ઘૂસણખોરો દ્વારા કરવામાં આવેલા હુમલાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આ ઍન્કાઉન્ટરમાં ઠાર મરાયેલા દસ જણમાં પાક સેનાના ચાર નિયમિત કમાન્ડો પણ હતા.

પાકિસ્તાને તેના ભારતવિરોધી એજન્ડાને આગળ વધારવા કાશ્મીર એકજૂટતા દિવસની ઉજવણી કરી તે સમયે આ ઘટના જમ્મુ-કાશ્મીરના પૂંચ જિલ્લાના કૃષ્ણા ઘાટી સેક્ટરમાં બની હતી. ભારતીય સેનાએ પાકિસ્તાનની બૉર્ડર એક્શન ટીમ 'બૅટ' પર હુમલો કર્યો ત્યારે આ ટીમ ભારતની એક અગ્રણી ચોકી પર હુમલો કરવાની કૈશીશ કરી રહી હતી.

પહેલા પાનાનું ચાલુ

### રિઝર્વ બૅન્કે

પ્રાઇસ ઇન્ડેક્સ આધારિત ફુગાવાનો દર થોડો વધવાની ભીતિ છે.

બૅન્કો અને બૅન્ક સિવાયની નાણાકીય સંસ્થાઓની સાયબર સિક્યોરિટી વધારવા માટે બૅન્કોને ઇન્ટરનેટ ડોમેન નેમ "bank.in'ની અને નોન-બૅન્કિંગ ફાઇનાન્શિયલ કંપનીઓને ઇન્ટરનેટ ડોમેન નેમ "fin.in' અપાશે.

બૅન્કોના ઇન્ટરનેટ ડોમેન નેમ "bank.in'ની નોંધણી (રજિસ્ટ્રેશન) ચાલુ વર્ષના એપ્રિલથી શરૂ કરાશે, જ્યારે બાદમાં નોન-બૅન્કિંગ નાણાકીય સંસ્થાઓના ઇન્ટરનેટ ડોમેન નેમ "fin.in'ની નોંધણી કરાશે.

નવા ઇન્ટરનેટ ડોમેન નેમને લીધે ડિજિટલ પેમેન્ટ્સ (ચુકવણી)માં 'ફિશિંગ' અને તેના જેવી અન્ય રીતે થતી છેતરપિંડીની શક્યતા ઘટશે.

ઇન્સ્ટિટ્યૂટ ફોર ડેવલપમેન્ટ ઍન્ડ રિસર્ચ ઇન બૅન્કિંગ ટેક્નોલૉજી બૅન્કો અને નોન-બૅન્કિંગ નાણાકીય સંસ્થાઓના ઇન્ટરનેટ ડોમેન નેમની નોંધણીનું કામ હાથ ધરશે.

મધ્યવર્તી બૅન્કે ડિજિટલ પેમેન્ટ્સની સલામતી માટે 'એડિશનલ ફેક્ટર ઑફ ઑથેન્ટિકેશન' લાવવાનું નક્કી કર્યું હતું અને તે શરૂઆતમાં સ્વદેશમાંની નાણાકીય લેવડ-દેવડ (ટ્રાન્ઝેક્શન) માટે જ રહેશે.

આ ઉપરાંત, દેશમાં જ અપાયેલા (ડેબિટ કે ક્રેડિટ) કાર્ડ વાપરીને 'ઓનલાઇન ઇન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન્સ' કરવામાં 'ઇન્ટરનેશનલ કાર્ડ નોટ પ્રેઝન્ટ (ઓનલાઇન) ટ્રાન્ઝેક્શન્સ' માટે પણ 'એડિશનલ ફેક્ટર ઑફ ઑથેન્ટિકેશન' લાવવાનું નક્કી કરાયું હતું. આ સંબંધમાં પરિપત્રનો મુસદ્દો ટૂંક સમયમાં જાહેર કરાશે.

ચાલુ ખાતાની ખાધ (કરન્ટ અકાઉન્ટ ડેફિસિટ) બહુ નહિ વધવાની આશા રખાઇ છે.

ફુગાવાનો દર નાણાકીય વર્ષ ૨૦૨૫ના ૪.૮ ટકાથી ઘટીને ૨૦૨૬ના નાણાકીય વર્ષમાં ૪.૨ ટકા રહેવાની ધારણા કરાઇ હતી.

દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૩૧ જાન્યુઆરીએ ૬૩૦.૬ અબજ ડૉલર રહી હતી.

રિઝર્વ બૅન્કની આર્થિક નીતિ નક્કી કરતી સમિતિની આગામી બેઠક સાતથી નવ એપ્રિલ સુધી મળશે. (એજન્સી)

### દિલ્હીમાં આજે

પોલમાં ભાજપ સત્તા પર આવવાની આગાહી કરાઇ હતી. ભાજપને બહુમતી માટે જરૂરી ૩૬ બેઠકથી વધુ મળવાની શક્યતા વ્યક્ત કરાઇ હતી.

આમ છતાં, આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ રાયે શુક્રવારે દાવો કર્યો હતો કે અમારો પક્ષ વિધાનસભાની ૭૦ બેઠકમાંથી પચાસ કરતાં વધારે બેઠક જીતીને ફરી સત્તા પર આવશે.

'આપ'ના રાષ્ટ્રીય સ્તરના કન્વીનર અરવિંદ કેજરીવાલે પણ પોતાનો પક્ષ સત્તા પર આવવાની હેટ-ટ્રિક કરે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

દિલ્હીમાં પાંચ ફેબ્રુઆરી, બુધવારે યોજાયેલી ચૂંટણીમાં ૬૦ ટકા મતદાન થયું હતું.

મોટા ભાગના એક્ઝિટ પોલ મુજબ આમ આદમી પાર્ટી દિલ્હીમાં સત્તા મેળવવાની હેટ-ટ્રિક કરવામાં નિષ્ફળ જશે. ચાણક્યના એક્ઝિટ પોલ મુજબ ભાજપને ૩૯થી ૪૪ બેઠક મળવાની, 'આપ'ને પચીસથી ૨૮, કૉંગ્રેસને બે કે ત્રણ બેઠક મળવાની, જેવીસીના મત મુજબ ભાજપને ૩૯થી ૪૫ અને 'આપ'ને ૨૨થી ૩૧, પી. માર્કની આગાહી મુજબ ભાજપને ૩૯થી ૪૯ અને 'આપ'ને ૨૧થી ૩૧, પિપલ્સ ઇન્સાઇટના એક્ઝિટ પોલ મુજબ ભાજપને ૪૦થી ૪૪ અને 'આપ'ને પચીસથી ૨૯ બેઠક મળશે. માર્ટિઝની ધારણા મુજબ ભાજપને ૩૫થી ૪૦ મળશે. પાંચ ફેબ્રુઆરીએ થયેલા મતદાન દરમિયાન કોઇ મોટી અનિચ્છનીય ઘટના નહોતી બની.

અહીં મુખ્ય સ્પર્ધા આમ આદમી પાર્ટી (આપ) અને ભાજપની વચ્ચે છે અને ત્રીજો મુખ્ય પક્ષ કૉંગ્રેસ છે. દિલ્હીમાં મતદાન પાંચ ફેબ્રુઆરીએ સવારે સાત વાગ્યે શરૂ થયું હતું અને સાંજે સાડાછ વાગ્યે પૂરું થયું હતું. ૧.૫૬ કરોડ મતદારે બુધવારે ઉમેદવારોનું ભાવિ નક્કી કર્યું હતું. દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે ૧૩,૭૬૬ મતદાન કેન્દ્ર પર કુલ ૮૬.૭૬ લાખ પુરુષ, ૭૨.૩૬ લાખ મહિલા અને ૧,૨૬૭ વ્યંઢળ મતદાર હતા.

મતદાન વખતે સલામતી વ્યવસ્થા જાળવવા માટે અર્ધલશ્કરી દળની ૨૨૦ ટુકડી ઉપરાંત ૧૯,૦૦૦ હોમ ગાર્ડ, ૩૫,૬૨૬ પોલીસ ગોઠવાઇ હતી.

દિલ્હીની 'આપ' સરકારની દારૂ પરની આબકારી જકાત નીતિના કહેવાતા કૌભાંડની અસર મતદાન પર થઇ હોવાનો દાવો ભાજપે કર્યો હતો.

દિલ્હીમાં ચૂંટણીપ્રચારના અંતિમ દિવસે દરેક પક્ષે પ્રચારમાં જોર લગાવ્યું હતું. ભાજપે બાવીસ રોડ શો અને રેલી યોજી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ, આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ સહિતના અનેક અગ્રણી નેતાએ અહીં જાહેરસભા સંબોધી હતી.

દિલ્હીમાં છેલ્લાં બે વખતથી આમ આદમી પાર્ટીની સરકાર સત્તા પર આવે છે. તેની પહેલાં શીલા દીક્ષિતના નેતૃત્વ હેઠળની કૉંગ્રેસની સરકારે ૧૫ વર્ષ શાસન કર્યું હતું. ભાજપ છેલ્લાં ૨૭ વર્ષથી દિલ્હીમાં સત્તા પર નથી આવ્યો.

ચૂંટણીપ્રચારમાં દરેક પક્ષે મતદારોને આકર્ષવા માટે અનેક લલચામણી જાહેરાત કરી હતી અને પોતાના હરીફ રાજકીય પક્ષો તેમ જ તેના નેતાઓ પર વિવિધ આક્ષેપ કર્યા હતા. (એજન્સી)

### મહારાષ્ટ્રમાં પાંચ

મતદારોની કુલ સંખ્યા હિમાચલ પ્રદેશ જેવા રાજ્યની વસ્તી બરોબર છે અને ચૂંટણી પંચને તેમને મતદારોની યાદી પૂરી પાડવા અને આ મુદ્દા પર સ્પષ્ટતા કરવા વિનંતી કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે મતદાર યાદીમાં ઉમેરવામાં આવેલા મોટાભાગના મતદારો ભાજપના પક્ષમાં ગયા છે કારણ કે વિપક્ષી પક્ષોએ વિધાનસભા ચૂંટણીમાં તેમનો મત હિસ્સો જાળવી રાખ્યો છે. એનસીપી-એસએસના સુપ્રિયા સુલે અને શિવસેનાના સંજય રાઉતની સાથે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે સરકારી આંકડાઓ અનુસાર, મહારાષ્ટ્રની પુખ્ત વસ્તી ૯.૫૪ કરોડ છે જ્યારે રાજ્યના મતદારોની કુલ સંખ્યા ૯.૭ કરોડ છે. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે મહારાષ્ટ્રમાં રાજ્યની કુલ પુખ્ત વસ્તી કરતાં વધુ મતદારો છે. તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણી પછીના પાંચ મહિનામાં મહારાષ્ટ્રમાં ૩૯ લાખ મતદારો ઉમેરાયા હતા, જ્યારે ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન રાજ્યમાં ૩૨ લાખ મતદારો ઉમેરાયા હતા.

તેમણે કહ્યું કે જો ચૂંટણી પંચ મહારાષ્ટ્રમાં વિધાનસભા અને લોકસભા ચૂંટણીની મતદાર યાદીઓ પૂરી પાડશે નહીં તો તે એક ગંભીર પ્રશ્ન ઊભો કરે છે.''આપણે હવે બંધારણના સંપૂર્ણ વિનાશ તરફ આગળ વધી રહ્યા છીએ, પરંતુ અમે બંધારણનું રક્ષણ કરવા માગીએ છીએ. અમે હવે ન્યાયતંત્રના દરવાજા ખટખટાવીશું.''

રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ''મારા માટે આશ્ચર્યજનક છે કે ચૂંટણી પંચ અમને મતદાર યાદીઓ આપવા તૈયાર નથી અને તેનું એકમાત્ર કારણ એ હોઇ શકે છે કે કંઈક ખોટું છે અને તેઓ તે જાણે છે. રાઉતે કહ્યું, ''જો ચૂંટણી પંચ જીવિત છે અને મર્યું નથી તો તેણે રાહુલ ગાંધી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવા જોઈએ. નહીં તો એવું માનવામાં આવશે કે ચૂંટણી પંચ સરકારની ગુલામ છે.'' તેમણે ઉમેર્યું કે ચૂંટણી પંચે પારદર્શિતા લાવવી જોઈએ.

#### ચૂંટણી પંચે કહ્યું: 'તથ્યો સાથે જવાબ આપીશું'

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે શુક્રવારે કહ્યું હતું કે તે મહારાષ્ટ્રમાં મતદાતાઓની સંખ્યા રાજ્યની કુલ વસ્તીથી વધુ હોવાના સંબંધમાં કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીના આરોપો પર સંપૂર્ણ તથ્યો સાથે લેખિતમાં જવાબ આપશે. રાહુલ ગાંધીએ અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં આરોપો લગાવ્યા પછી તરત જ ચૂંટણી પંચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, ''ભારતીય ચૂંટણી પંચ રાજકીય પક્ષોને પ્રાથમિકતા ધરાવતા હિસ્સેદારો તરીકે ગણે છે. અલબત્ત મતદારો સર્વોપરી છે અને રાજકીય પક્ષો તરફથી આવતાં મંતવ્યો, સૂચનો, પ્રશ્નોને ખૂબ મહત્ત્વ આપે છે.''

રાહુલ ગાંધીનું નામ લીધા વિના કે તેમના આરોપોનો ઉલ્લેખ કર્યા વિના ચૂંટણી પંચે કહ્યું હતું કે ''ચૂંટણી પંચ એ તમામ તથ્યપૂર્ણ અને પ્રક્રિયાગત પ્રક્રિયાનું પાલન કરતા લેખિતમાં જવાબ આપશે જેને સમગ્ર દેશમાં સમાન રીતે અપનાવવામાં આવી છે.''

કૉંગ્રેસના નેતાએ દાવો કર્યો હતો કે સરકારી આંકડા મુજબ મહારાષ્ટ્રની પુખ્ત વસ્તી ૯.૫૪ કરોડ છે, જ્યારે રાજ્યમાં ૯.૭ કરોડ મતદારો છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે મહારાષ્ટ્રમાં રાજ્યની કુલ વસ્તી કરતાં વધુ મતદારો છે.

ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે લોકસભા ચૂંટણી પછીના પાંચ મહિનામાં મહારાષ્ટ્રમાં ૩૯ લાખ મતદારો ઉમેરાયા હતા, જ્યારે છેલ્લાં પાંચ વર્ષમાં ૩૨ લાખ મતદારો ઉમેરાયા છે.

### નવી મુંબઈમાં

માટે મોકલવામાં આવેલા પેકેજમાં ૨૦૦ ગ્રામ કોકેન પકડ્યું હતું અને ડ્રગ્સનું મૂળ છેક નવી મુંબઇમાં શોધી કાઢ્યું હતું.

ત્યાર બાદ એનસીબીએ ગયા અઠવાડિયે નવી મુંબઇમાં દરોડો પાડ્યો હતો અને સ્થળ પરથી પ્રીમિયમ

ગ્રેડ કોકેન અને અન્ય ડ્રગ્સ જપ્ત કર્યાં હતા, જેની બજાર કિંમત આશરે ૨૦૦ કરોડ રૂપિયા જેટલી થાય છે.

અમેરિકા, ઑસ્ટ્રેલિયા અને ભારત સુધી ફેલાયેલા આ ડ્રગ્સ રેકેટમાં ચાર વ્યક્તિની ધરપકડ પણ કરવામાં આવી હતી. આ લોકો વાતચીતમાં અને ડ્રગ્સના વ્યવહારમાં સાંકેતિક નામો અને ભાષાનો ઉપયોગ કરતા હતા.

#### મુંબઈમાં ડ્રગ કાર્ટલનો પર્દાફાશ કરવા બદલ અમિત શાહે એનસીબીની પ્રશંસા કરી

નવી દિલ્હીઃ મુંબઈમાં ડ્રગ કાર્ટલનો પર્દાફાશ કરવા બદલ અમિત શાહે શુક્રવારે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી)ની પ્રશંસા કરી હતી. ડ્રગ કાર્ટલનો પર્દાફાશ કરી એનસીબીએ ઉચ્ચ ગુણવત્તા ધરાવતું રૂ. ૨૦૦ કરોડનું ડ્રગ્સ કોકેઈન જપ્ત કર્યું હતું અને ચાર વ્યક્તિની ધરપકડ કરી હતી એમ જણાવતાં અમિત શાહે કહ્યું હતું કે શૂન્ય સહિષ્ણુતા સાથે ભારત ડ્રગ કાર્ટલને કચડી નાખે છે.

એનસીબી મુંબઈ ઝોનના અધિકારીઓના જણાવ્યા અનુસાર વિદેશસ્થિત એક જૂથ આ સિંડિકેટનું સંચાલન કરતું હતું. જપ્ત કરવામાં આવેલા ડ્રગ્સમાંથી અમુક ડ્રગ્સ કુરિયર, નાની કાર્ગો સેવા કે હ્યુમન કૅરિયર મારફતે અમેરિકાથી ભારત લાવવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માર્કેટમાં આનું મૂલ્ય અંદાજે રૂ. ૨૦૦ કરોડ જેટલું હોવાનું તેમણે કહ્યું હતું.

દેશને ડ્રગ્સમુક્ત કરવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સપનાને સાકાર કરવાના ભાગરૂપ આ અભિગમ અપનાવવામાં આવ્યો હોવાનું જણાવી અમિત શાહે એનસીબીની ટીમને અભિનંદન આપ્યા હતા. (એજન્સી)

### સાવધાનઃ મુંબઈમાં

વર્ષની મહિલાને જીબીએસનો ચેપ લાગ્યો હોવાનો અને હાલ તે અંધેરીની સેવન હિલ હૉસ્પિટલ આઈસીયુમાં સારવાર હેઠળ હોવાનું જણાવ્યું હતું.

પાલિકાના આરોગ્ય ખાતાના જણાવ્યા મુજબ અંધેરી (પૂર્વ)માં રહેતી મહિલાને તાવ અને જુલાબની તકલીફ થયા બાદ લકવો થયો હોવાથી તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. દર્દીની વધુ વિગતો અને રિપોર્ટની રાહ જોવામાં

આવી રહી છે.જીબીએસ એક દુર્લભ રોગ છે, જેમાં વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ પેરિફરલ નર્વ પર હુમલો કરે છે, જેને પરિણામે સ્નાયુઓમાં નબળાઈ આવે છે. પગ અથવા હાથ સંવેદના ગુમાવે છે. તેમને ગળામાં તકલીફ થવાની સાથે જ શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

આ દરમ્યાન પુણે જિલ્લામાં શંકાસ્પદ જીબીએસથી અત્યાર સુધી છનાં મૃત્યુ થઈ ચૂક્યા છે, જ્યારે શંકાસ્પદ કેસની સંખ્યા ૧૭૩ સુધી પહોંચી ગઈ છે. આમાંથી ૧૪૦ દર્દીઓમાં આ રોગનું નિદાન થયું છે અને એક મૃત્યુ જીબીએસથી થયું હોવાનું સ્પષ્ટ થયું છે.

રાજ્યના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ આજ સુધીમાં જીબીએસના ૧૭૩ શંકાસ્પદ કેસ મળી આવ્યા છે, તેમાંથી ૧૪૦ દર્દીઓમાં જીબીએસનાં લક્ષણો હોવાનું નિદાન થયું છે. કુલ છ મૃત્યુ થયા છે, તેમાંથી એકનું મૃત્યુ જીબીએસથી થયું હોવાનું સ્પષ્ટ થયું છે. પાંચ મૃત્યુ શંકાસ્પદ છે.

# મુંબઈગરાને મળશે વધારાનું પાણી

## પિસેમાં બંધની ઊંચાઈ વધારાશે અને નવું પંપિંગ સ્ટેશન ઊભું કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈને પાણી પૂરું પાડનારા ભાતસા બંધમાંથી છોડવામાં આવતા પાણીને પિસે પાસે વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં લાવીને અહીંથી મુંબઈમાં પાણીનું વિતરણ કરવામાં આવે છે, ત્યારે પાલિકાએ હવે પિસેમાં જ્યાં પાણીનો સંગ્રહ કરવામાં આવે છે ત્યાં બંધની ઊંચાઈ વધારવા માટે બાંધકામ કરવાનો નિર્ણય લીધો છે, તેને કારણે પીસેમાં પાણીનો સંગ્રહ વધશે અને મુંબઈગરાને વધુ પાણી પૂરું પાડી શકાશે એવો દાવો પાલિકાના પાણીપુરવઠા વિભાગે કર્યો છે.

પાણીપુરવઠા વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ પિસેમાં રહેલા વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ (જળશુદ્ધિકરણ કેન્દ્ર)માં ભાતસાથી આવેલા પાણીનો સંગ્રહ કરવામાં આવે છે અને ત્યારબાદ તેના પર પ્રક્રિયા કરીને તેને શુદ્ધ કરીને મુંબઈને પાણી પુરવઠો કરવામાં આવે છે. પિસેમાં જ્યાં પાણીનો સંગ્રહ કરવામાં આવે છે તેની ક્ષમતા વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પિસેના બંધની ઊંચાઈ વધારવાની સાથે જ અહીં નવું ૪૫૫ મિલ્યન લિટર ક્ષમતાનું નવું પંપિંગ સ્ટેશન પણ બાંધવમાં આવશે અને તેને કારણે ભાતસામાંથી વધારાનું પાણી ઊંચકવામાં મદદ મળશે. ભવિષ્યમાં તેને કારણે મુંબઈના પાણીપુરવઠામાં વધારો થઈ શકશે.

મુંબઈને હાલ પ્રતિદિન ૩,૮૫૦ મિલ્યન લિટર પાણીપુરવઠો કરવામાં આવે છે, તેમાંથી ભાતસા બંધમાંથી પાલિકા ૨,૧૨૦ મિલ્યન લિટર પાણી ઉપાડે છે. ભાતસા નદીમાંથી આ પાણી પિસે ગામ સુધી નદી મારફત આવે છે અને આ નદી પર બંધ બાંધવામાં આવ્યો છે. આ બંધમાંથી પંપિંગ કરીને પાણી પુરવઠો કરવામાં આવે છે. આ બંધની શરૂઆતમાં ૩૧ મીટર ટી.એચ.ટી સ્તર સુધી પાણી સંગ્રહ કરવાની ક્ષમતા હતી. ત્યારબાદ તેનું સ્તર વધારવા માટે બંધના માધ્યમથી રબરના બલૂન બેસાડીને પાણીનો સ્ટોક કરવાની ક્ષમતા ત્રણ મીટરથી વધારવામાં આવી છે. આ બંધ અને રબરના બલૂનની દેખરેખ અને સમારકામમાં અનેક ટેક્નિકલ અડચણ આવતી હોય છે અને ચોમાસા દરમિયાન પાણી વહી જતું હોવાથી બંધનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરીને નવું બાંધકામ કરવાની સલાહ કન્સલ્ટન્ટે આપી હતી.

તેથી પાલિકાએ હવે આ બંધનું નવેસરથી બાંધકામ કરીને તેની ક્ષમતા વધારવાનો નિર્ણય લીધો છે. એ સાથે જ પંપિંગ સ્ટેશન પણ બાંધવામાં આવશે. આ બંધના સમારકામ દરમ્યાન પાણીપુરવઠાને અસર થાય નહીં તે માટે હાલ અસ્તિત્વોમાં રહેલા બંધની નીચેની બાજુમાં નવો બંધ બંધીને તેના પર નવા દરવાજા બેસાડવામાં આવવાના છે. ■

# વાઢવણ બંદર પાસે વધુ એક મુંબઈ વસાવવાની યોજના

મુંબઈ: દેશના સૌથી મોટા બંદર સાબિત થનારા વાઢવણ પાસે વધુ એક શહેર વસાવવાની યોજના છે. બંદરને કારણે વિકાસની સંભાવના ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ૧૩ ગામમાં ૩૩.૮૮ ચોરસ કીલોમીટર જમીન વિસ્તારમાં વિકાસ કેન્દ્ર તૈયાર કરવાનો નિર્ણય લીધો છે. જો કે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી)એ હવે ૧૦૭ ગામના ૫૧૨ ચોરસ કિલોમીટર વિસ્તારને વિકાસ કેન્દ્રમાં સમાવવાની દરખાસ્ત તૈયાર કરી છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળી જાય તો મુંબઈ અને નવી મુંબઈ પછી વધુ એક 'મુંબઈ' વાઢવણ પાસે જ તૈયાર થઈ શકે છે.

એમ.એસ.આર.ડી.સી. મુંબઈ એરપોર્ટ પર ૩૮૮ કિલોમીટર લાંબા કોંકણ એક્સપ્રેસવે અને ૪૯૮ કિલોમીટર લાંબા રેવસ - રેડી કોસ્ટલ રોડ તૈયાર કરશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૧૦૫ ગામમાં ૪૪૯.૩ ચોરસ કિ.મી. ક્ષેત્રમાં ૧૩ વિકાસ કેન્દ્ર હશે. આ વિકાસ કેન્દ્રોમાં વાઢવણ વિકાસ કેન્દ્રનો પણ સમાવેશ થાય છે.

એમ.એસ.આર.ડી.સી.ના સૂત્રોએ જણાવ્યું હતું કે દરખાસ્તની મંજૂરીની રાહ જોવાઇ રહી છે. ■

વિલેપાર્લે (ઈસ્ટ)
પ્રીમિયમ - મોકાની જગ્યા
સ્ટેશન સામે, અગ્રવાલ માર્કેટમાં,
બીજા માળે,
સિંગલ તથા જોડી ઓપશન
ફલેટ/ઓફિસ વેચાણ થી.
તથા દુકાન પણ ઉપલબ્ધ છે.
વધુ માહિતી માટે સંપર્ક:
+91 77770 65380
+91 98699 58140




### મહારાષ્ટ્રમાં મતદારયાદીમાં ઘાલમેલના આક્ષેપો:

# દિલ્હીમાં પરાજય નિશ્ચિત હોવાથી રાહુલ પોકળ દાવા કરી રહ્યા છે: ફડણવીસ

નાગપુર: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કૉંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીના રાજ્યની મતદારયાદીમાં ગેરરીતિ થઈ હોવાના આરોપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પરાજય સામે દેખાતો હોવાથી આવા દાવા કરવામાં આવી રહ્યા છે. નાગપુરમાં પત્રકારો સાથે વાત કરતાં ભાજપના સિનિયર નેતા અને રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે લોકસભામાં વિપક્ષી નેતાએ આત્મચિંતન કરવાની આવશ્યકતા છે અન્યથા કૉંગ્રેસનું પુનરાગમન શક્ય નથી.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં મોટો પરાજય થવાના સંકેત મળી ગયા હોવાથી રાહુલ ગાંધી અત્યારે બચાવ કરવા માટે આડશ ગોતી રહ્યા છે, એમ તેમણે નાગપુરમાં કહ્યું હતું. ત્રણ વિપક્ષી પાર્ટી દ્વારા કરવામાં આવેલા મતદારયાદીમાં ગેરરીતિના આક્ષેપોનો જવાબ તેઓ આપી રહ્યા હતા.

દિલ્હી વિધાનસભા ચૂંટણીનાં પરિણામો શનિવારે જાહેર કરવામાં આવશે. કૉંગ્રેસ અને તેના સાથી શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી)એ શુક્રવારે મહારાષ્ટ્રની મતદારયાદીમાં ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો કર્યા હતા. (પીટીઆઈ)■




# સલમાનની હત્યાનું કાવતરું ઘડવાના કેસમાં પકડાયેલા બે આરોપીના જામીન મંજૂર

મુંબઈ: સુપરસ્ટાર સલમાન ખાનની તેના પનવેલ ખાતેના ફાર્મહાઉસ નજીક હત્યા કરવાના બિશ્નોઈ ગૅન્ગના કથિત કાવતરામાં સામેલ બે આરોપીને બૉમ્બે હાઈ કોર્ટે શુક્રવારે જામીન આપ્યા હતા.

જસ્ટિસ એન. આર. બોરકરે ગૌરવ ભાટિયા ઉર્ફે સંદીપ બિશ્નોઈ અને વસ્પી મેહમુદ ખાનની જામીન અરજી મંજૂર કરી હતી. જોકે વિગતવાર આદેશ તાત્કાલિક પ્રાપ્ત થયો નહોતો. નવી મુંબઈ પોલીસે દાવો કર્યો હતો કે ગયા વર્ષે પકડાયેલા આ બે આરોપી સહિત અન્ય આરોપીઓએ સલમાન ખાનના પનવેલના ફાર્મહાઉસની રૅકી કરી હતી. એ સિવાય સલમાનના નિવાસસ્થાન આસપાસના બાન્દ્રા પરિસર અને તેની ફિલ્મના શૂટિંગ લૉકેશનની પણ રૅકી કરવામાં આવી હતી. આ પ્રકરણે નવી મુંબઈ પોલીસે બોલીવુડના સ્ટારની હત્યાનું કાવતરું ઘડવા પ્રકરણે લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગના ૧૮ સભ્ય વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

એપ્રિલ, ૨૦૨૪માં બિશ્નોઈ ગૅન્ગના બે સભ્યએ બાન્દ્રાના ગૅલેક્સી એપાર્ટમેન્ટ બહાર ગોળીબાર પણ કર્યો હતો.

આ કેસમાં ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ, તેના ભાઈ અનમોલ, સંપત નેહરા, ગોલ્ડી બ્રાર અને રોહિત ગોધારાનાં નામ આરોપી તરીકે એફઆઈઆરમાં નોંધવામાં આવ્યાં હતાં, જેમાંથી લૉરેન્સ બિશ્નોઈ હાલમાં અમદાવાદની જેલમાં છે. (પીટીઆઈ)■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

મનન અભ્યાસ મંડળ — જાહેર આમંત્રણ

અધ્યયન વર્ગ મુંબઈ



| વાર /તારીખ | સમય | વિષય | સ્થળ |
|---|---|---|---|
| રવિવાર ૯-૨-૨૫ | સવારે ૮ થી ૯ | શ્રીમદ્ ભગવદ્ગીતા | IES નાબર ગુરૂજી અસેમ્બ્લી હૉલ નં.૨, કિંગ જ્યૉર્જ સ્કુલ ગેટ-૨, સર ભાલચંદ્ર રોડ, હિંદુ કૉલની, દાદર(ઈ) |
| રવિવાર ૯-૨-૨૫ | સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦ | શ્રીમદ્ ભાગવત મહાપુરાણ | શ્રી વલ્લભનિધિ ટ્રસ્ટ, ૧૦ મો રસ્તો, જુહુ સ્કીમ, વિલેપાર્લા-(પશ્ચિમ), મુંબઈ |
| સોમવાર ૧૦-૨-૨૫ | પ્રાત: ૭ થી ૮ | પંચદશી (પ્ર.૧૦) નાટકદીપ | દાસકાકા હૉલ, પાર્લેશ્વર મંદિર રોડ, વિલેપાર્લા-(પૂર્વ). મુંબઈ-૫૭. |
| સોમવાર ૧૦-૨-૨૫ | સાંજે ૬ થી ૭ | પંચદશી (પ્ર.૬) ચિત્રદીપ | કે.ઈ.એસ.ઈન્ટરનેશનલ સ્કૂલ, હેમૂ કલાની ક્રોસ રોડ-૪, કાંદિવલી (પ.), મુંબઈ-૬૭ |
| મંગળવાર ૧૧-૨-૨૫ | પ્રાત: ૭ થી ૮ | શ્રીમદ્ ભગવદ્ગીતા | દાસકાકા હૉલ, પાર્લેશ્વર મંદિર રોડ, વિલેપાર્લા-(પૂર્વ). મુંબઈ-૫૭. |
| મંગળવાર ૧૧-૨-૨૫ | બપોરે ૩.૩૦ થી ૪.૩૦ | ભજગોવિંદમ્ | બ્રાહ્મણ સમાજ હૉલ.જોશી લેન, ઘાટકોપર (પૂર્વ).મુંબઈ-૭૭. |
| બુધવાર ૧૨-૨-૨૫ | પ્રાત: ૭ થી ૮ | યોગવશિષ્ઠ મહારામાયણ | પરમ કેશવ બાગ, નવરોજી લેન, દેરાસર પાસે, ઘાટકોપર-(પશ્ચિમ). |
| બુધવાર ૧૨-૨-૨૫ | સાંજે: ૪.૦૦ થી ૫.૩૦ | શ્રીમદ્ ભગવદ્ગીતા, સંસ્કૃત વર્ગ | પ્રેમપુરી આશ્રમ, બાબુલનાથ, ચૌપાટી, મલબાર હિલ, મુંબઈ- ૪૦૦ ૦૦૭ |

પ્રવક્તા: પરમ પૂજ્ય માતાજી તન્મયાનંદ સરસ્વતી

સંપર્ક: તરુણ ત્રાલસાવાલા: ૯૩૨૦૦૦૬૪૨૩ ● વિજય મહેતા: ૯૮૨૧૦૮૬૧૪૫

# જેજેસી સેન્ટ્રલ બોર્ડ

## જે.જે.સી. સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ

૨૦૧, માથારૂ આર્કેડ, એક્સિઝ બેન્કની ઉપર, ગરવારે પોલિસ્ટરની પાસે, સુભાષ રોડ, વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૫૭.
Mobile No. : 81042 05202 Tel. : 6595 6699 | Telefax : 6697 3038 | Email : educationjainjagruti@gmail.com | Website : jainjagruti.com

JJC CELEBRATING 50 YEARS OF EXCELLENCE — PAST | PRESENT | FUTURE

જૈન જાગૃતિ સેન્ટરની સ્થાપના જુલાઈ – ૧૯૭૫માં થઈ હતી. સેન્ટરની સ્થાપનાના ૫૦મા વર્ષમાં જેજેસીના દરેક સેન્ટરો દ્વારા અનેક જનોપયોગી કાર્યક્રમો, આયોજનો, પ્રોજેક્ટસ જેવા કે, મેગા રકતદાન શિબિર, જીદયાના કાર્યો, લગ્નોત્સુક યુવક–યુવતિ પરિચય મિલન સમારોહનું આયોજન, વગેરે કરવાનું નકકી કરવામાં આવ્યું છે. તદઉપરાંત, બોકસ ક્રિકેટ સ્પર્ધા, થેન્કસ ગિવિંગ મ્યુઝિકલ ઈવેન્ટસ અને વિવિધ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવનાર છે.

આ દિશામાં સહુથી પહેલા પ્રોજેક્ટનું મંગલાચરણ રવિવાર, તા. ૦૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના દિવસે મુંબઈ, ગુજરાત તથા ભારતભરમાં ફલાયેલાં વિવિધ જેજેસી સેન્ટર્સ દ્વારા 'મેગા બ્લડ ડોનેશન શિબિરો'નું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનની જાણકારી આપ સહુકોઈને આપીએ છીએ અને વિનંતિ કરીએ છીએ કે આપ સર્વે આ ઉમદા કાર્યમાં આપનો સાથ–સહકાર આપશો. આપને અનુકૂળ હોય તે બ્લડ ડોનેશન કેમ્પમાં પહોંચી જઈને રકતદાન કરશો તથા આ માનવતાના કાર્યમાં અન્યોને પણ જોડાવા માટે પ્રેરશો. જય જીનેન્દ્ર...ધન્યવાદ...

**'મેગા રકતદાન શિબિર'**
**રવિવાર, તા. ૦૯ ફેબ્રુઆરી–૨૦૨૫ ના રોજ**
**વિવિધ સેન્ટર દ્વારા આયોજનના સ્થળની યાદિ**

Event Sponsered By RAMNIKLAL S. GOSALIA & CO. Chemical & Polymer Distributors since 77 years

| | | | |
|---|---|---|---|
| જેજેસી જુહુ બિચ સાઈડ વિલેપાર્લે<br>એમ. કે. એસ. કોલેજ, ઋતુંભરા કોમ્પલેક્સ, જુહુ. | જેજેસી નોર્થ ઈસ્ટ<br>જેજસી લેડિઝ વિંગ મુંબઈ ઈસ્ટ<br>પારસધામ, ઘાટકોપર, ઈસ્ટ. | જેજેસી નોર્થ વેસ્ટ<br>જેજસી ગોલ્ડન ગારોડિયા<br>કિંડર ગાર્ટન, S.V.D.D. સ્કૂલ હિંગવાલા લેન, ઘાટકોપર, ઈસ્ટ | જેજેસી નવી મુંબઈ, વાશી પામ બીચ<br>એન્કરવાલા સ્કૂલ સેકટર ૧૪, પામબીચ રોડ, સાનપાડા. |
| જેજેસી રોયલ જગડુશા<br>રૂઈયા હોલ, રાષ્ટ્રીય શાળા ડિનર ગ્રાઉન્ડ ઘાટકોપર, ઈસ્ટ. | જેજેસી ભાંડુપ વિક્રોલી<br>શ્રી વ. સ્થા. (મેવાડ) શકિત બિલ્ડિંગ, એલ. બી.એસ. માર્ગ | જેજેસી જેમ જગડુશા<br>જેજેસી અમૃત નગર<br>શ્રી જીરાવાલા દેરાસર દેરાસર લેન, ઘાટકોપર, ઈસ્ટ | જેજેસી માંડવી<br>લેડિઝ વિંગ માંડવી<br>મયૂર બ્લડ બેન્ક, આઝાદ રોડ, માંડવી. |
| જેજેસી પેડર રોડ<br>નવજીવન સોસાયટી હોલ, ગ્રાન્ટ રોડ. | જેજેસી સેટેલાઈટ<br>લેડિઝ વિન્ગ અમદાવાદ<br>સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, આંબાવાડી | જેજેસી મુલુન્ડ<br>દયાનંદ વૈદિક વિદ્યાલય સ્કૂલ દેવીદયાલ રોડ, મુલુન્ડ, વેસ્ટ | જેજેસી ચેમ્બુર<br>મહારાષ્ટ્ર કામગાર કલ્યાણ મંડળ તિલક નગર, પ્યોર ગોલ્ડ બિલ્ડીગ નટરાજ સિનેમા પાસે. |
| જેજેસી શિવાજી પાર્ક<br>જેજેસી લેડિઝ સેન્ટ્રલ મુંબઈ<br>શ્રી વ. સ્થા. જૈન સંઘ, કરસન લધુ હોલ, દાદર, વેસ્ટ | જેજેસી મોરબી<br>લેડિઝ વિન્ગ મોરબી<br>સ્કાય મોલ, સનાલા રોડ. | જેજેસી પંત નગર<br>શ્રી જીરાવાલા દેરાસર ફિટનેસ ફોર એવર, લવન્ડર બાગની બાજુમાં, ઘાટકોપર, (ઈ) | જેજેસી લેડિઝ વિંગ મહેસાણા<br>સિવિક સેન્ટર, ટી. બી. રોડ, મહેસાણા. |
| જેજેસી પનવેલ<br>જૈન સ્થાનક, કાપડ બજાર | જેજેસી વાપી<br>જેજેસી લેડિઝ વિંગ વાપી<br>શ્રી પૂરીબેન પોપટ લખા બ્લડ બેન્ક જૈન દેરાસર સામે, G.I.D.C. | જેજસી જામનગર<br>લેડિઝ વિંગ જામનગર<br>પારસધામ, કેદાર હોસ્પિટલની સામે | જેજેસી જુનાગઢ<br>જેજેસી લેડિઝ વિંગ જુનાગઢ<br>રેડક્રોસ હોલ, આઝાદ રોડ, જુનાગઢ |
| જેજેસી કલાનગરી / લેડિઝ વિંગ<br>જેજસી સયાજીનગરી / લેડિઝ વિંગ<br>ચીચી ટાવર, ઈલોરા પાર્ક, વડોદરા. | જેજેસી એલિસબ્રિજ, ગોતા<br>રેડ ક્રોસ, શતાબ્દિ ભવન, નવરંગપુરા, અમદાવાદ. | જેજેસી સુરેન્દ્રનગર<br>લેડિઝ વિંગ સુરેન્દ્રનગર<br>શ્રી સ. વા. શાળા કોઝવે, જોરાવરનગર. | જેજેસી લેડિઝ વિંગ મુંદ્રા<br>દરજી સમાજ વાડી મુંદ્રા. |
| જેજેસી ભાવનગર<br>લેડિઝ વિંગ ભાવનગર<br>દીપક હોલ, સંસ્કાર મંડળ ચોક | જેજેસી ઉમરગામ<br>UIA ઓફિસ, ઉમરગામ | જેજેસી સુર્ય નગરી, સુરત<br>શ્રી ઓમકારસુરિ આરાધના ભવન પાલ, વર્ધમાન મલ્ટી સ્પે.હોસ્પિટલ, અડાજણ | જેજેસી રાપર<br>વિવિધલક્ષી હોલ, ન્યાય કોર્ટ રોડ.<br><br>જેજેસી ભુજ<br>જેજેસી લેડિઝ વિંગ ભુજ<br>વી. બી. સી. ગામ વાડી, ભુજ. |
| જેજેસી જેતપુર<br>દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ વાડી, કાણકિયા પ્લોટ. | જેજેસી લેડિઝ વિંગ વાંકાનેર<br>દિગંબર જૈન મંદિર વાંકાનેર. | જેજેસી ગોંડલ<br>શ્રી શારદા ઝાટકિયા હોસ્પિટલ, જુના સિમેન્ટ રોડ. | જેજેસી ધ્રાંગધ્રા<br>જેજેસી લેડિઝ વિંગ ધ્રાંગધ્રા<br>સરકારી હોસ્પિટલ, ધ્રાંગધ્રા. |



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## પરમધામમાં રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી પશુચિકિત્સા કેમ્પનું આયોજન

જગતના સમગ્ર જીવોની ખેવના માટે પુરુષાર્થશીલ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી પરમધામના આંગણે નિઃશુલ્ક પશુચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવશે.

જેના અંતર્ગત અબોલ પ્રાણીઓ, જે પોતાની પીડા- વેદનાને વ્યક્ત કરવા અસમર્થ છે, તેમના દર્દની દવા અને સર્જરી કરીને, મહારાષ્ટ્ર સરકારના પશુપાલન વિભાગના સહયોગથી અર્હમ યુવા સેવા ગ્રુપ એવમ ઓલ્વેઝ એનિમલ કેર સેન્ટર દ્વારા પ્રાણીઓના સારવારનું આયોજન કરવામાં આવશે.

આ કેમ્પમાં મુખ્યત્વે શીંગડાનું કેન્સર, પેટમાંથી પ્લાસ્ટિક દૂર કરવા, આંખનું કેન્સર, પૂંછડીનું કેન્સર, પગની નસની સર્જરી, પેટમાંથી પ્લાસ્ટિક દૂર કરવા, હરણિયા, કેનાઇન સેક્સયુઅલી ટ્રાન્સમિટેડ ડિસીઝ, ત્વચા કેન્સર અને ગરદનના ગાંઠની સર્જરી માટે યોજવામાં આવેલ છે.

આ કેમ્પમાં સેવા સંપૂર્ણપણે નિઃશુલ્ક છે, નિષ્ણાંત સર્જનો દ્વારા ઉચ્ચ ગુણવત્તાની શસ્ત્રક્રિયા અને સારવાર, જરૂરિયાતમંદ પ્રાણીઓ માટે ઉત્તમ સુવિધાઓ, કેલ્શિયમયુક્ત મીઠાના મિશ્રણનું મફત વિતરણ અને પ્રાણીઓ માટે ચારાની વ્યવસ્થા, શસ્ત્રક્રિયા પછી જરૂર પડવાથી વધુ સારવાર, પ્રાણીઓ માટે રહેવાની વ્યવસ્થા વગેરે ઉપલબ્ધ રહેશે.

## નિસ્વાર્થ સેવા કરનારાઓને સન્માનિત કરશે શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મુંબઇ છેલ્લાં ૧૧૩ વર્ષથી મુંબઇમાં સમાજ કલ્યાણ માટે કાર્યરત છે. જેમાં અમે વિદ્યાર્થીઓને કેળવણી સહાય, જરૂરિયાતમંદ પરિવારને આર્થિક સહાય, તબીબી સહાય, બ્લડ ડોનેશન કેમ્પ, રમતગમત, ક્રિકેટ, ભગીની સહાય વગેરે સમાજ ઉત્કર્ષના કાર્ય કરી રહ્યા છીએ. આ વર્ષે શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ તા. ૯-૨-૨૫ના રોજ ગોરેગાંવ ખાતે બ્રહ્મ વિષ્ણુ મહેશ ગ્રાઉન્ડમાં સમાજ રત્ન, સમાજ ગૌરવ અને સમાજ વિભૂષણ એવોર્ડ આપવા જઇ રહ્યાં છે.

## ફોરવર્ડ હાઈસ્કૂલ અમરેલીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન

અમરેલીની કમાણી ફોરવર્ડ હાઇસ્કૂલ એ શિક્ષણ ક્ષેત્રની છેલ્લાં ૭૦ વર્ષથી સમગ્ર ગુજરાતમાં અગ્રગણ્ય અને અનોખી શાળા રહી છે. આ શાળામા ભણીને લાખો વિદ્યાર્થીઓએ જુદા જુદા ક્ષેત્રની અંદર કારકિર્દી બનાવી છે અને શાળાનું નામ રોશન કરી રહ્યાં છે.

અનેક ડોકટર, એન્જિનિયર, ઉદ્યોગપતિ, વ્યાપારી, વર્ગ એક બે અધિકારી ધાર્મિક સંતો ઉપરાંત રાજકીય અને સામાજિક ક્ષેત્રે પ્રતિભા આ શાળાઓ ઉત્તમ કેળવણી દ્વારા દેશને આપી છે. આમ જોવા જઇએ તો ફોરવર્ડ હાઇસ્કૂલ રત્નોની ખાણ જેવી છે. આ સ્કૂલમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ પોતાની શાળા પ્રત્યે કૃતજ્ઞતા ભાવ વ્યક્ત કરવા અને શાળાને ફરી ધમધમતી કરવા એકત્ર થઇ રહ્યાં છે. અનેક પૂજનીય ગુરુજનોનું ઋણ ચૂકવવા માટે તેમની સ્મૃતિ તાજી કરવા માટે આ સંમેલન ભરાઇ રહ્યું છે. ડિજિટલ વફતિંફા માધ્યમથી હાલ અંદાજે હજાર જેટલા વિદ્યાર્થીઓ સક્રિય થયા છે. આ સંમેલન અમદાવાદની અંદર યોજાઇ રહ્યું છે અને નવમી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૨.૦૦ કલાકે યોજાનાર સંમેલનની અંદર વિશાળ સંખ્યામાં ફોરવર્ડના વિદ્યાર્થીઓ ઉમટી પડશે તેવું લાગી રહ્યું છે. આ સંમેલનમાં જોડાવા ઇચ્છતા ગામ ગામના વિદ્યાર્થીઓ નીચે મુજબના પૂર્વ ફોરવર્ડ વિદ્યાર્થીના નંબર પર વફતિંફા કરી પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લે તેવો નિર્દેશ આપવામાં આવે છે.

# વેસ્ટર્ન રેલવેમાં શનિવારે રાત્રે ૧૦થી રવિવારે સવારે ૧૧ સુધીનો જમ્બો બ્લોક

મુંબઈઃ વેસ્ટર્ન રેલવેમાં આજે અને કાલે જમ્બો બ્લોક રહેશે. શનિવાર અને રવિવારે રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી સવારે ૧૧:૦૦ વાગ્યા સુધી ગ્રાન્ટ રોડ અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન વચ્ચે અપ અને ડાઉન બંને ફાસ્ટ લાઇન પર ૧૩ કલાક માટે બ્લોક રહેશે.

જમ્બો બ્લોક દરમિયાન, ટ્રેકની તેમજ સિગ્નલિંગ અને ઓવરહેડ સાધનોની જાળવણીનું ધ્યાન રાખવામાં આવશે, પશ્ચિમ રેલ્વેએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ બ્લોકની અસર દૈનિક મુસાફરો અને મુંબઈના સ્થાનિક લોકો પર પડી શકે છે. બ્લોક દરમિયાન, ચર્ચગેટ અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન વચ્ચે બધી અપ અને ડાઉન ફાસ્ટ લાઇન ટ્રેનો ધીમી લાઇન પર ચલાવવામાં આવશે. બ્લોક દરમિયાન કેટલીક ઉપનગરીય ટ્રેનો રદ રહેશે અને કેટલીક ચર્ચગેટ ટ્રેનો બાંદ્રા/દાદર સ્ટેશનથી ટૂંકા ગાળા માટે રદ કરવામાં આવશે.

## મધ્ય રેલવેમાં પણ મેગા બ્લોક

સેન્ટ્રલ રેલવે, મુંબઈ ડિવિઝનમાં ૦૯.૦૨.૨૦૨૫ના રોજ તેના ઉપનગરીય વિભાગો પર વિવિધ એન્જિનિયરિંગ અને જાળવણીના કામો પૂર્ણ કરવા માટે નીચે મુજબ મેગા બ્લોક હશે.

માટુંગા-મુલુંડ અપ અને ડાઉન ફાસ્ટ લાઇન સવારે ૧૧.૩૦ થી બપોરે ૩.૩૦ સુધી.

સીએસએમટીથી સવારે ૧૦.૫૮ થી બપોરે ૩.૧૦ વાગ્યા સુધી ઉપડતી ડાઉન ફાસ્ટ લાઇન સેવાઓને માટુંગા ખાતે ડાઉન સ્લો પર ડાઇવર્ટ કરવામાં આવશે, માટુંગા અને મુલુંડ સ્ટેશનો વચ્ચે તેમના સ્ટોપેજ મુજબ ઉભી રહેશે અને ગંતવ્ય સ્થાને તેના નિર્ધારિત સમય કરતાં ૧૫ મિનિટ મોડી પહોંચશે. થાણેથી આગળની ફાસ્ટ ટ્રેનોને મુલુંડ સ્ટેશન પર ડાઉન ફાસ્ટ લાઇન પર ફરીથી ડાયવર્ટ કરવામાં આવશે.

સવારે ૧૧.૨૫ થી બપોરે ૩.૨૭ વાગ્યા સુધી થાણેથી ઉપડતી અપ ફાસ્ટ લાઇન સેવાઓને મુલુંડ ખાતે અપ સ્લો લાઇન પર ડાઇવર્ટ કરવામાં આવશે, જે તેમના સંબંધિત સ્ટોપેજ મુજબ મુલુંડ અને માટુંગા સ્ટેશનો વચ્ચે થોભશે. અને માટુંગા સ્ટેશન પર અપ ફાસ્ટ લાઇન પર ફરીથી ડાઇવર્ટ કરવામાં આવશે અને ગંતવ્ય સ્થાને તેના નિર્ધારિત સમય કરતાં ૧૫ મિનિટ મોડી પહોંચશે.

સીએસએમટી અને ચુનાભટ્ટી/બાંદ્રા વચ્ચે સવારે ૧૧.૧૦ થી સાંજે ૪.૪૦ સુધી અપ અને ડાઉન હાર્બર લાઇન.

સવારે ૧૧.૧૬ થી સાંજના ૪.૪૭ વાગ્યા સુધી સીએસએમટીથી વાશી/બેલાપુર/પનવેલ માટે ઉપડતી ડાઉન હાર્બર લાઇન સેવાઓ અને સવારે ૧૦.૪૮થી સાંજે ૪.૪૩ વાગ્યા સુધી સીએસએમટીથી બાંદ્રા/ગોરેગાંવ માટે ની ડાઉન સેવાઓ રદ રહેશે.

સવારે ૯.૫૩ થી બપોરે ૩.૨૦ સુધી પનવેલથી સીએસએમટી માટે પનવેલ/બેલાપુર/વાશીથી ઉપડતી હાર્બર લાઇન સેવાઓ અને સવારે ૧૦.૪૫થી સાંજના ૫.૧૩ વાગ્યા સુધી ગોરેગાંવ/બાંદ્રા થી સીએસએમટી જતી બાંદ્રાથી ઉપડતી અપ સેવાઓ રદ રહેશે.

હાર્બર લાઇનના મુસાફરોને સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી મેઇન લાઇન અને વેસ્ટર્ન લાઇન સ્ટેશનો પરથી મુસાફરી કરવાની છૂટ છે.

આ મેગા બ્લોક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જાળવણી અને સુરક્ષા માટે જરૂરી છે. મુસાફરોને અસુવિધા માટે રેલવે પ્રશાસન સાથે સહયોગ કરવા વિનંતી કરવામાં આવે છે.

# હિન્દુ મરણ

**ઘોઘારી મોઢ વણિક**

બોટાદ નિવાસી હાલ કાંદીવલી કૃષ્ણકાંતભાઇ (ઉં. વ. ૮૯) તે સ્વ. વિમળાબેન તથા સ્વ. ભવાનભાઇ લાલચંદ મહેતાના પુત્ર. તે સ્વ. ધીરજબેનના પતિ. તે દીનાબેન તથા સ્વ. વીણાબેનના ભાઇ. તે રાજેશ, સ્વ. ભરત, સ્વ. અનિલના પિતાશ્રી. તે રશ્મિ-રીટા-હીનાના સસરા. પરિમલ, શાર્મેન, દિશા, ધ્રુવિન, જય, માનસી, અવની, વિરલ, સ્નેહા-હર્ષ અને ધ્વનીના દાદા. તા. ૭-૨-૨૫ શુક્રવારના અક્ષરવાસી થયેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ વડાલા બિનાબેન બિપિનભાઇ પારેખ (ઉં. વ. ૬૩) ગુરુવાર તા. ૬-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સુશીલાબેન કનૈયાલાલ પારેખના પુત્રવધૂ. બિપીનભાઇના ધર્મપત્ની. માનસી શ્રેયાંશ દેઢીયાના માતુશ્રી. હર્ષા, જયોતી અરૂણ વલીયા તથા સ્વ. સુનીલના ભાભી. રીહાના જેઠાણી. સ્વ. કમળાબેન રતીલાલ કાણકીયાની સુપુત્રી. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી.

**દશગામ પંચાલ**

સ્વ. ગં. સ્વ. પ્રવિણાબેન શશીકાંતભાઇ પંચાલ (ઉં. વ. ૮૨) મૂળ ગામ દાદરા નગર હવેલી, હાલ મુંબઇ (માટુંગા રોડ), તેઓ સ્વ. શશીકાંતભાઇ લક્ષ્મણભાઇ પંચાલના ધર્મપત્ની તે ઇશ્વરલાલ લક્ષ્મણ પંચાલ અને સ્વ. કિશોરભાઇ લક્ષ્મણ પંચાલના મોટા ભાભી. હેમલતાબેન ઇશ્વરભાઇ, ગં. સ્વ. ચંદનબેન કિશોરભાઇના જેઠાણી. કેતનભાઇ, હિતેશભાઇ અને કલ્પનાબેનના માતુશ્રી. કીર્તિબેન, સુમિતાબેન, પરેશકુમારના સાસુ. દિશા અને ધરાના દાદી. તે તા. ૫-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સાદડી રવિવાર, તા. ૯-૨-૨૫ના દિને બપોરે ૪થી ૬, નિવાસસ્થાને : લાઇફ સ્કેપ મિરાજ બિલ્ડિંગ, સેનાપતિ બાપટ માર્ગ, સ્માર્ટ બજારની બાજુમાં, માટુંગા રોડ (પ.), લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા લાડ વણિક**

હાલ ચારકોપ કાંદિવલી નિવાસી ગં. સ્વ. સુમિત્રાબેન (સંગીતા)ડાંગરવાલા (ઉં.વ.૭૩) ૬/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.મયુરભાઈ હસમુખલાલ ડાંગરવાલાના ધર્મપત્ની. વૈશાલી, ધર્મેશ, કલ્પેશના માતુશ્રી. અનિમેષ, હિરલ તથા માનસીના સાસુ. આર્નવ, શીલ, આશના સુહાનાના બા. પિયરપક્ષે સ્વ.સુમીબેન રણછોડદાસ કાંતિલાલ વશીના દીકરી. પ્રાર્થનાસભા ૯/૨/૨૫ના ૧૧ થી ૧. મહાવીર બેન્કવેટ, પહેલે માળે, પીઝા હટની સામે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**વિશા સોરઠીયા વણિક**

ગામ વડોદરા-ઝાલાના સ્વ.ગુલાબચંદ ઝવેરચંદ શાહ (ઉં.વ.૮૫) હાલ કાંદિવલી તે હીરાલક્ષ્મીબેનના પતિ. હિતેન, ભાવિક, પ્રતીકના પિતાશ્રી. નિમીષા અને હેનાલીના સસરા. હર્ષ હિતેન શાહના દાદા. સ્વ.દેવચંદભાઈ, સ્વ.રમણીકભાઈ, રસિકભાઈ, સ્વ.તારાબેન, સ્વ.પુષ્પાબેન અને ગં.સ્વ.ભાનુબેનના ભાઈ. તા. ૫-૨-૨૦૨૫ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૨-૨૦૨૫, શનિવારના ૫.૦૦ થી ૭.૦૦. લોહાણા મહાજન વાડી, શંકર મંદિરની બાજુમાં, મંગેશ મેડીકલની બાજુમાં, એસ.વી.રોડ, કાંદિવલી વેસ્ટ.

**સુરતી વિસા લાડ વણિક**

સ્વ. મહેન્દ્ર કાંતિલાલ દલાલ મુંબઈ (ઉં.વ. ૯૨) ૭/૨/૨૦૨૫ના શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.મધુકાંતા મહેન્દ્ર દલાલના પતિ. પ્રીતિબેન, ઉદયભાઈ, અજીતભાઈ, જયેશભાઈના પિતા. ઉમેશ મ્હાત્રે, વૈશાલી, નમ્રતા, સ્વાતિના સસરા. કિંજલ-કિંતન, હર્ષિલ અને ધરતીના દાદા અને નાના. કાયરાના પરદાદા. પ્રાર્થનાસભા તા- ૮/૨/૨૫ને શનિવારે ૪થી ૬. વર્ધમાન સ્થાનકવાસી ઉપાશ્રય, ડાયમંડ ટોકિઝની સામે, એલ.ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**હલાઈ લોહાણા**

મૂળ ગામ બળેજ હાલ અંધેરી નિવાસી સુનિલભાઈ (ઉં. વ. ૬૪) તે સ્વ.લલિતાબેન તથા મોહનલાલ વેલજી સાકરિયાના પુત્ર, સંધ્યાબેનના પતિ, રાજના પિતાશ્રી. દીપક, અજિત, છાયાબેન જતીનકુમાર માવાણીના ભાઈ. ગં.સ્વ. મંજુલાબેન શાંતિલાલ અઢીયાના જમાઇ. તા.૭/૨/૨૦૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વહેવાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

# જૈન મરણ

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાયલા નિવાસી હાલ થાણા સ્વ. કુમુદબેન મનહરલાલ શાહના સુપુત્ર ચિ. દિનેશભાઈ (બકુલભાઈ) (ઉં. વ. ૭૨) તે પ્રવિણાબેનના પતિ. દિપના પિતાશ્રી. નીતાબેન યોગેશભાઈ, અંજુબેન અનિલકુમાર આશર, આશાબેન રસિકલાલ વોરા, સ્વ. દિલિપભાઈના મોટાભાઈ. બોટાદ નિવાસી સ્વ. વિમળાબેન શાંતીલાલ પારેખના જમાઈ તા. ૬-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. મિત્તલ, ભાવિન, રોનક અને આરવના મોટા પપ્પા. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાણવડીયા નિવાસી હાલ વસઈ રોડ સ્વ. સુરેશભાઈ જયંતિલાલ મોદીના ધર્મપત્નિ ગં.સ્વ. કોકીલાબેન (ઉં. વ. ૬૯) તા. ૫-૨-૨૫ના બેંગ્લોર મુકામે અરિહંતશરણ પામેલ છે. તે નિમેષ, દેવાંગ, સ્વ. ધવલના માતુશ્રી. દેશના, વૈશાલીના સાસુ. ક્રિસ, ધ્રુવ, ધીર, અર્હમ, સિધ્ધીના દાદી. ઈલાબેન દિલિપકુમાર મહેતા, હિનાબેન જગદીશકુમાર મીયાણી, છાયાબેન શૈલેષકુમાર ગોસલીયા, સ્વ. કીરીટભાઈ, કમલેશભાઈના ભાભી. પિયરપક્ષે સ્વ. ઉર્મીલાબેન કેશવલાલ પારેખના પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરત વિસા ઓસવાલ જૈન**

સ્વ. પુષ્પસેન ચુનીભાઈ ઝવેરીના ધર્મપત્ની ગં.સ્વ. મનોરમાબેન (ઉં. વ. ૮૯) તા. ૭-૨-૨૫, શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સુજીત, સુનીતના માતુશ્રી. દીપા તથા નિમિષના સાસુ. હર્ષ તથા સુમેરુના દાદી. પ્રાર્થનાસભા ૮-૨-૨૫ના શનિવારે પાંચ થી સાત. ઠે. વનિતા વિશ્રામ હાઈસ્કૂલ, રિલાયન્સ હોસ્પિટલની બાજુમાં રાખેલ છે. પ્રાર્થના સમાજ મુંબઈ ૪૦૦૦૦૪.

**ઝાલાવાડી શ્વે.મૂ.પૂજક જૈન**

કુમારી પુષ્પાબેન રમણલાલ શાહ (ઉં. વ. ૮૭) જોરાવરનગર નિવાસી ડોમ્બીવલી હાલ ભાંડુપ સ્વ. દિવ્યકાંતભાઈ, હેમેન્દ્રભાઈ, સ્વ. શશીબેન, સ્વ. ઉષ્માબેન, કિરણબેન, મલ્લિકાબેનના બેન. શકુંતલાબેન, સૌ. માલતીબેનના નણંદ. સૌ. પુર્વી, પ્રિયંકા, ડૉ.પૌલોમિ, જયરાજ, જીતરાજ, વિક્રમના ફૈબા તા. ૫-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

વઢવાણ શહેર નિવાસી હાલ બોરીવલી સ્વ. આશાબેન (ઇન્દુબેન) (ઉં. વ. ૭૦) ગુરુવાર તા. ૬-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ધીમંતભાઇ (કનુભાઇ) અમૃતલાલ શાહના ધર્મપત્ની. તે અંકિત, ઇશાના માતુશ્રી. તે કેવિનકુમાર રોહિતભાઇ દફતરી, જીગના હર્ષદરાય દોશીના સાસુ. તે સ્વ. નારંગીબેન, સ્વ. પ્રભાબેન, સ્વ. હસમુખભાઇ, સ્વ. શારદાબેન, જયસુખભાઇ, સ્વ. કોકીલાબેન, સરોજબેનના ભાભી. તે પિયર પક્ષે સ્વ. ધીરજલાલ નાગરદાસ શાહ, સ્વ. નારંગીબેન, સ્વ. રંજનબેન, સ્વ.પ્રેમીલાબેન, સ્વ. મંજુબેન, સ્વ. રેખાબેન, હર્ષાબેનના બહેન. તે પાશ્વીના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ નાલાસોપારા સ્વ. પ્રફૂલચંદ્ર હકમીચંદ માટલીયાના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૬૭) તે નિરજ, સમીર, ડિમ્પલના માતુશ્રી. અ. સૌ. દિવ્યા, અ. સૌ. શીતલ તથા નિમિષભાઇ કારીયાના સાસુ. પિયર પક્ષે સ્વ. જયશ્રીબેન, સ્વ. રસીલાબેન, સ્વ. અરુણાબેન, સ્વ. કાંતિભાઇ, સ્વ. ચંદ્રકાતભાઇ, નરેશભાઇ, મહેન્દ્રભાઇ, સ્વ. કેતનભાઇ શેઠના બેન. તે ઉન્નતિ, વૃદ્ધિ, માનવ, વીર તથા કિયાનના દાદી. બુધવાર તા.૫-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૯-૨-૨૫ના ૧૦થી ૧૨. ઠે. કુબેર બેન્કવેટ હોલ, ઓન ધ વે હૉટેલ પાછળ, બોલિંજ, વિરાર (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ ધરમપુર સ્વ.શાંતાબેન હરિલાલ માધવજી પીપલીયાના સુપુત્ર નરેન્દ્રભાઈ પીપલીયા (ઉં.વ.૭૦) તે નેહાબેનના પતિ. ઓજસ, પુરવના પિતા. સ્વાતિબેન અશ્વિનભાઈ શાહના સસરા. ડોક્ટર ધીરેન અને સોનલ રાજીવભાઈ દેસાઈના મોટાભાઈ. સ્વ.હીરાલાલ અમૃતલાલ ઝાટકિયાના જમાઈ. તા.૦૬-૦૨-૨૫ને ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

રામપુરા નિવાસી હાલ કાંદિવલી સ્વ.બુધાલાલ આત્મારામ શાહના પુત્ર બિપીનચંદ્ર (ઉં.વ. ૫૯) ૬/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.ભરત, સ્વ.વિનોદ, સ્વ.ભાવના, શૈલેષ, પૂનમ, જાગૃતિ નીતિનકુમારના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ગોંડલ દશા શ્રીમાળી સ્થા જૈન**

ચરેલ નિવાસી હાલ મુંબઈ સ્વ.નૌતમલાલ ચુનીલાલ બાવીશીના ધર્મપત્ની ગં. સ્વ. રમાબેન (ઉં.વ. ૯૩) ૫/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે પ્રદીપ, દીપક, સ્વ.નિલેશ, મનીષના માતુશ્રી. સોનલ, જયશ્રી, વેણુ, હિરલના સાસુ. અભય, શીતલ, પાયલ, ચૈતાલી, તુલસી, મનન, અનોખી, ચૈતન્યના દાદી. પિયરપક્ષે સ્વ.પ્રાણશંકર મુળજીભાઈ મહેતા ધોરાજીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

**દશા શ્રીમાળી સ્થા જૈન**

મોરબી માણેકવાળા નિવાસી હાલ માલાડ સ્વ.રવીન્દ્રભાઈ ધનજીભાઈ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. વાસંતીબેન (ઉં.વ. ૮૮) તે સંજય, શીતલ જગદીશભાઈ નંદુ, આરતી અનિલભાઈ ધોળકિયા, હિના પ્રકાશ મહેતા, અલ્કા ચેતનભાઈ શાહ, સ્વાતિ જિજ્ઞેશ મહેતાના માતુશ્રી. સ્વ.ડાહ્યાભાઈ, સ્વ.રમણીકભાઇ, મોહનભાઇ, સ્વ.પ્રભાબેનના ભાભી. સ્વ.વીરચંદભાઈ નાનજીભાઈ ખજુરિયાના દીકરી. સોનલના સાસુ. ૫/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૯/૨/૨૫ના ૧૦ થી ૧૨. પાવનધામ, પહેલે માળે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મુલુંડ જગજીવન જેઠાભાઈ સંઘવીના સુપુત્ર પ્રભુદાસ સંઘવીના ધર્મપત્ની સંઘવી કળાબેન (ઉં. વ. ૮૮) તે શૈલેશ, પ્રતિભા, પંકજ, પારુલ, રૂપેશ તથા સાધ્વીજી ચારિત્ર પૂર્ણાઈ શ્રીજીના માતુશ્રી. હર્ષા, પૂજા, સરજુકુમારના સાસુ. સૌભાગ્યચંદભાઈ, પ્રતાપભાઈ, ત્રંબકભાઈના ભાભી. સૌરભ, દીપ, પલાશના દાદી. ફોરમ, રિદ્ધિના દાદી-સાસુ. પિયરપક્ષે શાંતાબેન મોહનલાલ નાગજીભાઈ (મોટા ખુંટવડા)ની દીકરી. તા. ૬/૨/૨૦૨૫ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પ્રાગપરના સુંદરબેન મગનલાલ મુરજી દેઢીયાના પૌત્રીવર. ચંદ્રીકા મુલચંદના જમાઇ રીષી કાંતીલાલ ઉમરાણીયા (ઉં. વ. ૪૭) તા. ૪-૨-૨૫ના અવસાન પામેલ છે. જિનલના પતિ. પર્લના પપ્પા. આદિપુરના ત્રિવેણીબેન કાંતીલાલ ઉમરાણીયાના સુપુત્ર. નીકીતાના ભાઇ. પ્રાર્થના સભા : કચ્છી લુહારવાડી, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે.રે.), મુંબઇ-૪૦૦૦૧૯. ટા. ૧૦.૩૦ થી ૧૨.૦૦. ચક્ષુદાન કરેલ છે. ઠે. મુલચંદ દેઢીયા, ૨૦૫, દ્રોણા એપાર્ટમેન્ટ, વિશાલનગર કો.હા.સો., માર્વે રોડ, મલાડ (વે.) ૪૦૦૦૬૪.

નાંગલપુરના ખેતબાઇ કાનજી ગંગરના જમાઇ શ્રી કેશવલાલ હરિલાલ ટાંક (ઉં. વ. ૮૪)નું તા. ૦૫/૦૨/૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે. સ્વ. કસ્તુરબેનના પતિ. સ્વ. રંભાબેન હરિલાલ કાનજી ટાંક(સિર્નોગ્રા)ના સુપુત્ર. વૈશાલી, ગિરીશ, કેકિન, મુકેશના પિતા. પ્રાર્થનાસભા રાખેલ નથી. સરનામું : વૈશાલી અતુલ ગાલા, ૭/૮ શાહ આર્કેડ, બિલ્ડીંગ નં. ૮, વડારી પાડા, રાની સતી રોડ, મલાડ (પૂર્વ) ૯૭.

કોટડા રોહા હાલે પૂણેના ગં.સ્વ. દેવકાંબેન હીરજી ગાલા (ઉં. વ. ૮૯) તા. ૦૫/૦૨/૨૫ ના અવસાન પામેલ છે. મઠાબાઇ શામજી ભાવડના પુત્રવધૂ. સ્વ. હીરજીભાઇના ધર્મપત્ની. શેરડીના મેઘબાઇ પાલણ શીવજી હરીયાની પુત્રી. જયંતીલાલ, નિમેશ, બાડા- કસ્તુર કાન્તીલાલ, દેવપર- સરોજ મહેન્દ્ર, શેરડી- હંસા ચંદ્રકાંત, સણોસરા- ચેતના રમણીક, નાના ભાડીયા- શીલા બિપીનના માતુશ્રી. પ્રાર્થના સભા રાખેલ નથી. દેહદાન કરેલ છે. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. જયંતીલાલ ગાલા, બી૧-૫૦૧, નરેન હિલ્સ, વાનવડી, પૂણે-૪૧૧૦૨૨.

તલવાણાના લક્ષ્મીબેન દેવજી પોલડીયા (ઉં. વ. ૮૭) ૬-૨ના અવસાન પામેલ છે. દેવકાબેન ઘેલાભાઇ પુનશીના પુત્રવધૂ. દેવજી ઘેલાભાઇના પત્ની. મધુ, લહેરચંદ, મો. આસંબીયાના નીના વસંત, કપાયાના કરૂણા પંકજ, રાજુના માતુશ્રી. તલવાણાના પાનબાઇ ઉમરશીના સુપુત્રી. નાની ખાખર જેઠીબેન પ્રેમજી, તલવાણા પુરબાઇ શામજી, દુર્ગાપુર ખેતબાઇ મેઘજી, બિદડા મઠાબેન તલકશી, દેશલપુર રૂક્ષ્મણીબેન રતનશી, મનસુખ દેઢીયાના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. ફોન આવકાર્ય. ઠે. અશ્વિન ગડા, ૪૦૧, ઋતુરાજ બિલ્ડીંગ, લીબર્ટી ગાર્ડન, રોડ નં. ૩, મલાડ (વેસ્ટ) ૬૭.

દેશલપુર (કંઠી) હાલે બેંગળુરૂના પ્રભાવતી શીવજી સોની (ઉં. વ. ૭૭) તા. ૫-૨-૨૫ ના અવસાન પામેલ છે. જેઠીબાઈ ઉમરશીના પુત્રવધૂ. શીવજીના પત્ની. નિખીલ, ગીતા, ગુણવંતી (ગીતા) ના માતા. સુંદરબાઈ ગાંગજીના પુત્રી. વેલજી, લક્ષ્મીચંદ, પ્રેમજી, કાંતિલાલ, ખેતબાઈ માણેક, કોડાય વેજબાઈ મુલચંદ, સાડાઉ સાકરબાઈ હંસરાજ, કોડાય ઉમરબાઈ પ્રેમચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મુકેશ દેઢિયા. રૂમ નં.૭, શાહ પાટીલ હાઉસ, કિરોલ વિલેજ, વિદ્યાવિહાર (વે), મું ૮૬.

બેરાજાના માતુશ્રી કસ્તુરબેન પ્રેમજી સાવલા (ઉં.વ. ૭૮) તા. ૬-૨-૨૫ના અવસાન પામ્યા છે. પ્રેમજીના ધર્મપત્ની. વીરામા ઠાકરશી રણશીના પુત્રવધૂ. ગીતા, નીતા, લતા, અંજનાના માતુશ્રી. ડેપા કેસરબેન દેવજી વીરજી સાવલાના સુપુત્રી. ઉમરશીભાઈ, મોખા હેમકુંવર હરીલાલ વીરજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કસ્તુરબેન પ્રેમજી સાવલા : ગોપાલ નિવાસ-૨, બ્લોક ૧૧૧, ઉ.ગ.ઈ.ની પાછળ, ડોંબીવલી-ઈ-૨૦૧.

# નવી એસી લોકલ શરૂ કરવાની તૈયારીમાં મધ્ય રેલવે

મુંબઈઃ મુંબઈગરાઓ અને સેન્ટ્રલ લાઈનના રોજિંદા પ્રવાસીઓ માટે સારા સમાચાર છે. મધ્ય રેલવે ટૂંક સમયમાં અપડેટેડ એસી લોકલ ટ્રેન શરૂ કરશે. નવી રેકનું વ્યાપક પરીક્ષણ કર્યા બાદ તેને ઉનાળાની શરૂઆત પહેલાં જ સેવામાં લાવવામાં આવશે, જેથી મુસાફરોને ગરમીમાં થોડી રાહત મળશે.

હાલની એસી લોકલ ટ્રેનથી અલગ તેની કેટલીક મશીનરી કોચની નીચે લગાડેલી હશે, જેને અંડર-સ્લંગ સિસ્ટમ તરીકે ઓળખવામાં આવે છે.

## સ્લંગ સિસ્ટમ શું છે?

સ્લંગ સિસ્ટમ ટ્રેનમાં રેકની નીચે અથવા ટ્રેનની અંદર ઇલેક્ટ્રિકલ સાધનો લાગેલા હોય છે. આ ડિઝાઇનનો હેતુ સ્થિરતા વધારવા અને જગ્યા બચાવવાનો છે. હાલમાં પશ્ચિમ રેલવેમાં આવી ટ્રેનો ચલાવવામાં આવી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં, આ નવી ટ્રેનોને મધ્ય રેલવેમાં ઉમેરવામાં આવશે, જેનાથી એસી ટ્રેનોની કુલ સંખ્યા સાત થઈ જશે.

સેન્ટ્રલ રેલવેના એક અધિકારીએ કહ્યું કે 'નવી ટ્રેન ટૂંક સમયમાં મુંબઈ આવશે. નવી ટ્રેન મધ્ય રેલવેની વર્તમાન એસી ટ્રેનોથી અલગ હોવાથી થોડા મહિનાઓ સુધી તેનું પરીક્ષણ કરવામાં આવશે. સેન્ટ્રલ રેલ્વે ટ્રેક પર ટેસ્ટીંગ જરૂરી છે. અન્ડર-સ્લંગ મિકેનિઝમને કારણે, ચોમાસાની ઋતુ દરમિયાન સમસ્યાઓ આવી શકે છે. વધુમાં, મધ્ય રેલવેના પાટા પશ્ચિમ રેલ્વેના ટ્રેક કરતા થોડા નીચા હોવાથી ચોમાસા દરમિયાન પાણી ભરાય છે. આ કારણોસર, મધ્ય રેલવેએ અત્યાર સુધી આવી લોકલ ચલાવવાનું ટાળ્યું છે. જો કે, આ નવી ટ્રેન ઉપલબ્ધ હોવાથી, સેન્ટ્રલ રેલવે રૂટ પર પરીક્ષણ હાથ ધરવામાં આવશે.

# વધુ નવ વંદે ભારત સ્લીપર ટ્રેનની તૈયારી

મુંબઇઃ મુસાફરો માટે એક સારા સમાચાર છે, હવે લાંબા અંતરની મુસાફરી વધુ આરામદાયક બનશે.

રેલવે મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું કે પ્રોટોટાઇપે સફળ પરીક્ષણ પૂર્ણ કર્યું છે. આ વર્ષે વધુ નવ વંદે ભારત સ્લીપર ટ્રેન તૈયાર થવાની ધારણા છે. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે વંદે ભારત સ્લીપર ટ્રેનનું સંચાલન લાંબા અંતરની મુસાફરીમાં ક્રાંતિકારી પરિવર્તન લાવશે તે નિશ્ચિત છે. આ ટ્રેન અત્યાધુનિક છે અને ભારતના ઝડપથી વિકસતા રેલવે કાફલામાં નોંધપાત્ર યોગદાન આપશે. ૧૫ જાન્યુઆરીના રોજ, વંદે ભારત સ્લીપર ટ્રેનના પ્રથમ સેટે મુંબઈ-અમદાવાદ રૂટ પર ૫૪૦ કિમીના અંતર પર રિસર્ચ ડિઝાઇન્સ એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન દ્વારા સફળતાપૂર્વક ટ્રાયલ પૂર્ણ કરી હતી. આ ટ્રેનમાં ૧૬ કોચ હતા.

રેલવે મંત્રાલયે જણાવ્યું હતું કે,"ભારતની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનનું સંચાલન કરતા પહેલા આરડીએસઓ પરીક્ષણોના પરિણામોનું વિશ્લેષણ કર્યા પછી અંતિમ પ્રમાણપત્ર જારી કરશે. રેલવે સુરક્ષા કમિશનર તેની મહત્તમ ઝડપે ટ્રેનનું પરીક્ષણ કરશે." ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી ચેન્નાઈએ ડિસેમ્બર ૨૦૨૪માં વંદે ભારત સ્લીપર ટ્રેનનો પ્રથમ સેટ તૈયાર કર્યો હતો. આ વર્ષે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં, આ ટ્રેનની કોટામાં ૩૦-૪૦ કિ.મી.ની ટૂંકી ટ્રાયલ ૧૮૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે કરવામાં આવી હતી જે આરામદાયક મુસાફરીનો અનુભવ હતો. વંદે ભારત સ્લીપર ક્લાસની નવા પ્રકારની રચના રેલવે આધુનિકીકરણમાં એક મહત્વપૂર્ણ પગલું છે.

# વિદ્યાર્થિનીની જાતીય સતામણી કરનારા શિક્ષકની ધરપકડ

થાણેઃ બદલાપુરની ઈંગ્લિશ મિડિયમની ખાનગી શાળામાં ૧૪ વર્ષની વિદ્યાર્થિનીની કથિત જાતીય સતામણી કરવા બદલ પોલીસે શિક્ષકની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ નવીન રામચંદ્ર નાયર (૪૨) તરીકે થઈ હતી. બદલાપુરની શાળાનો શિક્ષક નાયર ગયા વર્ષના ઑક્ટોબરથી વિદ્યાર્થિનીની કથિત સતામણી કરતો હતો.વિદ્યાર્થિની પરીક્ષા આપતી હતી ત્યારે, ડાન્સ ક્લાસમાં અને એક કાર્યક્રમ દરમિયાન ગણવેશનું વિતરણ કરતી હતી ત્યારે નાયરે તેને અયોગ્ય સ્પર્શ કર્યા હતા. એ સિવાય વિદ્યાર્થિની માટે તે અશ્લીલ ટિપ્પણી પણ કરતો હતો, એવું એફઆઈઆરમાં જણાવાયું હતું. સગીર વિદ્યાર્થિનીએ અગાઉ નાયરના ચેનચાળા સામે આંખ આડા કાન કર્યા હતા, પરંતુ નાયર વારંવાર આવું કરવા માંડતાં તેણે માતાને હકીકત જણાવી હતી. શિક્ષકની હરકતો વિશે પુત્રી પાસેથી જાણ્યા પછી માતાએ ગુરુવારે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદને આધારે નાયરની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. શિક્ષક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની જાતીય સતામણી સહિત અન્ય આરોપો સંબંધી કલમો અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ તેમ જ એટ્રોસિટી ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.જિલ્લાના ચાઈલ્ડ વેલ્ફેર અધિકારી રામકૃષ્ણ રેડ્ડીએ જણાવ્યું હતું કે શિક્ષક વિરુદ્ધ ઝડપી કાર્યવાહીની સત્તાવાળાઓએ ખાતરી આપી હતી. (પીટીઆઈ)

# દાદાસાહેબ ફાળકે અવૉર્ડને નામે સરકાર-બૅંકો સાથે ફ્રોડ

મુંબઈઃ ભારતીય સિનેમાના જનક દાદાસાહેબ ફાળકેનું નામ વાપરી તેમના નામે એવોર્ડ્સ આપતા આયોજકો સામે મુંબઈ પોલીસે એફઆઈઆર નોંધ્યા છે. દાદાસાહેબ ફાળકે આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ એવોર્ડ્સ આ નામ હેઠળ એવોર્ડ્સ આપવા માટે કેન્દ્ર સરકારનું ફંડ અને બેંકો તેમ જ અન્ય ખાનગી કંપનીઓ પાસેથી ફંડ લઈ તેમાં છેતરપિંડી કરવા સહિતના ઘણા આક્ષેપો આયોજકો પર થયા છે.

આયોજક તરીકે અનિલ મિશ્રા અને તેમના પુત્ર અભિષેક મિશ્રા સામે એફઆઈઆર થયો છે. ભારતીય ફિલ્મ સંઘના મહારાષ્ટ્રના અધ્યક્ષ સમીર દીક્ષિતે આ ફરિયાદ કરી હતી. તેઓ ભાજપના ફિલ્મ કામગારો માટે બનેલા સંઘના અધ્યક્ષ છે.

તેમની ફરિયાદ અનુસાર તેમને ૧૯-૨૦ ફેબ્રુઆરીના રોજ મુંબઈના બાંદ્રાની એક ફાઇવ સ્ટાર હોટલમાં દાદા સાહેબ ફાળકે ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ અવૉર્ડ્સ યોજાવાનો છે તેવી માહિતી મળી હતી. અનિલ મિશ્રા અને તેમની પત્નીનાં નામે છે તે કંપની ઇન્ટરનેશનલ ટુરિઝમ ફેસ્ટિવલ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા આ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

દીક્ષિતે આરોપ લગાવ્યો હતો કે મિશ્રાએ ઈવેન્ટની ખોટી જાહેરાત કરી હતી અને તેને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા એનાયત કરાયેલા સત્તાવાર દાદા સાહેબ ફાળકે પુરસ્કાર સાથે જોડાયેલ હોવાનું પણ જણાવ્યું હતું. મિશ્રાએ તેમની વેબસાઇટ પર રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, પ્રવાસન પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન અને ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના કથિત રીતે પ્રશંસાના પત્રો પણ અપલોડ કર્યા હતા.

આ સાથે તેમણે રાજસ્થાન, ગુજરાત, પંજાબ, મહારાષ્ટ્ર સહિતના સાત રાજ્યના પ્રવાસન વિભાગ પણ જોડાયેલા હોવાનો અને મળી ૧૨ કંપની તેમની સાથે જોડાયેલી હોવાનું પણ જાહેરાતોમાં જણાવ્યું હતું. મિશ્રાએ આવી લોભામણી જાહેરાતો આપી અને બોલીવૂડના સેલિબ્રિટીઝ હાજર રહેવાના છે તેમ કહી ૨.૫ લાખ રૂપિયામાં ટિકિટો ઑનલાઈન વેચી. આ સાથે જે અભિનેતાઓની ફિલ્મો સફળ રહી નથી તેમને પણ અવૉર્ડસ આપવાના નામે છેતરાવમાં આવ્યાનું જાણવા મળ્યું છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસા મિશ્રાએ જે કંપનીના નામે પૈસા એકઠા કર્યા છે જે કંપનીને તાળા લાગી ચૂક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે દાદાસાહેબ ફાળકેના સન્માનમાં તેમના નામે લાઈફ ટાઈમ અચિવમેન્ટ અવૉર્ડ્સ સહિતના અવૉર્ડ્સ કેન્દ્ર સરકાર જાહેર કરે છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર નેશનલ ફિલ્મ એવોર્ડ્સ પણ દર વર્ષે જાહેર કરે છે.

# લોનાવલાના ટાઇગર પોઇન્ટ નજીક સબ-ઈન્સ્પેક્ટરે ગળાફાંસો ખાધો

પુણેઃ પુણેના ખડકી પોલીસ સ્ટેશનમાં કાર્યરત સબ-ઇન્સ્પેક્ટર અણ્ણા ગુંજાળે લોનાવલા ખાતે ટાઇગર પોઇન્ટ નજીક વૃક્ષ સાથે ગળાફાંસો ખાધો હતો.

અણ્ણા ગુંજાળ છેલ્લા ત્રણ દિવસથી પોલીસ સ્ટેશનમાં આવ્યો નહોતો અને તેનો મોબાઇલ પણ નૉટ રિચેબલ હતો. આથી ચિંતિત પરિવારજનોએ તેની શોધ આદરી હતી. જોકે ગુંજાળનો કોઇ જ પત્તો ન લાગતાં તેમણે મિસિંગની ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યું હતું.

દરમિયાન પોલીસ કન્ટ્રોલ રૂમના નંબર પર એક કૉલ આવ્યો હતો. ત્યાર બાદ પોલીસ અધિકારીઓ લોનાવલા પહોંચ્યા હતા, જ્યાં ટાઇગર પોઇન્ટ પાસે ગુંજાળ વૃક્ષ સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. લોનાવલા ગ્રામીણ પોલીસે ગુંજાળના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યા બાદ આ પ્રકરણે તપાસ આદરી હતી.

# નાશિકમાં એસ્ટેટ એજન્ટ પર ગોળીબાર

નાશિકઃ નાશિકમાં એસ્ટેટ એજન્ટે ઘરની બહાર પાર્ક કરેલી કારને નુકસાન પહોંચાડ્યાના કેટલાક દિવસ બાદ તેના ઘર પર શુક્રવારે બે હુમલાખોરે ગોળીબાર કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ નાશિકમાં પંચવટી ખાતે મ્હસરુલ વિસ્તારમાં વહેલી સવારે ગોળીબારની આ ઘટના બની હતી. આ કેસનો ફરિયાદી સાઇ અંગદ ઉમેરવાલ (૬૯) તેના એસ્ટેટ એજન્ટ પુત્ર અને પરિવાર સાથે પંચવટીના કલાનગર વિસ્તારમાં રહે છે. (પીટીઆઇ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઉદ્ધવ-સેનાના છ સાંસદો અમારા સંપર્કમાં, ટૂંકમાં શિંદે-સેનામાં જોડાશેઃ ઉદય સામંત

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન ઉદય સામંતે શુક્રવારે એવો દાવો કર્યો હતો કે વિપક્ષી શિવસેના (યુબીટી)ના છ સાંસદો સહિત ઘણા નેતાઓ શિવસેનાના સંપર્કમાં છે અને તબક્કાવાર તેમને પાર્ટીમાં સામેલ કરવામાં આવશે.

પત્રકારો સાથે વાત કરતા સામંતે કહ્યું હતું કે લોકોને હવે સમજાયું છે કે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળનો પક્ષ જ વાસ્તવિક શિવસેના છે, જે સ્થાપક બાળ ઠાકરેના આદર્શોને આગળ ધપાવી રહી છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, ‘લોકોને સમજાયું છે કે શિંદેનું નેતૃત્વ શિવસેના (યુબીટી) કરતા સારું છે. તેમનું નેતૃત્વ સારું અને સંવેદનશીલ છે, જેના કારણે ઘણા લોકો અમારા સંપર્કમાં છે.’ એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે, ઘણા લોકો પક્ષનો સંપર્ક કરી રહ્યા છે અને તે પાકું છે કે તેઓ તબક્કાવાર અમારી પાર્ટીમાં પ્રવેશ કરશે.

સામંતે એમ પણ કહ્યું હતું કે, ‘જો કોઈ ઓપરેશન હાથ ધરવાનું હોય, તો તેનો પ્રચાર ખુલ્લેઆમ કરવામાં આવતો નથી. શિંદેએ કરેલા કાર્યને ધ્યાનમાં લેતા, હવે અમારે કોઈ ઓપરેશન કરવાની જરૂર નથી.’

જૂન ૨૦૨૨માં શિંદેએ તત્કાલીન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે સામે બળવો કરીને મહા વિકાસ આઘાડી સરકારને તોડી પાડ્યા બાદ શિવસેનામાં ભાગલા પડ્યા હતા.

શિંદે જૂથને શિવસેના નામ અને ધનુષ્ય અને બાણનું પ્રતીક મળ્યું, જ્યારે ઠાકરે જૂથને શિવસેના (યુબીટી) નામ આપવામાં આવ્યું હતું અને જેના પ્રતીક તરીકે ‘મશાલ’ (સળગતી મશાલ) રાખવામાં આવી હતી. (પીટીઆઈ)■

## ‘જો તમે અમને તોડવાનો પ્રયાસ કરશો, તો અમે તમારું માથું ફોડી નાખીશું’: ઉદ્ધવ ઠાકરે

મુંબઈઃ મહારાષ્ટ્રનું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. એકનાથ શિંદેની શિવસેનામાં તેમના પક્ષના કેટલાક નેતાઓ જોડાવાના છે એવા અહેવાલો વચ્ચે, ઉદ્ધવ ઠાકરેએ એકનાથ શિંદે અને ભાજપ પર શુક્રવારે જોરદાર પ્રહારો કર્યા હતા. ઉદ્ધવે કહ્યું હતું કે જો તમે (એકનાથ શિંદે અને ભાજપ) ‘મર્દ કી ઔલાદ’ છો તો ઈડી, સીબીઆઈ, ઈન્કમ ટેક્સ અને પોલીસને બાજુ પર રાખો અને અમારી સાથે લડો. અમે તમને બતાવીશું કે સાચી શિવસેના કોણ છે. એટલું જ નહીં, ઉદ્ધવે કહ્યું હતું કે જો તમે અમને તોડવાનો પ્રયાસ કરશો તો અમે તમારું માથું ફોડી નાખીશું. શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ગેરરીતિઓના કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના આરોપોને સમર્થન આપ્યું અને દાવો કર્યો કે શાસક ભાજપને પણ તેમની જીત વિશ્વસનીય લાગી નથી. જેમ વિપક્ષ માની શક્યું નહીં કે તેમની હાર સાચી છે, તેવી જ રીતે ભારતીય જનતા પાર્ટીને પણ પોતાની જીત વિશ્વસનીય લાગી નથી, એમ ઠાકરેએ કહ્યું. અગાઉ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ‘ઓપરેશન ટાઇગર’ના આરોપો પર કહ્યું હતું કે સિંહનાં વાઘાં સજીને કોઈ સિંહ ન બની શકે, તેના માટે સિંહનું હૃદય હોવું જરૂરી છે. મારા કામથી પ્રભાવિત થઈને, બધા પક્ષોના લોકો મને મળતા રહે છે. આને રાજકીય રંગ ન આપવો જોઈએ. શિંદેએ કહ્યું કે જ્યારે હું મુખ્ય પ્રધાન હતો ત્યારે પણ મારા નિવાસસ્થાન ‘વર્ષા’ના દરવાજા બધા માટે ખુલ્લા રહ્યા હતા. આજે પણ અમારા દરવાજા બધા માટે ખુલ્લા છે. ■



# થાણે પ્રોપર્ટી એક્સ્પોનું એકનાથ શિંદે દ્વારા ઉદ્‌ઘાટન

મુંબઈઃ થાણે ખાતે ક્રેડાઈ એમસીએચઆઈ પ્રોપર્ટી એક્સ્પોનું નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હસ્તે શુક્રવારે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રોપર્ટી એક્સ્પોમાં થાણેના ૧૦૦થી વધુ પ્રોજેક્ટ, ૧૦થી વધુ નાણાકીય સંસ્થા, ૪૦થી વધુ લીડિંગ બ્રાન્ડ્સ અને પચીસ હજારથી વધુ લોકો ભાગ લેશે એવું માનવામાં આવે છે. આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે પણ હાજરી આપી હતી.

એક્સ્પોનું ઉદ્‌ઘાટન કરતાં એકનાથ શિંદેએ કહ્યું હતું કે થાણે પ્રાકૃતિક રીતે સુંદર અને બધા પ્રકારની સુવિધા ધરાવતું શહેર છે. આગામી દિવસોમાં મેટ્રો, કોસ્ટલ રોડ જેવા અનેક પ્રોજેક્ટ આકાર લેશે, જેથી થાણેના લોકોને અનેક સુવિધાઓ ઉપલબ્ધ થશે.

થાણે પશ્ચિમમાં હાઈલૅન્ડ ગાર્ડન્સ ખાતે ૭થી ૧૦ ફેબ્રુઆરી સુધી આ એક્સ્પોનું આયોજન કરાયું છે. આ એક્સ્પોમાં પ્રસ્તાવિત ખરીદદારોને એક જ સ્થળે બધી વસ્તુ મળી રહેશે, જેમાં પ્રોપર્ટીની વિવિધ રેન્જ, પરવડી શકે તેવાં ઘરોથી લઈને લકઝરી નિવાસસ્થાન, રિટેલ અને ઑફિસની જગ્યાઓ જોવા મળશે.

મુંબઈ કે આસપાસ ઘર ખરીદવા માગનારાઓએ એક વાર થાણે એક્સ્પોની મુલાકાત લેવી જોઈએ, કારણ કે થાણે એક્સ્પો વેલ્યુ ફોર મની આપશે, એમ ક્રેડાઈ એમસીએચઆઈ થાણેના પ્રમુખ જિતેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું. ■

# ‘ઘર’ માટેનું આદર્શ સ્થળ એટલે થાણે

## ક્રેડાઇ એમસીએચઆઇ થાણેના પ્રમુખ જિતેન્દ્ર મહેતાનું માનવું છે.

ભવિષ્ય પર નજર રાખનાર, સમજદાર, ઘર શોધનારને થાણેમાં માળખાગત સુવિધાઓમાં વધારો જોવા મળતા થાણેના રિયલ એસ્ટેટ માર્કેટમાં નોંધપાત્ર વિકાસ જોવા મળશે. ઉન્નત કનેક્ટિવિટી, આઇટી ક્ષેત્રનો વિકાસ અને સ્માર્ટ સિટીના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી થાણે આગામી સમયમાં વધુ આકર્ષક રહેણાંક અને વ્યાપારી સ્થળ બનશે, એમ ક્રેડાઈ એમસીએચઆઈ, થાણેના પ્રમુખ જિતેન્દ્ર મહેતાનું માનવું છે. રેરાના રેકોર્ડ્સ સૂચવે છે કે થાણેમાં પ્રોજેક્ટ્સ સામે ફરિયાદો ખૂબ જ ઓછી છે. જે ઉદ્યોગ સંગઠન ક્રેડાઇ એમસીએચઆઇ થાણે દ્વારા ઉદ્યોગને યોગ્ય દિશામાં લઈ જવામાં ભજવવામાં આવેલી સકારાત્મક ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે. અહીં ભાવમાં વધઘટ સ્થિર છે અને પ્રોપર્ટીનો કબજો પણ સમયસર મળે છે. આ બે મહત્વપૂર્ણ પરિબળો થાણેને પસંદગીનું રિયલ એસ્ટેટ સ્થળ બનાવે છે!

રહેણાંક ક્ષેત્રમાં, થાણે ‘અફોર્ડેબલ’ થી ‘અફોર્ડેબલ-લક્ઝરી’ તરફ આગળ વધ્યું છે અને હવે, ’લક્ઝરી’ સેગમેન્ટ તેની હાજરી નોંધાવી રહ્યું છે. થાણેના રિયલ એસ્ટેટ ડેવલપર્સ, પ્રોપર્ટી ખરીદદારોમાં જે વિશ્વાસ ધરાવે છે, પછી ભલે તેઓ અંતિમ વપરાશકર્તાઓ હોય કે રોકાણકારો, તે એ હકીકતમાં પ્રતિબિંબિત થાય છે કે યોજના બહારની મિલકતો પણ સારી રીતે આકર્ષાઈ રહી છે.

હાઉસિંગ ડેસ્ટિનેશનના દષ્ટિકોણથી, થાણે એક રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ હબ રહ્યું છે જે સતત વિકસિત અને અપડેટ થતું રહે છે, જે ઘર શોધનારાઓ માટે મલ્ટિપલ વિકલ્પો પ્રદાન કરે છે. ઇન્ડસ્ટ્રિયલ અને મેન્યુફેક્ચરિંગ યુનિટના આધારથી, થાણે એક એવા શહેરમાં વિકસ્યું છે જ્યાં કાર્બન ન્યુટ્રલ અને સેવાલક્ષી વ્યવસાયો કાર્યરત છે. થાણે એક આત્મનિર્ભર શહેર તરીકે ઊભરી આવ્યું છે, જે તેના રહેવાસીઓને સારી ગુણવત્તાનું જીવન પ્રદાન કરે છે. રહેવા માટે સલામત અને સુરક્ષિત શહેર હોવા ઉપરાંત થાણે સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ શહેર છે અને નાગરિકોની સક્રિય ભાગીદારીને કારણે તેનો વિકાસ થયો છે.

નોંધપાત્ર વિકાસ યોજનાઓ સાથે, થાણેમાં રિયલ એસ્ટેટ ઘર શોધનારાઓ માટે એક સકારાત્મક પગલું છે. નવા માળખાગત પ્રોજેક્ટ્સ સાથે, આ વિસ્તારમાં શાળાઓ, યુનિવર્સિટીઓ, સંસ્થાઓ, બહુવિધ હોસ્પિટલો અને તબીબી પુરવઠા સ્ટોર્સ સહિત અનેક સુવિધાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. થાણે એક રિયલ એસ્ટેટ હોટસ્પોટ બની ગયું છે, જે હાઇવે અને ટ્રેન સેવાઓ દ્વારા સારી રીતે જોડાયેલું છે.

થાણેનું કોમર્શિયલ પ્રોપર્ટી માર્કેટ ઝડપથી વિકસી રહ્યું છે. રિયલ એસ્ટેટમાં વૈશ્વિક સ્તરે સ્વીકૃત ગુણોત્તર એ છે કે દરેક ૫૦૦ ચોરસ ફૂટ કોમર્શિયલ જગ્યાના વેચાણથી પાંચ નવા ઘરોની માંગ વધે છે. વધતી વસ્તી અને વધેલી કનેક્ટિવિટીથી થાણેના કોમર્શિયલ પ્રોપર્ટી માર્કેટને ફાયદો થવાની અપેક્ષા છે. થાણેમાં આઇટી ક્ષેત્ર રોજગારીનું સર્જન કરશે, મલ્ટીનેશનલ કોર્પોરેશનો અને સ્ટાર્ટ-અપ્સને આકર્ષિત કરશે.

જો આપણે થાણેને રિયલ એસ્ટેટ ડેસ્ટિનેશનના દ્રષ્ટિકોણથી નજીકથી જોઈએ તો, તે વર્ષોથી વિકસિત થયું છે. ૧૯૬૦ ના દાયકામાં, થાણે એક ઔદ્યોગિક શહેર હતું અને ૧૯૭૦ ના દાયકામાં ’ડોર્મિટરી શહેર’ હોવાથી, ધીમે ધીમે વિકાસ થયો - સાદી સિંગલ ઇમારતોથી ૧૯૯૦ના દાયકામાં મોટા રહેણાંક ટાઉનશીપ સુધી. થાણે એક રિયલ એસ્ટેટ હબ તરીકે, રહેવાસીઓ માટે ’વન સ્ટોપ શોપ’ સુવિધા પૂરી પાડે છે, જેમાં તેમની પોતાની ખરીદી/ મનોરંજન/શાળાઓ અને તબીબી સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ અપગ્રેડનો અનુભવ કરવાનો અને ઘર શોધનારાઓ માટે પોતાના ઘર જેવી સલામતી વાસ્તવિકતા બને તે સુનિશ્ચિત કરવાનો સમય છે. એક એવા શહેરમાં જે ’ઘર’ તરીકે ઓળખાવા માટે પરફેક્ટ છે - થાણે. ■

# ઝવેરીની મારપીટ કરી ૧.૮૭ કરોડના દાગીના લૂંટનારા ચાર આરોપીને ૧૦ વર્ષની સજા

મુંબઈઃ રાજસ્થાનની ટ્રેન પકડવા માટે ટેક્સીમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ જઇ રહેલા ઝવેરીની કર્ણાક બ્રિજ પર મારપીટ કર્યા બાદ ૧.૮૭ કરોડના સોના-ચાંદીના દાગીના લૂંટનારા ચાર આરોપીને કોર્ટે દોષી ઠેરવીને ૧૦ વર્ષની કેદ ફટકારી હતી. ઝવેરી મૂકેશકુમાર સંઘવી (૪૬) ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ મિર્ઝા સ્ટ્રીટમાંની વિવિધ દુકાનમાંથી ૧.૮૭ કરોડ રૂપિયાના દાગીના લઇને રાજસ્થાન જવા માટે પોતાના નોકર અને ભાઇ સાથે ટેક્સીમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ જઇ રહ્યા હતા, ત્યારે કર્ણાક બ્રિજ પર ડ્રાઇવરે લઘુશંકાને બહાને ટેક્સી થોભાવી હતી. એ સમયે આરોપીઓ ત્યાં આવ્યા હતા અને તેમણે ઝવેરીને ટેક્સીમાંથી બહાર કાઢીને મારપીટ કરી હતી અને તેમની સોનાની ચેન લૂંટી લીધી હતી.

બાદમાં આરોપીઓએ ઝવેરીના ભાઇ અને નોકરનું અપહરણ કરીને દાગીના ભરેલી બેગ લૂંટી હતી. થોડા અંતરે ગયા બાદ ઝવેરીના ભાઇ અને નોકરને ટેક્સીમાંથી ઉતારી આરોપીઓ ફરાર થઇ ગયા હતા. આ ઘટના બાદ ઝવેરીએ પાયધુની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દરમિયાન કેસની તપાસ ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૨ને સોંપવામાં આવી હતી અને અધિકારીઓએ તપાસ આદરીને ગુનામાં સંડોવાયેલા ચાર આરોપી પ્રફુલ્લ ગાયકવાડ, શાહનવાઝ બદ્રુદીન ખાન, જહાંગીર મલિક શેખ અને રતનકુમાર સિંહની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ૧.૭૫ કરોડના દાગીના જપ્ત કરવામાં આવ્યા હતા. આરોપીઓ વિરુદ્ધ બાદમાં આરોપનામું દાખલ કરવામાં આવ્યું હતું. સેશન્સ કોર્ટમાં કેસની સુનાવણી દરમિયાન ૩૪ સાક્ષીદારોને તપાસાયા હતા. ■

# ખરખરો કરવા ગયેલા ઘાટકોપરના યુવાનનું ગોરેગામ પાસે અકસ્માતમાં મૃત્યુ

## હિટ ઍન્ડ રનની ઘટનાઃ ફરાર કાર ડ્રાઈવરની શોધ હાથ ધરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાણેજના નિધનને પગલે શોક વ્યક્ત કરવા બહેનના ઘરે ગયેલા ઘાટકોપરના યુવાન માટે એ ‘અંતિમ યાત્રા’ સાબિત થઈ હતી. કાંદિવલીથી સ્કૂટર પર પાછા ફરતી વખતે ગોરેગામ નજીક હિટ ઍન્ડ રનના કેસમાં યુવાને જીવ ગુમાવ્યો હતો. પોલીસે ઘટના બાદ ફરાર કાર ડ્રાઈવરની શોધ હાથ ધરી હતી.

દિંડોશી પોલીસના જણાવ્યા મુજબ ગુરુવારના મળસકે બે વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં મૃત્યુ પામેલા યુવાનની ઓળખ રમેશ જોરે (૩૬) તરીકે થઈ હતી. રમેશ તેના ભત્રીજા નરેશ (૧૮) સાથે કાંદિવલીના ઈરાની વાડી પરિસરમાં રહેતી બહેનના ઘરે બુધવારની રાતે ગયો હતો.

પોલીસ ફરિયાદમાં નરેશે જણાવ્યું હતું કે ફુઈની દીકરીનું નિધન થયું હોવાથી શોક વ્યક્ત કરવા તે કાકા રમેશ સાથે તેના સ્કૂટર પર ગયો હતો. કાંદિવલીથી મધરાતે એક વાગ્યાની આસપાસ ઘરે પાછા જવા બન્ને સ્કૂટર પર નીકળ્યા હતા. બે વાગ્યાની આસપાસ સ્કૂટર ગોરેગામ પૂર્વમાં દિંડોશી ફ્લાયઓવર પર પહોંચ્યું ત્યારે પાછળથી આવેલી કારે સ્કૂટરને ટક્કર મારી હતી.

સ્કૂટર પરથી ફંગોળાયેલા નરેશને તમ્મર આવી ગયાં હતાં અને તે બેભાન થઈ ગયો હતો. તે ભાનમાં આવ્યો ત્યારે જોગેશ્વરીની ટ્રોમા કૅર હૉસ્પિટલમાં હતો અને પોલીસ અધિકારી તેની નજીક ઊભા હતા. નરેશે કાકા રમેશ અંગે પૂછ્યું ત્યારે પોલીસે જણાવ્યું હતું કે અકસ્માતમાં રમેશ ગંભીર રીતે ઘવાયો હતો. હૉસ્પિટલમાં લવાયો ત્યારે તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ■

























# બળાત્કાર કેસમાં ૧૦ વર્ષની સજા યથાવત

નાગપુરઃ એકલી રહેતી ૩૫ વર્ષીય મહિલા પર બળાત્કાર ગુજારવા બદલ મજૂર બાલ્યા ઉર્ફે રાહુલ લોખંડે નામના મજૂરને અમરાવતી સેશન્સ કોર્ટે કરેલી ૧૦ વર્ષની સજા બોમ્બે હાઇકોર્ટની નાગપુર ખંડપીઠે તાજેતરમાં યથાવત રાખી હતી. લોખંડેએ તેની સજા સામે અપીલ કરી હતી, પરંતુ હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે પીડિતાની જુબાની ’સચોટ, નક્કર અને વિશ્વસનીય’ હતી.

ફરિયાદીના જણાવ્યા અનુસાર આ ઘટના ૨૫ માર્ચ, ૨૦૧૭ના દિવસે બની હતી. લોખંડેએ ઘરમાં ઘૂસી તેના પર બે વખત બળાત્કાર કર્યો હતો. દરમિયાન પીડિતાની ચીસ સાંભળી તેના ઘર નજીકનો દુકાનદાર ઘટના સ્થળે પહોંચતા આરોપી ભાગી ગયો. ■

# શૅરબજારમાં નફાની લાલચે ઑનલાઈન ઠગાઈ કરનારા ૧૧ આરોપી પકડાયા

**▸ સૂત્રધારો કમ્બોડિયા અને નેપાળમાંઃ પકડાયેલા આરોપીએ ૧૫૦ બૅન્ક ખાતાં અને અસંખ્ય સિમ કાર્ડ પૂરાં પાડ્યાં ▸ છેતરપિંડીના રૅકેટમાં દોઢથી બે કરોડ રૂપિયાનું કમિશન મેળવનારા બે આરોપીએ લક્ઝુરિયસ કાર્સ અને બંગલો ખરીદ્યા**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શૅરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે અનેક નાગરિકો પાસેથી કરોડો રૂપિયા પડાવી કથિત ઠગાઈ કરવાના ઑનલાઈન ફ્રોડના રૅકેટ સાથે સંકળાયેલા ૧૧ આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. ગોવાથી પકડાયેલા છમાંથી ત્રણ આરોપી કમ્બોડિયા અને નેપાળમાંથી રૅકેટ ચલાવનારા સૂત્રધારોના સંપર્કમાં હતા અને છેતરપિંડીની રકમ પ્રાપ્ત કરવા માટે તેમને ૧૫૦ બૅન્ક ખાતાં અને અસંખ્ય સિમ કાર્ડ પૂરાં પાડ્યાં હતાં. આ ઠગાઈમાંથી દોઢથી બે કરોડ રૂપિયાનું કમિશન મેળવનારા મુખ્ય આરોપીઓએ લક્ઝુરિયસ કાર્સ અને બંગલો ખરીદ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

ડોંગરી પોલીસના જણાવ્યા મુજબ સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન નજીકની સૌદા હાઈટ્સમાં રહેતા અને નોકરીમાંથી નિવૃત્ત થયેલા રવિરાજ કાંબળી (૬૦)એ ૬ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ નોંધાવેલી ફરિયાદને આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રતિષ્ઠિત બ્રોકર કંપનીના નામે બનાવટી ઍપ બનાવીને તેની મદદથી કાંબળીને છેતરવામાં આવ્યો હતો. શૅરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે કાંબળીને ૮.૫૬ લાખ રૂપિયા બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી. તપાસ દરમિયાન પોલીસે ઠગાઈ માટે જે બૅન્ક ખાતાનો ઉપયોગ થયો હતો તેના નોડલ ઑફિસર પાસેથી માહિતી મેળવી હતી. માહિતીને આધારે પોલીસે સૌપ્રથમ ગૌતમ દાસ (૪૮) અને શ્રીનિવાસ રાવ (૩૬)ને પકડી પાડ્યા હતા. ત્યાર બાદ મુંબઈ સેન્ટ્રલ, સાતારા અને પુણેથી વધુ ત્રણ આરોપીની ધરપકડ કરાઈ હતી. તેમણે આપેલી માહિતી પરથી ગોવા પોલીસની મદદથી વધુ છ આરોપીને પકડી પાડવામાં આવ્યા હતા. ગોવાથી પકડાયેલા આકાશ દુસાને (૨૯), દિનેશ તાયડે (૩૦) અને મોહમ્મદ રાજિક પટેલ (૨૬) કમ્બોડિયા અને નેપાળમાં હાજર આ રૅકેટના સૂત્રધારોના સંપર્કમાં હતા. ■


તારા વિના સૂરજ તો ઊગ્યો
પણ આકાશ આથમી ગયું.
તારા વિના ફૂલ તો ખીલ્યાં
પણ આંખો કરમાઈ ગઈ.
તારા વિના ગીત તો સાંભળ્યુ
પણ કાન મૂંગા થયા.
તારા વિના..... તારા વિના.....
તારા વિના..... જવા દે,
કશું કહેવું નથી.
અને કહેવું પણ કોને
તારા વિના ?
કવિ સુરેશ દલાલ



Kokila Ravindra Wagh
1946 - 3 february 2025
હિંમત, ઉત્સાહ અને આધ્યાત્મિકતા સાથે જીવેલા જીવનને સલામ.

# વીક એન્ડ

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

## વેરનાં વળામણાંઃ કેટલાં રોચક ને કેટલાં ફસામણાં?!



**માનવમાત્રની જન્મજાત વૃત્તિ ઈર્ષા અને લાલચ છે, જે અમુક સંજોગોમાં વેરમાં પલટાઈ જાય ત્યારે કેવાં કેવાં અણધાર્યાં પરિણામ સરજી શકે છે**

'પ્રેમ ' અને ' વેર'

આ બન્ને બબ્બે અક્ષરના શબ્દ છે. આ બન્ને ઉત્તર-દક્ષિણ જેવા બે અંતિમના શબ્દ છે. આ બન્ને તદ્દન વિરોધાભાષી શબ્દ છે.

એકમેકને પ્રેમ થાય તો હિમાલય -એવરેસ્ટ જીતી લાવે અને બન્ને વેર પર ઊતરી આવે તો એકમેકને સાત સમંદર -પાતાળમાં ગરક કરી નાખે.

આપણે અનેક યાદગાર પ્રેમ-કહાણી સાંભળી છે માણી છે. વેરના અમુક ઐતિહાસિક કિસ્સા પણ આપણે જાણીએ છીએ. જોકે, પ્રેમ જેટલી સહજતાથી છલકાઈ જાય એવું વેરનું નથી. કાં તો એ તરત જ એક પ્રતિક્રિયા રૂપે રોષની સાથે પ્રગટે, જે અંતિમ કક્ષાનું હોય અથવા તો મનમાં એ ઘૂંટાયા કરે અને પછી એ નિશ્ચિત સમયે નક્કર યોજના મુજબ એવી રીતે ત્રાટકે કે સામેવાળાને સ્વપ્નેય અંદેશો ન હોય..!

પત્ની કે પછી પતિ એના જીવનસાથી સાથે બેવફાઈ કરે અને પછી ગુસ્સે ભરાઈને પતિ પોતાની પત્નીને પતાવી દે કે પછી પત્ની પોતાના ધણીની હત્યા કરે-કરાવે..આ થયું ક્રોધની પરાકાષ્ઠા રૂપી વેર.

ઈન્સ્ટન્ટ વેરના કેટલાક કિસ્સામાં મોટા ભાગે વૈરી તરત જ પરખાઈ જાય છે અને પછી સજા પણ પામે છે. બીજે છેડે પૂરતી વિચારણા પછી વેર લેવાની જડબેસલાક યોજના બને પછી બદલો લેવાય (બની શકે કે આવી કોઈ ઘટનામાં કદાચ વૈરી છટકી પણ જાય !) આવા ઠંડા કલેજે લેવાયેલા વેરના કેટલાક કિસ્સા જાણવા જેવા છે, જેમકે..

આ કિસ્સો મુંબઈનો છે, જેમાં એક મહિલા પુત્રીઓને જન્મ આપતી હતી, પણ પતિને પુત્રની ઈચ્છા હતી એટલે પત્નીને સતત ત્રાસ આપતો હતો અને બીજા લગ્ન કરવાની ધમકી પણ આપતો હતો. એનાથી કંટાળીને પત્નીએ પતિને ઝેર આપીને મારવાનો પ્રયાસ કર્યો, પણ એમાં પત્નીને સફળતા ન મળી એટલે ગિન્નાઈને પતિને પતાવી નાખવા પોતાના એક ઓળખીતા મંદિરના પૂજારીને બે લાખ રૂપિયાની સોપારી આપી.

પ્લાન મુજબ પતિને ખૂબ દારૂ પીવડાવ્યો. પતિ બેહોશ થઈ ગયો એટલે પેલા પૂજારી અને એના સાગરીતે ઘરમાં ઘૂસીને પતિ પર તલવારથી હુમલો કર્યો. પતિ ઢળી પડ્યો એટલે એ મરી ગયો છે એમ માનીને હુમલાખોરો ભાગી ગયા. ઘટનાની જાણ થતા પોલીસ આવી તો જાણ થઈ કે ઘવાયેલો પતિ તો જીવતો હતો. પછી તો એ વિસ્તારના સીસી ટીવી ફૂટેજના આધારે પગેરુ શોધીને પૂજારી અને એના સાથીને પોલીસે ઝબ્બે કર્યા એ બાદ પત્નીએ પણ ગુનો કબૂલી લીધો. આમ ક્ષણિક આવેશમાં લીધેલું વેરનું પગલું એને જ ભારે પડ્યું.

હવે સાંભળો, આમચી મુંબઈનો અજબ વેર વસૂલાતનો ગજબ કિસ્સો

સફળ એવા એક યુવા શ્રીમંત બિઝનેસમેન શ્રીકાન્ત (ઓળખ બદલી છે) ની પત્નીને ન જાણે ક્યાંકથી જાણ થઈ કે એના રંગીન મિજાજના પતિશ્રીને કોઈ રૂપાળી લલના સાથે ખાનગીમાં ગરમાગરમ 'ઈલુ..ઈલુ' ચાલે છે. સ્માર્ટ પત્ની શ્રેયા (નામ બદલ્યું છે)એ એક ખાનગી ડિટેક્ટિવને કામે લગાડી પેલી યુવતીનો પૂરેપૂરો અત્તો-પત્તો મેળવી લીધો. પતિની માશુકાને શ્રેયાએ એક વાર દૂરથી જોઈ પણ લીધી. એ ખરેખર ખૂબ જ સુંદર હતી પછી તો ઈર્ષા અને વેરનું એવું ખતરનાક કોકટેલ થયું કે શ્રેયાએ લોહીનો છાંટો વહાવ્યા વિના પેલી ફૂટડીનો જ કાંટો ગુપચુપ કાઢી નાખવાનો પ્લાન વિચાર્યો.

'ચપટીમાં કામ તમામ કરી આપશું ' એવી છાપાંઓમાં જાહેરાતો કરતાં ભૂવા બંગાળી બાબા અને તાંત્રિકોને શ્રેયાએ શોધી કાઢ્યાને વરદી પણ આપી. જોકે, લાખ રૂપિયો ખર્ચવા છતાં બે બંગાળી બાબા એમનો વાદો પૂરો ન કરી શક્યા. ઊલ્ટાનું એના પતિ તથા પેલી છોકરીની અફેર વધુને વધુ હોટ થઈ રહી છે એ બાતમી એના જાસૂસ પાસેથી મળતા શ્રેયાના પેટમાં તેલ નહીં-તેજાબ રેડાયો, શ્રેયાને થયું : પેલીની પાછળ પાગલ એનો પતિ ક્યાંક એને જ તલાક દઈને પ્રેમિકાને જ ન પરણી બેસે!

આકુળ-વ્યાકુળ ને અધીરી થઈ ગયેલી શ્રેયાએ દિલ્હીની રાજકારણીઓની લોબીમાં એક જાણીતા તાંત્રિકનો પત્તો મેળવી એને પોતાની સમસ્યા ઉકેલવા કહ્યું. પેલા તાંત્રિકે કહ્યું : 'કામ થઈ જશે. એના માટે મુંબઈમાં ૧૩ દિવસ હોમ-હવન કરવા પડશે ૧ લાખ કામ પહેલાં ને ૨ લાખ કામ તમામ થઈ ગયા પછી.!'

શ્રેયાએ ફ્લાઈટની ટિકિટ મોકલીને મુંબઈની એક હોટેલમાં રૂબરૂ મુલાકાત ગોઠવી. દિલ્હીવાળા તાંત્રિકે શ્રેયાને બધી વિધિ સમજાવી ને એડવાન્સ માંગ્યાં. શ્રેયાએ જેવું રોકડા લાખ રૂપિયાનું પેકેટ તાંત્રિક તરફ સરકાવ્યું ત્યાં અચાનક પોલીસ ટીમ ત્યાં પ્રગટી ને પેલા તાંત્રિકને ઝડપી લીધો! પોલીસે ઘટનાસ્થળે હાજર શ્રેયાને થોડી પૂછપરછ કરીને જવા દીધી અને દિલ્હીવાળા તાંત્રિકને કસ્ટડી ભેગો કર્યો.

શ્રેયા અવાક થઈ ગઈ કે પોતે પતિની પ્રેમિકાને પતાવી નાખવા માટે જે તાંત્રિક વિધી કરાવી રહી હતી એની જાણ પોલીસને કઈ રીતે થઈ ગઈ?!

હકીકતમાં એના પતિ શ્રીકાન્તને થોડા દિવસ પહેલાં જ ખબર પડી ગઈ હતી કે એની પત્ની જ કોઈ બાબા કે કોઈ જાદુ -ટોણાવળાની મદદથી એની પ્રેમિકાને રસ્તામાંથી હટવવાનો પ્લાન ઘડી રહી છે.. મજાની વાત એ હતી કે આ બાતમી શ્રેયાના એક જૂના જાસૂસે જ થોડી રકમ લઈને એના પતિ શ્રીકાન્તને પહોંચતી કરી હતી અને શ્રીકાન્તે પોતાની પત્ની શ્રેયાને પાઠ ભણાવવા જ એક મિત્ર દ્વારા આ પોલીસ રેડ પડાવીને તાંત્રિકનું જ કામ તમામ કરી નાખ્યું!

વેર આડું ફાટે ત્યારે આવા જ ગફલા થાય..!

આમ તો વેરવૃત્તિ સનાતન છે અને વિશ્વવ્યાપી છે. જોકે આપણા ભારતીય સંસ્કાર અનુસાર પતિ કે પત્ની 'પડ્યું પાનું નિભાવી લે'- વેર ન લે ને જતું કરે.

વિદેશમાં એવું નથી. વેર લેવાનું નક્કી કરે તો પાકે પાયે લે. ટેક્સાસનો આ કિસ્સો જાણો

યુવક ડસ્ટન હોલવેને એક મોડી રાતે એની ગર્લ ફ્રેડને મળવાની તીવ્ર ઈચ્છા થઈ.. ગર્લ ફ્રેન્ડ મેરીને સરપ્રાઈસ આપવા એને કહ્યા વગર મેરીને ઘેર પહોંચી ગયો તો એને જ આંચકો લાગ્યો. મેરી એના બેડરૂમમાં કોઈ અજાણ્યા યુવકના આશ્લેષમાં સૂતી હતી! ગુસ્સે ભરાયેલા ડસ્ટનને પહેલાં થયું બન્નેને જગાડીને બેવફા મેરીને જોરદાર ઠપકારું પછી ઠંડા કલેજે વિચાર કરીને એણે લવરના પડખે ગાઢ નિદ્રામાં સૂતેલી મેરીના ફોટા પાડ્યા પેલા બે સૂતા છે અને એમની પાસે પોતે ઊભો છે એવા પુરાવા તરીકે સેલ્ફી પણ ક્લિક કર્યા ને પછી મેરીના બેડરૂમમાંથી ડસ્ટન સરકી ગયો.



સિમેન્ટ ભરેલી કાર... સિમેન્ટ જેવું સોલિડ વેર!



બેવફા ગર્લફ્રેન્ડ કોઈ સાથે સહશયન કરે છે એ તસવીરથી લીધું વેર...

ઘેર પહોંચી પોતાની ગર્લફ્રેન્ડના નામ સાથે એની સાથે બેડરૂમમાં સૂતેલા એના અનામી લવરની તસવીરો અને પોતાની આંખે દેખેલી દાસ્તાન ડસ્ટને સોશિયલ મીડિયામાં વહેતી કરી ને ગણત્રીના ક્લાકોમાં તો તહેલકો મચીએ ગયો. બેવફા મેરીની તો વાત જવા દો, પણ રાતે એની સાથે સૂતેલા ગુમનામ યુવાનની પત્ની કે પ્રેયસીએ એની કેવી વાટ લગાડી દીધી હશે એની તો આપણે માત્ર કલ્પના જ કરવી રહી!

હવે આ એક આકરા વેરનોય કિસ્સો જાણી લો. વાત રશિયાના સેન્ટ પીટર્સબર્ગની છે. અહીંના એક જાણીતા ડિપાર્ટમેન્ટ સ્ટોરે પોતાનું સેલ વધારવા અને સુપર સ્ટોરની પબ્લિસિટી કરવા એવું જાહેર કર્યું કે અમારે ત્યાં અમુક-તમુક રકમની ખરીદી કરનાર મહિલા -ગ્રાહક પોતાની સરનેમને બદલે પોતાના નામ સાથે જો અમારા સુપર સ્ટોરનું નામ જોડી દે તો એને અડધા લાખનું રોકડ ઈનામ મળશે અને એ પણ અમુક મહિના સુધી! .

આ લોભામણી યોજનામાં અનેક સ્ત્રીઓ જોડાઈ ગઈ એમાં જ્યુથિકા પણ હતી. એણે અહીંથી ખરીદી કરી અને પેલી યોજના મુજબ ઈનામ મેળવીને પોતાની પતિની અટકને બદલે એણે સુપર સ્ટોરનું નામ જોડી દીધું. આવી બે-ત્રણ મહિના ખરીદી કરીને ઈનામી રકમ મેળવી. જ્યુથિકાના પતિને આ ગમ્યું નહીં. પણ મૂંગા મોઢે એ બધો તાલ જોતો રહ્યો. આ દરમિયાન, જ્યુથિકાએ મેળવેલી ઈનામી રકમમાં પોતાની બચત ઉમેરીને પોતાની ગમતી બ્રાન્ડની એક ફૂટડી કાર એણે ખરીદી. હવે એના પતિનો છૂપો ગુસ્સો ફૂંફાડા મારતો બહાર આવી ગયો. એક રાતે એ સિમેન્ટ કોન્ક્રિટનું મશીન ભાડે લઈ આવ્યો અને ઘરની બહાર પાર્ક કરેલી પત્નીની નવી નક્કોર કાર સિમેન્ટ કોન્ક્રિટથી છલોછલ ભરી દીધી!

આને કહેવાય સિમેન્ટ જેવું સોલિડ વેર!

ઈર્ષા સાથે જો વેરનો ગુણાકાર થાય તો એનું પરિણામ કેવું વિસ્ફોટક આવે એની એક ઘટના હમણાં ગયા અઠવાડિયે છત્તીસગઢમાં બની. અહીંના ભિલાઈ સિટીના એક જાણીતા બિલ્ડરને ત્યાં તન્વી (ઓળખ બદલી છે) નામની એક સેક્રેટરી હતી. ન જાણે કેમ પોતાની પત્ની અને એના બિલ્ડર બોસ વચ્ચે અફેર છે એવો શક એના પતિ મૃગાંકને હતો. પત્ની અને એના બોસની બધી હિલચાલ પર એ નજર રાખતો હતો. પોતાનો શક યકીનમાં પલટાતો જતો જોઈને મૃગાંકે બોસ પર વેર લેવાનો પ્લાન ઘડ્યો. 'યુટ્યૂબ' પરથી એણે બોમ્બ બનાવવાની ક્રિયા જાણી લઈ મૃગાંકે એક મિની બોમ્બ બનાવીને તક મળતા ગુપચુપ બોસની કારમાં ગોઠવી દીધો પછી બોસ જ્યારે કારમાં હતો ત્યારે મૃગાંકે રિમોટ કન્ટ્રોલથી બ્લાસ્ટ કર્યો. કારને ભારે નુકસાન થયું, પણ સદભાગ્યે બોસ મામુલી ઈજા સાથે ઉગરી ગયો..પોલીસે આદરેલી તપાસમાં સીસી ટીવીના ફૂટેજ પરથી જાણવા મળ્યું કે કોઈ માસ્કધારી માણસ કારની નીચે કઈંક ફીટ કરી રહ્યો છે..એના દેખાવ પરથી પોલીસને બોસની સેક્રેટરીના પતિ મૃગાંક જેવો લાગ્યો. કડક ઊલત તપાસમાં મૃગાંકે પણ આ ગુનો કબૂલ કરી લીધો..

આમ વેરનાં વળામણાં જેટલાં રોચક લાગે એમ એટલાં જ અકળામણાં અને ફસામણાં બની જાય છે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## માસપાલોમાસ - ડ્યુન્સથી લાઈટહાઉસ સુધી...



**વેકેશનની** સવાર રોજિંદા જીવન કરતાં થોડી તો અલગ લાગે જ. તેમાંય સૂરજ ઊગતાની સાથે જ દરેક તરફ દરિયો દેખાવા માંડે એટલે વેકેશન પર જ છીએ તેનું જાણે કન્ફર્મેશન મળી જાય. ગ્રાન કેનેરિયામાં ઇનલેન્ડ ગામડાંઓમાં ઘણા જલસા કર્યા પછી થયું કે હજી દરિયા કિનારે તો સમય વિતાવ્યો જ નથી. હવે અહીં બીચની તો કોઈ કમી ન હતી. દરેક વિસ્તારના પોતાના એક-બે બીચનો સેટ-અપ હતો જ. અમારા એપાર્ટમેન્ટ પાસેના બીચને તો અમે જાણે ઘરકી મુર્ગી સમજતાં હતાં. એવામાં અહીંના સૌથી ખ્યાતનામ બીચ માસપાલોમાસ એક વાર તો જવું જ એવું બ્રેકફાસ્ટ પર ચર્ચાયું. આજે જ ઊપડી જઈએ એમાં બધાં જ તૈયાર થઈ ગયાં. અમે બીચ માટે જરૂરી ચીજોની બેગ અને ટોવેલ્સ હંમેશાં કારમાં સાથે જ રાખતાં, એટલે જ્યારે પણ પાણીમાં પડવાનું મન થઈ આવે ત્યારે અમે સજ્જ હોઈએ.

માસપાલોમાસ ગ્રાન કનેરિયાનો એટલો ખ્યાતનામ વિસ્તાર છે કે ઘણાં લોકો જર્મનીમાં તો ટાપુના નામને બદલે સીધાં માસપાલોમાસ વેકેશન માટે જઈએ છીએ એવું જ કહે છે. માત્ર બીચ પર જ જવું હોય તો સીધું માસપાલોમાસના કોમર્શિયલ બીચ અને ખાણીપીણીના વિસ્તારમાં પહોંચી જવાય, પણ અમને સીધેસીધાં બીચ પર પહોંચવામાં થોડી મજા આવે. અમે પહેલાં તો માસપાલોમાસનાં ડ્યુન્સ પર પહોંચ્યાં. અહીંનો રણ વિસ્તાર ફુઅર્ટેવેન્ટુરા કરતાં સાવ અલગ જ છે. ખાસ તો એટલા માટે કે ત્યાં પહોંચવાનું સાવ સરળ છે. ડ્યુન્સનો વિસ્તાર પ્રમાણમાં થોડો નાનો પણ છે. જોકે તેનો ફાયદો એ છે કે ત્યાં ચાલીને લટાર મારવાનો એકદમ સરળ રસ્તો છે. મજાની વાત એ છે કે અહીંના રણની રેતી જાણે સીધી દરિયાને જઈને મળે છે.

ડ્યુન્સના એન્ટ્રી પોઇન્ટ પર એક કાફેની બહાર જીલાટો મળતો હતો. હજી બ્રેકફાસ્ટ કરીને જ નીકળેલાં, પણ તે જોઈને જરાય રહી શકાયું નહીં. ગરમી આમ પણ વધી રહી હતી, એવામાં આ રણ ખેડવાનું જ હોય તો થોડો જીલાટો પેટમાં પડી જાય એનાથી વધુ મોટિવેશન બીજું શું હોઈ શકે. રણમાં ચાલીને જવાની એક કેડી બનાવેલી હતી. તેમાં પ્રવેશતા પહેલાં એક પોડિયમ બનાવેલું હતું. જાણે ત્યાં પથ્થરના ચોક અને તેની પાળીઓ પર બેસીને કુદરતના વૈવિધ્યનો ડ્રામા જોવાનો હોય તેમ માળખું બંધાયેલું હતું. ત્યાં થોડાં બોર્ડ પર આ વિસ્તાર, તેનું ભૌગોલિક મહત્ત્વ બધું લખેલું હતું. અમે તો જીલાટો પતાવવામાં પડ્યાં હતાં. તે પછી સજ્જ થઈને રણમાં ઝંપલાવ્યું. પહેલાં બાંધેલા રસ્તા પર બધી તરફ રણ હતું જ, પણ પાછળ હોટલ, બીજી તરફ ધમધમતો વિસ્તાર, એ બધું જરાય એ નહોતું ભૂલવા દેતું કે આ ડ્યુન્સ જાણે એક એક્સ્ટેન્ડેડ રેતીનો બીચ જ હોઈ શકે. જોકે થોડું આગળ ચાલ્યાં અને બધી તરફ રેતીની ટેકરીઓ અમને ઘેરી વળી. એક ટેકરી પર ચઢીને ત્યાંથી દરિયાનો વ્યુ પણ માણ્યો. રણમાં પહેલાં કદી આવા જલસા કરવા નથી મળ્યા.

આ રણ જ્યાં દરિયાને જઈને મળતું હતું ત્યાં બેસીને આખો દિવસ વિતાવી શકાય તેમ હતું, પણ અમે રણમાં જ ત્રણ-ચાર કિલોમીટર ચાલીને એવાં ઠૂસ થઈ ગયેલાં કે ન દરિયામાં જવાની ઇચ્છા હતી ન પાછાં ચાલીને ગાડી સુધી જવાની કેપેસિટી. એવામાં ડ્યુન્સ પાછળ રહી ગયાં અને અમે કોમર્શિયલ સેન્ટર તરફ આવી ગયેલાં. અહીં દુકાનો અને રેસ્ટોરાં વચ્ચે ઘણી ધમાધમી હતી. દુકાનો ખાસ અહીં ઓછા ટેક્સના કારણે સસ્તામાં મળતાં કોસ્મેટિક્સ માટે જાણીતી છે. અમે એ પ્રકારનાં શોપર્સ નથી પણ જેમને શોપિંગમાં મજા આવતી હોય એમને માસપાલોમાસના બીચ પર એની પણ મજા આવી જાય. એક પ્રકારનો બીચ મોલ જ સમજો ને. અંદરની તરફ રેસ્ટોરાંની પણ કોઈ કમી ન હતી. અમે પહેલાં ત્યાં આંટો માર્યો અને જોયું કે લોકો ક્યાં વધુ છે અને તેમની પ્લેટ પર સી-ફૂડ સિવાય કંઈ વેજિટેરિયન પણ દેખાય છે કે નહીં તે ખાતરી કરી જોઈ.

અંતે એક ઇટાલિયન, મોરોક્કન, સ્પેનિશ રેસ્ટોરાંમાં એક બહેનની પ્લેટ પર ગ્રિલ્ડ રીંગણ જોઈને લાગ્યું કે ત્યાં વેજિટેરિયન ટાપાસ મળવા જ જોઈએ, અને અમને મળી જ ગયા. ગ્રિલ્ડ રીંગણ, ઝુકિની, પટાટા બ્રાવાસ, ઓલિવની વાડકી, મોહો રોહો અને આયોલીનાં ડિપ્સ અને મજેદાર કરકરી બગેટ બ્રેડ સાથે થાક ક્યાંય ભુલાઈ ગયો. અહીંથી આફ્રિકા કેટલું નજીક છે તેની ચર્ચા થઈ. ખાસ તો એટલા માટે કે આ રણની ધૂળ આફ્રિકાથી ઊડીને આવતી હોય તેવું પણ જાણવા મળી રહ્યું હતું. ગરમીમાં પણ લંચના જલસા થઈ ગયા. હવે કુમારને ઉત્સાહ આવી ગયો હતો કે તે દોડીને રણના રસ્તે પાછો જશે અને રણની બીજી તરફ પડેલી કારને આ છેડે અમારાથી નજીક લઈ આવશે. અમે ત્યાં સુધી લાઇટ હાઉસ એક્સપ્લોર કરવામાં લાગી ગયાં. આ અત્યાર સુધીનો સૌથી વ્યસ્ત બીચ લાગતો હતો. અમે થોડી વાર લાઇટહાઉસની પાછળનાં પગથિયાં પર બેસીને ટીટોડીઓ તથા તેનાં બચ્ચાંઓને પાણીથી બચીને કિનારા પર દોડાદોડી કરતાં જોયાં. ત્યાં ત્રણ સો વર્ષ જૂનાં લાઇટહાઉસ નીચે મમ્મી-પપ્પા સાથે ગપ્પાં મારવામાં અને દરિયો જોવામાં સમય જાણે વધુ પડતો ફાસ્ટ જતો હતો અને રોકાઇ પણ ગયો હતો. વેકેશનની એ પણ મજા છે, સમય ક્યાં જતો રહે તે ખબર જ નથી પડતી.

કુમાર પાછળની ગલી પરના સર્કલ અને પાર્કિંગ તરફ આવીને ફોન કરવાનો હતો. અમે એ તરફ ગયાં તો વધુ થોડાં સ્કલ્પચર દેખાઈ ગયાં. આ જ રસ્તા પર એક સમયે ૧૫૦૦ની સદીમાં ક્રિસ્ટોફર કોલમ્બસ રોકાયો હતો. માસપાલોમાસમાં હજી જોવાનું તો બીજું ઘણું હતું પણ અમે અહીંનાં રણ અને દરિયા સામે પૂરતો સમય વિતાવી ચૂકેલાં. હવે એપાર્ટમેન્ટની બાલ્કનીથી સનસેટ જોવા માટે અને રિલેક્સ થવા માટે અમે મન બનાવી લીધું હતું. ■








## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com



### ટેરિફ વોરઃ

# શું યુએસએ વધુ એક વાર ‘ગ્રેટ ડિપ્રેશન’ તરફ ધકેલાશે?

કોઈ એક જૂની ફિલ્મનો કોમેડી સીન યાદ આવે છે. એક પાર્ટીમાં મહાલી રહેલા એક સજ્જનનો કોટ કોઈક કારણસર ફાટી જાય છે. પેલા સજ્જન વળતા પગલા તરીકે બીજા એક સજ્જનનો કોટ ફાડી નાખે છે. અને પછી તો એકબીજાનાં કપડાં ફાડવાની જે હોડ લાગે છે એના પરિણામે પાર્ટીનું દૃશ્ય હુલ્લડમાં પલટાઈ જાય છે....

આજે આવો જ સિનારિયો સર્જાયો છે. અત્યારે વિશ્વના મોટા મોટા નેતાઓ આવું જ હુલ્લડ મચાવવાના મૂડમાં છે. ટ્રમ્પે બીજી ટર્મ શરૂ થતાવેંત ચીન, મેક્સિકો અને કેનેડાથી આયાત થતી પ્રોડક્ટ્સ પર ભારેખમ જકાત લાદીને ‘ટેરિફ વોર’નું રણશિંગુ ફૂંક્યું છે. જવાબમાં આ ત્રણેય દેશોએ પણ અમેરિકી સામાન પરના ટેરિફ દરોમાં વધારો કર્યો છે. આવનારા દિવસોમાં યુરોપ પણ આ બબાલમાં લપેટાયા વિના રહેવાનું નથી. આ ‘ટેરિફ વોર’નો અંજામ શું આવશે એ તો આવનારા સમયમાં જ ખબર પડશે, પણ ટેરિફ વોરના અમુક ઐતિહાસિક પ્રસંગો જાણવા જેવા છે.

સાદી ભાષામાં ‘ટેરિફ’ એટલે વિદેશમાંથી આયાત થયેલા માલ ઉપર લાગતી જકાત. જ્યારે બે દેશ વચ્ચે રાજકીય સંબંધો બગડે અથવા વધુ પડતી આયાતને કારણે કોઈ એક દેશના અર્થતંત્રને નુકસાન થતું હોય ત્યારે આયાતી માલ પર ધરખમ જકાત લાદવામાં આવે છે, જેથી દેશની પ્રજા વિદેશી માલનો મોહ છોડીને દેશી કંપનીઓ દ્વારા બનાવવામાં આવેલો માલ ખરીદવા પ્રેરાય. નિષ્ણાતો માને છે કે ટેરિફ લાદવાથી દેશના અર્થતંત્રમાં નજીકનો ફાયદો અને દૂરનું નુકસાન જોવા મળે છે.



‘મહા મંદી’નું દૃશ્ય

જો કે આ મામલો બહુ પેચીદો છે. અહી બે ઉદાહરણ જાણવા જેવા છે. આ બંને ઉદાહરણ ૧૯૨૦-૧૯૩૦ વચ્ચેના છે. એ સમયે જર્મની અને પોલેન્ડને એકબીજા સાથે અણબનાવ. (આ એ સમય હતો જ્યારે જર્મની દેશનું સત્તાવાર નામ પણ થોડાં વર્ષો માટે બદલાઈ ગયેલું! જેની વાત ફરી ક્યારેક.) પોલેન્ડને જર્મનીએ દાઢમાં રાખેલું. એને આર્થિક ફટકો મારવાની તક માટે જર્મની ચુકે નહિ. બીજી તરફ, પોલેન્ડની પોતાની પરિસ્થિતિ સાવ ડામાડોળ. વધારાનો આર્થિક ફટકો વાગે તો પોલેન્ડનું અર્થતંત્ર તૂટી પડે. ભૌગોલિક પરિસ્થિતિ એવી કે પોલેન્ડે પશ્ચિમ યુરોપ સુધી પોતાનો માલ પહોંચાડવો હોય તો જર્મનીમાંથી પસાર થવું પડે. જર્મનીએ મોકાનો ફાયદો ઉઠાવીને પોલેન્ડથી આયાત થતા સ્ટીલ અને કોલસા ઉપર ભારે કર નાખ્યો. શરૂઆતમાં જર્મની જે ઈચ્છતું હતું એ મુજબનાં જ પરિણામ દેખાયાં . પોલેન્ડમાં ભારે આર્થિક મંદી આવી, પણ પછી પોલેન્ડે વળતી લડત આપી. કોલસો અને સ્ટીલ જેવા પોતાના ઉત્પાદનોને ઘરઆંગણે ઉપયોગમાં લેવાનું શરૂ કર્યું અને મોટા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ શરૂ કર્યા, જેને પરિણામે પોલેન્ડમાં બે મહત્ત્વના ડેવલપમેન્ટ થયા. એક તો પોલિશ ‘કોલ ટ્રંક લાઈન’ નામનું દેશનું સૌથી મોટું રેલ નેટવર્ક વિકસ્યું. અને બીજું મહત્ત્વનું કામ એટલે ‘પોર્ટ ઓફ ગીડિન્યા’ નામક અત્યંત મહત્ત્વના બંદરનો વિકાસ. આ પોર્ટને કારણે પોલેન્ડને પોતાનો માલસામાન પશ્ચિમી યુરોપ સુધી પહોંચાડવાનો માર્ગ મળી ગયો. ટૂંકમાં જર્મનીએ લાદેલા ટેરિફ પોલેન્ડ માટે લાંબા ગાળે આશીર્વાદરૂપ નીવડ્યા. નવા વેપારી માર્ગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે પોલેન્ડને યુરોપમાંથી નવા ટ્રેડ પાર્ટનર દેશ મળ્યા.

બીજી તરફ જર્મનીના કુલ વેપારના ૪-૫% જેટલો જ વેપાર પોલેન્ડ સાથે હતો એટલે જર્મનીને પણ ખાસ ફરક પડ્યો નહિ.

ટેરિફ વોરનો બીજો દાખલો ખુદ અમેરિકાનો છે. ૧૯૨૨માં અમેરિકામાં વોરન હાર્ડિંગ પ્રમુખપદે હતા. એ વખતે જોસેફ ફોર્ડની અને પોર્ટર મકુમ્બર નામક બે સેનેટર્સની બનેલી કમિટીએ વધારાના ટેરિફ લાદવાની ભલામણ કરી.

ઇતિહાસમાં આ ટેરિફ ‘ફોર્ડની-મક્કુમ્બર ટેરિફ’ તરીકે જાણીતા છે. બંને મહાનુભાવનો હેતુ એક્સ્ટ્રા ટેરિફ વડે વિદેશી માલને અમેરિકી માલ કરતાં મોંઘો કરવાનો હતો, જેથી અમેરિકન્સ વિદેશી માલનો મોહ છોડીને પ્રમાણમાં સસ્તો અમેરિકી -સ્વદેશી માલ અપનાવે. એમ થાય તો અમેરિકન કંપનીઓને અને સરવાળે દેશના અર્થતંત્રને ફાયદો થાય, એ પણ પાસાં અવળા પડ્યાં અને ઊલટાની મોંઘવારી વધી ગઈ. અમેરિકી કંપનીઝને કાચા માલની આયાત મોંઘી પડતી હતી. લોકો વિવિધ પ્રોડક્ટ્સ ઉપર જે વેલ્યૂ એડેડ ટેક્સ ચૂકવતા હતા, એ વધીને ૩૮ ટકા જેટલા ઊંચા સ્તરે પહોંચ્યો!

અહીં બીજો એક એન્ગલ પણ હતો, જે અર્થતંત્રની આંટીઘૂંટી સમજવામાં ઉપયોગી થાય એવો છે. વાત એવી હતી કે જે જે દેશ અમેરિકાને પોતાનો માલ નિકાસ કરતા હતા એમની કમાણી ગોળ ફરીને પાછી અમેરિકામાં જ જતી હતી.

પ્રથમ વિશ્વયુદ્ધ વખતે આ દેશોએ અમેરિકા પાસેથી મોટા પાયે ‘વોર લોન’ લીધેલી. અમેરિકાને માલસામાન વેચીને જે કમાણી થાય, એમાંથી જ તો લોનના હપ્તા ભરાતા હતા. અમેરિકાએ ટેરિફ લાદ્યા એમાં આ આખી સાઈકલ ખોરવાઈ ગઈ. એનું નુકસાન અમેરિકાની બેન્ક્સને પણ ભોગવવાનો વારો આવ્યો! નિષ્ણાતોના મતે ટેરિફની દૂરગામી અસરો આનાથી ય ક્યાંય વધુ ખતરનાક હતી. અમેરિકાએ ટેરિફ લાદ્યો એના જવાબી પગલા તરીકે બીજા દેશોએ અમેરિકી માલસામાન પર વળતો ટેરિફ ફટકાર્યો! ફ્રાન્સ દ્વારા અમેરિકી ઓટોમોબાઈલ્સની આયાત પર ૪૫થી ૧૦૦% જેટલો, જ્યારે સ્પેન દ્વારા અમેરિકન માલ પર ૪૦% ટેક્સ લાદવામાં આવ્યો. જર્મની અને ઈટાલીએ અમેરિકન ઘઉં ઉપર ટેરિફ નાખ્યો. એક સમયે અમેરિકી અર્થતંત્ર ફૂલગુલાબી તેજીમાં હતું, પણ ટેરિફવોરને પ્રતાપે એમાં મોટાં ગાબડાં પડ્યાં.

૧૯૨૯માં શેરબજારમાં ભયંકર કડાકો બોલી ગયો. ડાઉ જોન્સ ૩૮૧ની સપાટી તોડીને ૧૮૧ સુધી ગગડ્યો! એ પછીના દસ વર્ષ અમેરિકામાં ભયંકર આર્થિક મંદી રહી. ઇતિહાસના પાને આ સમયગાળો ‘ગ્રેટ ડિપ્રેશન’ના નામે અંકિત થયો.

અર્થશાસ્ત્રીઓ માને છે કે અમેરિકાને ગ્રેટ ડિપ્રેશન તરફ ધકેલવામાં બીજા પરિબળોની સાથે સાથે ટેરિફ વોરનો બહુ મોટો ફાળો હતો.

હાલ શરૂ થયેલી ટેરિફ વોરનાં કેવાં પરિણામ આવશે એ તો આવનારો સમય જ કહેશે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

### પ્રયાગમાં મહાકુંભ અવસરે

# ચુનિયો કરાવે છે બધાને પીપડાનું શાહી સ્નાન!



‘મારા મતદાર ભાઈઓ-બહેનો, કુંભમાં ડૂબકી લગાવવી એ અતિપુણ્યનું કામ છે. દરેકને એ સૌભાગ્ય પ્રાપ્ત નથી થતું. એવા ઘણા લોકો છે જે ત્રિવેણી સંગમ સુધી જઈ શકે તેમ નથી... એમના માટે દરેક શહેરમાં ત્રિવેણી સંગમની વ્યવસ્થા કરવામાં આવશે....

‘હું જાણું છું કે શ્રદ્ધાળુઓ મહાકુંભમાં સંતો-મહંતોનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે, પરંતુ મારા ધ્યાનમાં આવ્યું છે કે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત થાય ત્યારે દુર્ઘટના ઘટે છે. જો મને મત આપી ચૂંટશો તો તમારે ક્યાંય જવાની જરૂર નથી. સાધુ-સંતોને આપને દ્વાર દર્શન માટે મોકલવામાં આવશે.

‘હું તમને ખાતરી આપું છું કે જે કુંભ ૧૪૪ વર્ષે યોજાય છે તે દર વર્ષે યોજાય તે માટે પ્રયત્ન કરવામાં આવશે....’

આવા વજનદાર વચનવાળા ભાષણ પછી લોકોની તાળીઓના ગડગડાટ સાથે નેતાનો જયજયકાર થતો હતો.

પાછી અંદરોઅંદર ચર્ચા પણ થતી હતી કે આ બહુ સારી યોજના કહેવાય... દર વર્ષે મહાકુંભ થાય તો ભીડ વહેંચાઈ જાય અને આ વર્ષે જે સ્નાન ન કરી શકે તે આવતા વર્ષે સ્નાન કરી શકે.

આવું બધું સાંભળ્યા પછી મને એમ થયું કે મારા ખર્ચે આ તમામ લોકોને મહાકુંભમાં લઈ જાઉં અને ડૂબકી મરાવી દઉં. પેલા નેતાએ તો કુંભમાં ગુમ થઈ જવું જોઈએ, પરંતુ આવા અજ્ઞાન અને અબૂધ લોકો જ દેશનું નામ બદનામ કરે છે.

હાલ તો લોકો મહાકુંભમાં ત્રિવેણી સંગમમાં સ્નાન કરી જિંદગીભરનાં પાપ ધોવાઈ રહ્યાં છે તેનો આનંદ માણી રહ્યા છે.

અમારો ચુનિયો રોજ ટીવી ચાલુ કરી ત્રિવેણી સંગમનાં દર્શન કરી અને ટીવી સામે જ મોટા ઢોલ કહેતાં પીપડું કહેતાં ડ્રમમાં પાણી ભરી તેમાં બેસી માત્ર ડોકું બહાર રાખી ટીવી સામું જોઈ રહે છે. અમારી બાજુવાળા પદુભાઈ જે ૧૫-૨૦ કિલોમીટર ચાલી ત્રણ-ચાર ડૂબકી મારી અને ત્યાંથી ત્રિવેણી સંગમનું પાણી એક શીશામાં ભરી અને લઈ આવ્યા હતા તેમાંથી ચુનિયો બે-ચાર ટીપાં નાખી ત્રિવેણી સંગમનો માહોલ ઊભો કરે. રોજ કોઈ ને કોઈ વીઆઈપી જેવો ટીવીમાં ડૂબકી મારે એટલે અહીં ચુનિયો પણ પાણીના અડધા ભરેલા ડ્રમ, કહેતાં પીપડામાં ડૂબકી મારે. પછી ગામ આખામાં કહેતો ફરે કે ‘કુંભમાં જેટલી સેલિબ્રિટ એ ડૂબકી મારી અને સ્નાન કર્યું એમની સાથે સાથે મેં પણ ડૂબકી મારી અને સ્નાન કર્યું છે....!’

છેલ્લા દસ દિવસથી તો આ સિસ્ટમથી ચુનિયાએ બિઝનેસ ચાલુ કરી દીધો છે - ૧૦ ડ્રમ અને દરેકમાં ૧૦-૧૦ ટીપાં પવિત્ર પાણીનાં નાખી દે. મોટી ટીવી સ્ક્રીન સામે જેવા કોઈ સેલિબ્રિટી ડૂબકી મારે એટલે અહીં ૧૦ ડ્રમમાં ઊભેલા ડૂબકી મારે.

જોકે વચ્ચે બે દિવસ માટે એકદમ ડ્રમ કહેતાં પીપડામાં પ્રશ્ન થયો હતો. બાજુની સોસાયટીમાં રહેતા ઓઘડભાઈ એમના કમરના ઘેરાવાને કારણે ડ્રમમાં ફસાઈ ગયા હતા. હવે તો જોકે આવા ડ્રમ-ફાડ બોડીવાળાઓ માટે ચુનિયાએ બહાર બેસી ને ડોલ અને ડબલા સાથે નાહી શકાય તેવી વ્યવસ્થા કરી દીધી છે.

એક ડ્રમથી શરૂ કરેલું આ કામકાજ આજે ૫૦ ડ્રમસ્નાનનો લોકો લાભ લઈ રહ્યા છે. દર અડધી કલાકે જેમ ટ્યુશનની બેચ બદલાય તેમ સ્નાનની બેચ પણ બદલાઈ જાય છે.

મને મળ્યા પછી ચુનિયો એવું કહેતો હતો કે ‘કુંભ સ્નાનનો છેલ્લો દિવસ આપણે સોસાયટીના સ્વિમિંગ પૂલમાં જ રાખવો છે. અડધો શીશો ત્રિવેણી સંગમનું જળ તેમાં ભેળવી લોકોને આહ્‌વાન કરવું છે અને જમણી બાજુથી સ્વિમિંગ પૂલમાં પડી ડૂબકી મારી ડાબી બાજુથી નીકળી જાય. ૨૪ કલાક આ સ્નાન ચાલુ રહેશે. ભલે બધાનાં પાપ બળી જાય.’

મેં કહ્યુંઃ ‘ચુનિયા આવું બધું કરીને તું પાપમાં પડે છે.’

એ મને કહેઃ ‘છેલ્લે હું પણ ડૂબકી મારી લઈશ એટલે હતો એવો ને એવો!.’

આ કુંભમેળો આવવાનો હતો તે પહેલાં સટોડિયા સિરીઝનો સરતાજ એવો શૈલેષ મને કહેતો હતો કે મારા જેટલા શેરબજારના ક્લાઈન્ટ છે તે બધાને બાય ફ્લાઈટ લઈને કુંભ જવું છે ને ત્યાં બધાને જલસા કરાવવા છે. મેં કહ્યુંઃ ‘ત્યાં જલસા નહીં ધર્મ કરવા જવાનું હોય.’

મને હમણાં ગઈકાલે ભેગો થયો હતો મેં પૂછ્યુંઃ ‘કાં શૈલેષ, બધાને જાત્રા કરાવી આવ્યો?’

મને કહેઃ ‘હમણાં ઊંધી સર્કિટ લાગી તેમાં બધા અહીં જ નહાઈ રહ્યા છે. જે લોકો અહીં ડૂબ્યા એમણે કુંભમાં ડૂબકી મારવાની જરૂર નહીં...!’

ચુનિયાના સાળાએ ઘરમાં ઉપાડો લીધો કે ‘મારે કુંભમાં જવું જ છે. અહીં કોઈ દીકરી દેતું નથી તો કુંભમાંથી શોધી લાવીશ.!’ એમાંય જ્યારથી મીડિયામાં પેલી ભૂરી આંખવાળી છોકરી વાયરલ થઈ છે ત્યારથી તેમાં ડૂબકી મારવાવાળાની સંખ્યા વધતી જાય છે.

આ વખતનો કુંભમેળો ભાતીગળ ઓછો અને હાઈ ટેક વધારે રહ્યો છે. શ્રદ્ધાથી ભક્તિભાવથી જવાવાળાની સંખ્યા જેટલી જ કદાચ રીલ બનાવવાવાળાની સંખ્યા ત્યાં પહોંચે છે.

કુંભના મેળામાં ઘણા ઘણું શોધવા જાય છે. તો ઘણા લોકો ખોવાઈ જવા પણ જાય છે. ફિલ્મની સ્ટોરી પ્રમાણે બે ભાઈ કુંભના મેળામાં ખોવાઈ જતા હોય તેવું ઘણી વાર સાંભળ્યું છે આ સાંભળેલી વાત પર ઘણા પરિણીત પુરુષો પત્નીને લઈ અને કુંભના મેળામાં જાય છે. કાને સાંભળેલી વાત પર પણ કેટલો વિશ્વાસ ધરાવે છે તે જોવાની વાત છે. પવલાના બાપા એની બાની આંગળી છોડાવી ભીડમાં ગુમ થઈ ગયા, પરંતુ પ્રશાસનનું પોલીસ તંત્ર એટલું સજાગ છે કે બાપા ૧૫ કિલોમીટર છેટે પહોંચી ગયા છતાં મોઢાના વર્ણન પરથી ચંદુ બાપાને મંછા માસી ભેગા કરી દીધા. ચંદુ બાપાએ મોટો નિહાહો નાખેલો કેઃ ‘આવી તે કાંઈ વ્યવસ્થા હોય? માણસને કુંભમાં સ્નાન કરી માત્ર પાપથી જ નહીં બીજા કંઈકથી પણ છુટકારો જોઈતો હોય. એ વખતે એને ગોતી લેવા જરૂરી હોય છે? ઉપરવાળો તમને ક્યારેય માફ નહીં કરે.’

હિન્દીભાષી પોલીસવાળાએ ચંદુ બાપાનાં દુઃખનાં આંસુને હર્ષનાં આંસુ સમજી માસીને સોંપી દીધા.

આ વર્ષે મહાકુંભમાં પુરુષોની સંખ્યા ખૂબ વધી ગઈ છે જેટલા જાય છે તેટલા પાછા નથી આવતા. બહેનો, આ વિશે ગંભીરતાથી વિચારે.... ■

### વિચારવાયુ

*જે લોકો આ કુંભમેળામાં ન જઈ શક્યા હોય તે લોકો ચિંતા ના કરે. હું આવતા કુંભમાં મારા ખર્ચે જરૂર લઈ જઈશ. ત્યાં સુધી પાપ ન કરશો, જાળવી જજો...*

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# સ્થાપત્યમાં જરૂરી દૃશ્ય-અનુભૂતિ







એ તો સ્વાભાવિક છે કે મકાન ઉપયોગીતા માટે બનાવાય છે. સ્થાપત્યની રચના પાછળનું મૂળ હેતુ માનવીના જે તે વ્યક્તિગત કે સામૂહિક કાર્ય માટે સગવડતા ઉભી કરવાનો હોય છે. સાથે સાથે એ પણ જરૂરી છે કે સ્થાપત્યમાં ચોક્કસ પ્રકારની દૃશ્ય અનુભૂતિ સ્થપાય. યોગ્ય રીતે નિર્ધારિત કરાયેલ દૃશ્ય અનુભૂતિ મકાનની પ્રારંભિક સ્વીકૃતિમાં મદદરૂપ થતી જોવા મળે છે. જો મકાન પહેલી નજરે જ પ્રશ્નો ઊભા કરે તો લાંબા સમયે આ પ્રશ્નો વધવાની તેમ જ જટિલ થવાની સંભાવના હોય છે. બેંકનું મકાન મલ્ટિપ્લેક્સની શૈલીમાં ન બનાવાય અને મલ્ટિપ્લેક્સનું મકાન લશ્કરી છાવણી જેવું ન લાગવું જોઈએ. માનવીના મનમાં પ્રત્યેક મકાન માટે એક છબી અંકિત થયેલી હોય છે, તેની સાથે અમર્યાદિત છૂટછાટ લેવી હિતાવહ નથી. તે પ્રકારની રચના કોઈપણ સંજોગોમાં સહજતામાં સ્વીકાર્ય ન બને.

બેંકમાં લોકો પોતાની જીવનભરની મૂડી મૂકતા હોય છે અને તેથી બેંકના મકાનની અનુભૂતિમાં સ્થાયિત્વનો ભાવ ઊભરે તે ઇચ્છનીય ગણાય. સાથે સાથે, બેંકના મકાનમાં વિશ્વસનીયતા તેમજ સલામતી પણ વ્યક્ત થવી જોઈએ. આની માટે બાંધકામની સામગ્રીની પસંદગી ઉપરાંત ચોક્કસ પ્રકારનું દળદાર બાંધકામ મદદરૂપ થઈ શકે. અનુશાસન એ શિક્ષણનો એક ભાગ છે. અનુશાસનને કારણે શિક્ષણ વધુ સરળ બની રહે તેમ વૈજ્ઞાનિક રીતે સ્થાપિત કરાયું છે. તેથી શૈક્ષણિક સંસ્થાના મકાનમાં શિસ્ત દેખાવી જોઈએ, અને આ શિસ્ત સાથે થોડી મુક્તતાની સંભાવના પણ હોવી જોઈએ. મકાનમાં શિસ્તની અનુભૂતિની સ્થાપના માટે મકાનના વિવિધ ભાગોના પુનરાવર્તનમાં નિયમબદ્ધતા સ્થાપી શકાય. સાથે સાથે, આ માટે, ભૌમિતિક આકારોનું પ્રયોજન પણ મદદરૂપ થઈ શકે.

માનવી જ્યારે થાકી જાય ત્યારે મનોરંજન તરફ વળે. મનોરંજન માટે તે ચોક્કસ પ્રકારની નવીનતાનો આગ્રહ રાખતો હોય તે સ્વાભાવિક છે. રોજિંદુ જીવન તો તેનું જતું જ હોય છે, પરંતુ જ્યારે માનવી થાકે ત્યારે તે કંઈક જુદું જ અનુભવવા ઈચ્છે છે. તેથી જ મલ્ટિપ્લેક્સ જેવા મનોરંજન માટેના મકાનોમાં નાટકીયતા દેખાવી જોઈએ. અહીં રંગ, વિધ વિધ પ્રકારના આકારો, સપાટીની ઇચ્છિત બરછટતા જેવી બાબતોનો સંતુલિત ઉપયોગથી આ પ્રકારનો ભાવ ઉભારી શકાય. સરકારી કામકાજ માટે ચોક્કસ સ્થાને જવું તો પડે જ. આવા મકાનની મુલાકાત એક રીતે મજબૂરી સમાન હોય છે. આવું મકાન જો આવકારતું હોય તો માનવીને સારું ફીલ થાય. મકાનની દૃશ્ય અનુભૂતિ દ્વારા એ પણ સ્થાપિત થવું જોઈએ કે અહીં માત્ર નિયમોનું પાલન થશે. તેથી જ સરકારી કાર્યાલયના મકાનોમાં પણ નિયમબદ્ધ આયોજન જરૂરી છે. આ મકાનની અનુભૂતિમાં પણ વિશ્વસનીયતા સ્થપાય એ જરૂરી છે. આ પ્રકારની વિશ્વસનીયતા સાથે આ મકાનો આવકારતાં પણ લાગવા જોઈએ. અહીં વ્યક્તિને એવી અનુભૂતિ ન થવી જોઈએ કે ‘અહીં પ્રવેશ કરવા જેવો નથી.’ વ્યક્તિને અહીં પોતાપણું અનુભવાવું જોઈએ. આ માટે જે તે વિસ્તારની પરંપરાગત શૈલી તથા માનવીય પ્રમાણમાપનો પ્રયોગ ઇચ્છનીય ગણાય. સાથે સાથે જે તે વિસ્તારની પરંપરાગત બાંધકામની સામગ્રીનું ચયન પણ મદદરૂપ થાય.

સામાજિક સંસ્થાઓ સમાજના માળખાના કેન્દ્રમાં હોય છે. અહીં સમાજનો અગ્રતાક્રમ તથા પરંપરા દૃઢતાથી વ્યક્ત થાય તે જરૂરી છે. તેથી જ સામાજિક સંસ્થાના મકાનોમાં સામાજિક પરંપરા માટે સન્માન વ્યક્ત થવું જોઈએ. સામાજિક સંસ્થાના મકાનો સંસ્કૃતિના વિકાસની શૃંખલામાં એક કડી સમાન હોય છે. આ કડીની બનાવટ સ્થાપત્યની સ્થાનિક શૈલી તથા જે તે વ્યક્તિ સમૂહની સાંસ્કૃતિક વિરાસત અનુસારની હોવી જોઈએ. આ પ્રકારના મકાનોમાં આવી અનુભૂતિ સ્થાપવા માટે ત્યાંના ઐતિહાસિક સ્થાપત્ય-શૈલીનો સહારો લઈ શકાય. આ સિવાય પણ જે તે સાંસ્કૃતિક - સામાજિક પ્રતિકોનો ઉપયોગ પણ મદદરૂપ થઈ શકે.

મંદિરને ધાર્મિકતા તેમ જ આધ્યાત્મિકતાનું કેન્દ્ર ગણવામાં આવે છે. અહીં ઈશ્વર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંવાદ સ્થપાવવાની સંભાવના હોય છે. મંદિર સ્થાપત્ય તો આમ પણ વિશેષ ગણાય છે. અહીં સિદ્ધાંતો સાથે બાંધછોડ શક્ય નથી. આ પ્રકારના સ્થાપત્યમાં શુદ્ધતા, ચોકસાઈ, પરંપરાગત સ્થાપત્યકિય મૂલ્યો તથા આધ્યાત્મિક તત્વજ્ઞાનનું યથાર્થ અર્થઘટન મહત્ત્વનાં બની રહે છે. મંદિરમાં આ ભાવ સ્થાપિત કરવા માટે ભૌમિતિક આકારોની ભૌમિતિક ગોઠવણ સૌથી અગત્યની ગણાય છે. આ આકારો પણ પ્રાથમિક અને શુદ્ધ હોય તે જરૂરી છે. તે ઉપરાંત બાંધકામની સામગ્રી પણ ચોક્કસ પ્રકારનો ભાવ ઉભો કરવા સમર્થ હોય છે.

આ બધા સાથે આવાસની ચર્ચા પણ જરૂરી છે. આવાસ એ વ્યક્તિના વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે. તે વ્યક્તિના અગ્રતાક્રમ તેમ જ પસંદગીની પ્રસ્તુતિ છે, વ્યક્તિના સામર્થ્ય તેમજ સમાજમાં તેના સ્થાનની રજૂઆત છે. વ્યક્તિનો પરંપરા તેમ જ સંસ્કૃતિ પ્રત્યેનો લગાવ આવાસમાં વ્યક્ત થતો હોય છે. એકંદરે આવાસ એ વ્યક્તિના પ્રસાર સમાન છે એમ કહી શકાય. તેથી આવાસની અનુભૂતિમાં જે તે વ્યક્તિ સંપૂર્ણતામાં પ્રતિબિંબિત થવો જોઈએ. તેના આવાસમાં તેનો ભૂતકાળ સચવાયેલો હોવો જોઈએ, તેનો વર્તમાન ઊભરવો જોઈએ અને તેનું સંભવિત ભવિષ્ય પણ કંડારાયેલું હોવું જોઈએ. આ સંદર્ભમાં આવાસ એક જટિલ રચના બની રહે. તેમાં વ્યક્તિગતતા સૌથી વધુ મહત્ત્વની હોવાથી અન્ય મકાનોમાં જે શક્ય છે તે પ્રમાણેનું આલેખન સંભવી ન શકે.

ઉદાહરણ બીજા પણ આપી શકાય. અહીં મુદ્દો એ છે કે મકાનની દૃશ્ય અનુભૂતિનું પણ એક મહત્ત્વ છે. જો યોગ્ય સંદર્ભમાં, યોગ્ય પરિસ્થિતિ પ્રમાણે, યોગ્ય શૈલીની અનુભૂતિ સર્જવામાં આવે તો મકાનની સ્વીકૃતિ વધી જાય, જેને પરિણામે તેની ઉપયોગીતા પણ વધે અને ઉપયોગીતાની અસરકારકતા પણ વધે. ■

પ્રકરણઃ ૩૩



# ચહેરા મોહરા

**એ હજુ તો લગ્નજીવનના સુખનો અહેસાસ કરે એ પહેલાં તો કુદરતે એને કારમી થપાટ મારી દીધી હતી. કેટલાકનાં નસીબમાં સુખ માત્ર વીજળીના ચમકારા જેવું જ હોય છે!**



**પ્રફુલ્લ કાનાબાર**

હમ્મ... તો છેલ્લે મુંબઈમાં પકડાયેલ ડ્રગ્સના મોટા જથ્થાનું પગેરું અહીં સુધી પહોંચ્યું હતું. હા.. નંદગીરી ગોસ્વામીના નેપાળથી આવતા નકલી રુદ્રાક્ષનું રેકેટ ડ્રગ્સ સાથે પણ સંકળાયેલું હતું!


બીજે જ દિવસે જાહેર જનતા સમક્ષ કરોડોનાં ડ્રગ્સ અને નકલી રુદ્રાક્ષના કૌભાંડનો પર્દાફાશ થયો એ સાથે જ ટીવીમાં બ્રેકિંગ ન્યુઝમાં તમામ આરોપીઓ સાથે ઝડપાયેલા નકલી રુદ્રાક્ષ અને ડ્રગ્સના જથ્થાનાં દૃશ્યો પણ દર્શાવાઈ રહ્યાં હતાં. તુલસીરામ બાપુ, અંકુશ, નંદગીરી ગોસ્વામીની સાથે મુંબઈ અને નેપાળના અનેક શકમંદોની પણ ધરપકડના સમાચાર એમાં હતા. એંશી વર્ષના ઉદ્યોગપતિ બળવંતરાય પાટડિયા અને એમના ત્રીસ વર્ષ પહેલાં ખોવાયેલા પૌત્ર સોહનના સુભગ મિલનના ફોટા સાથે મીડિયાએ એમને ખાસ્સું કવરેજ આપ્યું હતું. મહારાષ્ટ્ર અને ગુજરાતનાં તમામ અખબારોમાં દાદાજી અને પૌત્રના ફોટા પ્રથમ પાને ચમક્યા હતા.

સોહન હવે દાદાજીના ત્રણ હજાર કરોડની પ્રોપર્ટીનો એકમાત્ર વારસદાર હતો. મુંબઈના બળવંતરાયની હવે એકમાત્ર અંતિમ ઇચ્છા સોહનને ઘોડે ચડતો જોવાની હતી.

બીજી તરફ, સોહન લગ્ન કરવાની હા પાડતો નહોતો.

કોઈ પણ માણસના જીવનમાં કેટલીક ચોટ એવી હોય છે, જે ભુલાઈ ગયેલી હોવા છતાં અમુક સંજોગોમાં માણસની જાણ બહાર જુસ્સાભેર સપાટી પર આવી જતી હોય છે!

સોહનને એની એક સમયની ફ્રેન્ડ-પ્રેમિકા શિવાની યાદ આવી ગઈ. કોઈ પણ વ્યક્તિ માટે પ્રથમ પ્રેમને ભૂલવું આસાન નથી હોતું. સોહનની પણ એ જ દશા હતી. શિવાનીની બેવફાઈ બાદ લાખ કોશિશ કરવા છતાં પણ એ એને ભૂલી શક્યો નહોતો. જીવનમાં કેટલાક નિર્ણયો પરિસ્થિતિને અનુરૂપ હોય છે. સોહનથી એના પાલક પિતાનું ખૂન થઈ ગયું અને શિવાની એને છોડીને એના જીવનમાંથી જતી રહી એ ઘટના સમય અને સંજોગોને આધીન હતી એવું સોહનને આટલાં





વર્ષો બાદ લાગી રહ્યું હતું.

સોહન મનોમન વિચારી રહ્યો.. ક્યાં હશે શિવાની? કાશ, જીવનમાં એકાદ વાર પણ એને મળવાનું થાય તો એને પ્રપોઝ કરવું જ છે. જોકે, સૌથી મોટો યક્ષપ્રશ્ન તો એ હતો કે આજ સુધી એ કુંવારી હશે ખરી?

૦૦૦૦૦૦૦૦

મુંબઈમાં રહેતી મિડલ ક્લાસ ફૅમિલીની એક યુવતી અખબારમાં છપાયેલા સોહમના ફોટાને શિવાની સજળ નેત્રે ધ્યાનપૂર્વક નિહાળી રહી હતી. ટીનએજથી જ સોહમ પ્રત્યેનો ધરબાયેલો પ્રેમ આજે અખબારમાં એના ફોટાને જોઈને ફરીથી આળસ મરડીને બેઠો થયો હતો!

એ મનોમન વિચારી રહી.. સોહમ તો એ જ હતો બસ એનું નામ 'સોહન' થઈ ગયું છે. અચાનક એનું મન વિદ્રોહ કરવા લાગ્યું..

ના .. માત્ર સોહમનું નામ જ નહોતું બદલાયું. એની સ્થિતિ-પરિસ્થિતિ પણ બદલાઈ ચૂકી હતી-છે. એનું સ્ટેટસ - એનું ભાગ્ય પણ પલટાઈ ચૂક્યું હતું. હવે એ ગર્ભશ્રીમંત પરિવારનો એક માત્ર કરોડપતિ વારસદાર બની ગયો છે!

સતત ચોવીસ કલાક સોહમના જ વિચોરોમાં મશગૂલ શિવાની બીજે દિવસે સવારે સ્નાન કરીને સાડી પહેરીને ભીના રેશમી વાળ સાથે બાથરૂમના ફૂલ સાઈઝના મિરર સામે ઊભી રહી. અચાનક એને ખ્યાલ આવ્યો કે આજે એણે પહેરેલી સાડી જોગાનુજોગ સફેદ રંગની હતી. એ વિચારી રહી.. સોહમને સફેદ કલર ખૂબ જ ગમતો હતો. અચાનક સામે દેખાતું પ્રતિબિંબ જાણે બોલી ઊઠ્યું:

'સોહમનાં સપનાં જોવાનાં રહેવા દે.. શિવાની, હવે એ સોહમમાંથી સોહન થઈ ગયો છે.'

'તો શું થયું? એના હૃદયમાં દિલ તો મારા સોહમનું જ ધડકે છે ને?' શિવાની બોલી ઊઠી.

'શિવાની, હવે તારું સ્ટેટસ પણ બદલાઈ ગયું છે. તારી પણ એક અજાણ્યા યુવક સાથે સગાઈ થઈ ચૂકી હતી ને હવે તું.....!' પ્રતિબિંબ બોલી ઊઠ્યું.

શિવાનીએ એના બંને કાન આડે હાથ રાખી દીધા.

'શિવાની, કાન આડે હાથ રાખવાથી વાસ્તવિકતા બદલાઈ જતી નથી.' પ્રતિબિંબ ફરીથી બોલી ઊઠ્યું.

હા..સોહમ સાથેના બ્રેક અપ બાદ શિવાનીની સગાઈ મૌલિન સાથે થઈ હતી. પિતાની જવાબદારી ઓછી થાય અને અપર માના ત્રાસથી છૂટવા માટે લગ્ન કર્યા સિવાય છૂટકો પણ ક્યાં હતો? પિતાએ ગોઠવેલાં એ લગ્ન હતાં. મધ્યમ વર્ગના મૌલિનનો પરિવાર જાન લઈને મુંબઈથી અમદાવાદ આવે એવું નક્કી થયું હતું. એરેન્જ મેરેજમાં બંને પાત્રને એકબીજાને સમજવા માટે ખાસ્સો સમય લાગી જતો હોય છે. શિવાની માટે એ દિવસો ભારે કસોટીમય હતા. જેને એ ચાહતી હતી એ સોહમને ભૂલીને એક તદ્દન અજાણ્યા પાત્રની સાથે લગ્નજીવન માંડવું એ શિવાની માટે અગ્નિપરીક્ષા સમાન હતું! મૌલિન સાથે નવી જિંદગીની હજુ તો શરૂઆત થવાની હતી ત્યાં શિવાનીના જીવનમાં કરુણ વળાંક આવ્યો હતો. લગ્નના હજુ માત્ર પંદર દિવસ બાકી હતા ત્યાં મુંબઈમાં લોકલ ટ્રેનના એક અકસ્માતમાં મૌલિને જીવ ગુમાવ્યો હતો...

શિવાની હજુ તો લગ્નજીવનના સુખનો અહેસાસ કરે એ પહેલાં તો કુદરતે એને કારમી થપાટ મારી દીધી હતી. કેટલાકનાં નસીબમાં સુખ માત્ર વીજળીના ચમકારા જેવું જ હોય છે!

શિવાનીને અપર મા પાસે રહેવું ન હતું. એ પિતાની ઇચ્છા વિરુદ્ધ અમદાવાદ છોડીને મુંબઈ સ્થળાંતર કરીને અહીં જ એક જૉબમાં જોડાઈ ગઈ હતી. જૉબ કરતી હતી તેથી આત્મનિર્ભર તો હતી જ. કોઈ પણ માણસની જિંદગી જિગ્સો પઝલ જેવી હોય છે. જેના ચોખંડા બરોબર ગોઠવાઈ જાય એને વાંધો નથી આવતો, પણ કેટલાકના ચોખંડા બરોબર ગોઠવાય એ નિયતિને મંજૂર નથી હોતું.

સુંદર શિવાની માટે પણ નવા જ શહેરમાં ભૂખ્યા વરુ જેવા પુરુષોની લોલુપ નજરમાંથી બચીને રહેવાનું પડકારજનક તો હતું જ. સમય વીતતો ગયો. ધીમે ધીમે મુંબઈમાં એકલી રહીને નોકરી કરતી લાખો યુવતીની જેમ શિવાનીએ પણ પોતાની જાતને નવા જ વાતાવરણમાં ગોઠવી દીધી હતી. યુવાનીના આવેગ ક્યારેક શિવાનીના મનને ઘેરી લેતા ત્યારે એના મનનો કબજો સોહમ જ લઈ લેતો.

શિવાની ફરીથી વિચારોના ચક્રવાતમાં અટવાઈ પડી. કાશ.. સોહમની જેલમાંથી છૂટવા સુધી રાહ જોઈ હોત તો? જીવનમાં આવતાં કેટલાંક વાવાઝોડાં માણસને એકલતાના અલગ કિનારે લઈ જવા માટે જ આવતાં હોય છે! એકલતાના અજગરે શિવાનીના જીવનનો જબરદસ્ત ભરડો લીધો હતો. એ વિચારી રહી.. સોહમને જ્યારે એના સાથની જરૂર હતી ત્યારે એણે સોહમ સાથે છેડો ફાડી નાખ્યો હતો એ દૃષ્ટિએ તો શિવાની બેવફા જ હતી!

બીજું કે હવે જો એ સોહમ પાસે સામે ચાલીને જાય તો સોહમ તો એમ જ માને કે એના ધનવૈભવને કારણે જ શિવાની એની પાસે પરત આવી છે!

શિવાનીએ જોયું કે પેલું પ્રતિબંબ એની સામે જોઈને એના પર હસી રહ્યું હતું. શિવાની એકદમ જ અકળાઈ ગઈ. એ ચીસ પાડીને બોલીઃ 'હા..હું લગ્ન પહેલાં વિધવા બની છું... આજે પણ મારા દિલમાં સોહમ પ્રત્યેનો પ્રેમ ધબકે છે. મને પણ ફરીથી લગ્ન કરવાનો અધિકાર છે.'

'શિવાની, અધિકાર છે, તો જા પહોંચી જા તારા એ પ્રથમ પ્રેમ પાસે... અને કરી લે ઝેરનાં પારખાં..' પ્રતિબિંબ બોલી ઊઠ્યું.

'ઝેરનાં પારખાં' શબ્દ શિવાનીની છાતી ચીરીને આરપાર નીકળી ગયો. એણે સામે દેખાતા મિરર સામે ધ્યાનપૂર્વક જોયું. પેલું પ્રતિબિંબ ગાયબ થઈ ચૂક્યું હતું. શિવાનીએ ટોવેલ વડે મિરર પર બાઝેલો ભેજ દૂર કર્યો. બપોર પછી શિવાની થોડી સ્વસ્થ થઈ. આજે રવિવારની રજા હતી. એણે ટેલીફોન ડિરેક્ટરીમાંથી બળવંતરાયના મલબારહિલના બંગલાનો લૅન્ડ લાઈન નંબર શોધી કાઢ્યો. હિંમત કરીને ફોન લગાવ્યો. સામે છેડે રિંગ વાગવાનો અવાજ સંભળાતો હતો. શિવાનીના હૃદયના ધબકારા વધી રહ્યા હતા.

સામે છેડે રિંગ વાગી રહી હતી ત્યારે શિવાનીએ મનોમન ખુદની સાચી જ ઓળખ આપવાનું નક્કી કરી લીધું હતું. દસેક રિંગ વાગ્યા બાદ બળવંતરાયે ફોન ઉપાડ્યો. વૃદ્ધ અવાજ સાંભળીને શિવાનીએ મક્કમતાથી પણ નમ્રતાના ભાવ સાથે કહ્યું : 'સર, મારું નામ શિવાની છે. હું સોહન સાથે સ્કૂલમાં હતી. અમદાવાદમાં એના પડોશમાં જ રહેતી હતી. સોહન સાથે વાત કરી શકું?' શિવાની એક જ શ્વાસે બોલી ગઈ.

'સોહન બહાર ગયો છે. દીકરી, તારે એને રૂબરૂ મળવું હોય તો એ એકાદ કલાકમાં ઘરે પરત આવી જશે.' બળવંતરાયના અવાજમાં જે લાગણી છલકાતી હતી એ અનુભવીને શિવાનીથી અનાયાસે જ બોલાઈ ગયુંઃ

'ઓકે, હું ત્યાં આવું છું.'

ફોન કટ થયા બાદ શિવાનીએ વિચાર્યું કે બે ટ્રેન બદલીને ત્યાં સુધી પહોંચતાં દોઢેક કલાક તો થઈ જ જશે. શિવાનીએ સફેદ સાડીમાં જ ત્યાં જવાનું નક્કી કરી લીધું. કોઈ પણ સંજોગોમાં સત્યનો સાથ નહીં છોડવાનું પણ મનોમન નક્કી કરી લીધું. એ ઘરેથી નીકળી ત્યારે એ એકલી નહોતી એનો આત્મવિશ્વાસ પણ એની સાથે જ હતો.

સિક્યોરિટી સ્ટાફે શિવાનીનું નામ જાણીને તરત જ અંદર જવા દીધી એટલે એ સમજી ગઈ કે દાદાજીએ જ એના થનારા આગમન વિશે સ્ટાફને અગાઉથી જણાવી દીધું હોવું જોઈએ. બંગલામાં પ્રવેશ્યા બાદ શિવાનીએ જોયું કે વિશાળ ડ્રોઈંગ હોલમાં વોલ ટૂ વોલ કાર્પેટ, છત પર લટકતાં ઈરાની ઝુમ્મરો અને દીવાલ પર લગાવેલાં મોંઘાં ઈમ્પોર્ટેડ પોટ્રેટ બંગલાની જાહોજલાલીની ચાડી ખાતાં હતાં...

કલાત્મક સીડી પરથી બ્લ્યુ જીન્સ અને રેડ ટીશર્ટ પહેરેલો સોહન ધીમા પગલે ડ્રોઈંગ હોલમાં ઊતર્યો.

'ઓહ, શિવાની, આટલાં વર્ષે?' એ શિવાનીની સફેદ સાડી તરફ તાકી રહ્યો.

'હા સોહન, મારાં લગ્ન નક્કી થઈ ગયાં હતાં, પણ લગ્નના માત્ર પંદર દિવસ પહેલાં મારા ભાવિ પતિનું ટ્રેન અકસ્માતમાં..'

શિવાની ધ્રૂસકે ચઢી. એ આગળ બોલી ન શકી.

'મારે એ બધી તારી વાત જાણીને તને વધારે દુઃખી નથી કરવી. હું તને હજુ પણ અપનાવવા માગું છું.' સોહને સીધી મુદ્દાની વાત કરી.

'ખરેખર?' શિવાનીને એના કાન પર ભરોસો બેસતો નહોતો. 'હા ખરેખર.. પણ સાચું કહું તો હું અહીં સુધી આવ્યો હતો ધન-દોલતની લાલચથી.... પણ હવે મારા વિચારો બદલાઈ ગયા છે. હું આજે જ પહેરેલ કપડે અહીંથી નીકળી જવાનો છું. બોલ, તું મને સાથ આપીશ?'

'સોહન, મારા માટે તો તું જ દુનિયાની સૌથી મોટી ધન-દોલત છે. મને કોઈ બહારના વૈભવની જરૂર નથી.. જો તું સાથે હોય તો... આમ પણ આપણી પાસે ત્યારે પણ શું હતું? સિવાય કે પરસ્પરનો પ્રેમ અને લાગણી.. હું તો તારી પાસે આજે પણ એ જ ઝંખું છું!'

શિવાનીએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર જવાબ આપ્યો. અચાનક અંદરના હોલમાંથી તાળીઓ પાડતાં દાદાજી આવી પહોંચ્યાઃ

'દીકરી, સોહને મને થોડી વાર પહેલાં જ તમારા બાળપણમાં જ પાંગરેલા પ્રેમ વિશે વિગતવાર માહિતી આપી છે. તું આટલાં વર્ષો બાદ અહીં માત્ર સોહન માટે જ આવી છો કે એના પૈસા માટે એ જાણવું મારા માટે અત્યંત જરૂરી હતું. દીકરી, તું મારી પરીક્ષામાં પાસ થઈ ગઈ છો. મને તારા પર ગર્વ છે.' બળવંતરાયે પ્રેમથી શિવાનીના માથે હાથ ફેરવ્યો.

સોહન અને શિવાની દાદાજીના પગમાં પડી ગયાં.

(સમાપ્ત) ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| મમતી | રોગ |
| મરકી | વળાંક |
| મરવો | નરમ |
| મરોડ | હઠીલા |
| મવાળ | કેરી |

### ઓળખાણ પડી?



ટેનિસના ખેલની ગ્રાં સ્લેમ ચેમ્પિયનશિપ પૈકી એક રોલેન્ડ ગેરોસ સ્પર્ધા કયા દેશમાં દર વર્ષે રમાય છે એ જાણો છો?

અ) ઓસ્ટ્રેલિયા બ) જર્મની ક) ફ્રાંસ ડ) રોમાનિયા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ત | ફા | ૨ વ | ત | | ૩ ક | ૪ રો | ડ | ૫ પ | ૬ તિ |
| ર | | ળ | | ૭ બા | ર | શ | | ૮ સા | રુ |
| ૯ વૈ | રા | ગ | ણ | | ૧૦ કો | ની | | ૧૧ રો | પ |
| યો | | ણ | | ૧૨ આ | શ | | ૧૩ રા | | તિ |
| | ૧૪ કી | | ૧૫ સુ | ણ | | ૧૬ તા | જી | ૧૭ ચા | |
| ૧૮ સ | ડો | | ર | | ૧૯ ભા | ર | | ૨૦ રા | ૨૧ ઈ |
| ર | | ૨૨ અ | ભિ | ૨૩ સ | ર | ણ | | ૨૪ ના | મા |
| ૨૫ ખા | ત | ર | | ૨૬ ર | ણ | | ૨૭ વ | | ન |
| મ | | મા | | પા | | ૨૮ સી | ધા | ૨૯ સા | દા |
| ણી | | ૩૦ ન | ભા | વ | | ૩૧ ખ | રા | ખ | રી |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | | ૫ | |
| | | | | ૬ | | | | ૭ | ૮ |
| ૯ | | | ૧૦ | | | | ૧૧ | | |
| | | ૧૨ | | ૧૨-અ | | ૧૩ | | | |
| | ૧૪ | | ૧૫ | | | | ૧૬ | ૧૭ | |
| ૧૮ | | ૧૯ | | | | ૨૦ | | ૨૧ | |
| ૨૨ | | | | | ૨૩ | | | | |
| | | | ૨૪ | ૨૫ | | | | ૨૬ | ૨૬-અ |
| ૨૭ | | ૨૮ | | ૨૯ | | | ૩૦ | | |
| | | ૩૧ | | | | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. વફાદારી નિભાવનાર, વિશ્વાસુ, સ્વામી ભક્તિ (૪)
૩. નાશ, અંત, ખેદ (૪)
૬. પ્યાસ (૩)
૭. ગંધ (૨)
૯. એક નાનકડું માપ (૨)
૧૨. માનભંગ થયેલી નાયિકા (જો. છૂ) (૩)
૧૩. ભગવાનના ગળામાં પહેરાવો (૨)
૧૫. --- પરમાર - એક ગુ. ફિલ્મ (૩)
૧૬. વિશ્વનાથ, ભગવાન (૩)
૧૮. જોરવાળું (૪)
૨૧. બુદ્ધિ (૨)
૨૨. ઘેટાનું બચ્ચું (૩)
૨૩. વાયા, દ્વારા (૪)
૨૪. ભારે તૈયારી, ધમાલ (૪)
૨૬. ઝેર (૨)
૨૭. સરકસમાં બધાને હસાવે (૩)
૨૯. ઊંડો (૨)
૩૦. ડરાવવું તે, દાંટી (૩)
૩૧. વફાદારી (૩)
૩૨. કર્તવ્ય, જાદુ, આવડત (૪)

**ઊભી ચાવી**

૧. કામના બદલામાં જે અપાય તે (૪)
૨. નોકર, ચાકર (૨)
૩. એક લિપી, ભાષા (૩)
૪. વસ્તુ, ચીજ (૨)
૫. ઉપચાર, બીમારને આપો (૨)
૮. સમભાવ, દિલસોજી (૫)
૧૦. હદપાર, દેશવટો (૪)
૧૧. સારાપણું (૩)
૧૨અ. પિતા (૨)
૧૪. તૂટી જાય એવું (૩)
૧૭. ખેલકૂદ (૬)
૧૮. સંજોગવશાત (૫)
૧૯. શરાબ (૨)
૨૦. એક બેસીને રમવાની રમત (૩)
૨૩. માધુર્ય, મીઠાશ (જો. છૂ.) (૩)
૨૫. એક ધાન્ય (૩)
૨૬-અ. પ્રિયતમાને બીજો આશક (ઉ.) (૩)
૨૮. અવાજ (૨)
૩૦. ધારણ કરનાર (૨)

### ગુજરાત મોરી મોરી રે

૧૯૬૦માં અસ્તિત્વમાં આવેલા ગુજરાત રાજ્યના કયા જિલ્લામાં સૌથી વધુ માનવ વસ્તી છે એ જણાવો.

અ) જૂનાગઢ બ) પંચમહાલ ક) અમદાવાદ ડ) બનાસકાંઠા

### જાણવા જેવું

હવામાં ૭૮ ટકા નાઇટ્રોજન અને ૨૧ ટકા ઓક્સિજનનો સમાવેશ થાય છે. બાકીના એક ટકામાં આરગોન, કાર્બન ડાયોક્સાઇડ, હિલિયમ અને બીજા ગેસનો સમાવેશ થાય છે. ૨૦૦ માઇલને છેટે પૃથ્વીની આસપાસ હવા ફેલાયેલી છે. જેમ જેમ હવા ઊંચે ચડેલી હોય છે તેમ તેમ હવા પાતળી અને ઓછા ઓક્સિજનવાળી હોય છે

### સુડોકુ-૮૦૦૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | ૫ | | | |
| ૭ | | | ૧ | ૮ | ૯ | | | ૪ |
| | ૯ | | ૭ | | ૩ | | ૧ | |
| ૯ | | ૮ | | | | ૨ | | ૧ |
| ૧ | ૩ | | | | | | ૮ | ૯ |
| ૨ | | ૬ | | | | ૪ | | ૫ |
| | ૧ | | ૬ | | ૨ | | ૯ | |
| ૬ | | | ૮ | ૯ | ૧ | | | ૨ |
| | | | ૫ | | ૪ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૭ | ૨ | ૩ | ૫ | ૪ | ૧ | ૮ |
| ૪ | ૩ | ૧ | ૭ | ૯ | ૮ | ૬ | ૨ | ૫ |
| ૨ | ૮ | ૫ | ૬ | ૧ | ૪ | ૯ | ૭ | ૩ |
| ૭ | ૧ | ૩ | ૪ | ૫ | ૬ | ૮ | ૯ | ૨ |
| ૮ | ૫ | ૬ | ૯ | ૨ | ૭ | ૧ | ૩ | ૪ |
| ૯ | ૨ | ૪ | ૩ | ૮ | ૧ | ૫ | ૬ | ૭ |
| ૩ | ૪ | ૨ | ૫ | ૬ | ૯ | ૭ | ૮ | ૧ |
| ૧ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ | ૨ | ૫ | ૬ |
| ૫ | ૬ | ૮ | ૧ | ૭ | ૨ | ૩ | ૪ | ૯ |

### ચતુર આપો જવાબ

વિજ્ઞાનમાં ઉલ્લેખ કરવામાં આવતા પિરીયોડીક ટેબલ અનુસાર કઈ ધાતુ વજનમાં સૌથી હલકી ગણાય છે એ જણાવો.

### માથું ખંજવાળો

અ) સોડિયમ
બ) રોડિયમ
ક) લિથિયમ
ડ) એલ્યુમિનિયમ

### નોંધી રાખો

ટીકાથી ડરી જઈ તમારું લક્ષ્ય નહીં છોડતા, કારણ કે ધ્યેય પ્રાપ્ત થતાં જ ટીકા કરનારાઓનો માર્ગ બદલાઈ જાય છે.

### માઈન્ડ ગેમ

ભારતીય ક્રિકેટ ટીમની કેપ્ટન્સી ગુમાવ્યા બાદ અન્ય કેપ્ટ્નના નેતૃત્વ હેઠળ રમનારા ખેલાડીને ઓળખી કાઢો.

અ) વિજય માંજરેકર બ) મન્સુર અલી ખાન પટૌડી
ક) જશુ પટેલ ડ) હનુમંત સિંહ

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| હેલ | બોજો |
| હેઠે | નીચે |
| હોડ | શરત |
| હોશ | ભાન |
| હોંશ | ઉમંગ |

ગુજરાત મોરી મોરી રે: ભુજ

ઓળખાણ પડી: ટ્રુમેન

માઈન્ડ ગેમ: અજિત વાડેકર

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: પાયથાગોરસ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ડૉ. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) ગીતા ઉદેશી (૮) પ્રતિમા પમાણી (૯) નીતા દેસાઈ (૧૦) ભારતી બુચ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) મહેશ દોશી (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) મીનળ કાપડિયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અશોક સંઘવી (૨૭) નુતન વિપીન (૨૮) પ્રવીણ વોરા (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) ભાવના કર્વે (૩૨) કલ્પના આશર (૩૩) વિણા સંપટ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) વિજય આસર (૩૮) પુષ્પા ખોના (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) અરવિંદ કામદાર (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) સુરેખા દેસાઈ (૪૪) રમેશ દલાલ (૪૫) હિના દલાલ (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) નિતિન બજરિયા (૪૯) નયના ગિરીશ મિસ્ત્રી (૫૦) નંદકિશોર સંજાણવાળા (૫૧) ગિરીશ શેઠ (૫૨) શીલા શેઠ

## સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# હેડ-કોચ એક, કૅપ્ટન અનેકઃ પેસ બોલર બે, સ્પિનર અનેક

### ગૌતમ ગંભીરે પોતાની ગાદી સાચવવાની સાથે અલગ-અલગ કૅપ્ટન સાથે કામ પાર પાડવું પડ્યું છે. ભારત પાસે હાલમાં છથી સાત વર્લ્ડ-ક્લાસ સ્પિનર છે!

ગૌતમ ગંભીરે હેડ-કોચ તરીકેની ગાદી સાચવવાની સાથે બદલાતા કૅપ્ટન સાથે કામ પાર પાડવું પડી રહ્યું છે એટલે તે અત્યારે ગંભીર કસોટીમાંથી પસાર થઈ રહ્યો છે. તાજેતરના ભૂતકાળની જ વાત કરીએ તો ઑસ્ટ્રેલિયા ખાતે બૉર્ડર-ગાવસકર ટ્રોફીની ટેસ્ટ-શ્રેણી માટે રોહિત શર્મા મુખ્ય કૅપ્ટન તરીકે નિયુક્ત થયો હતો. જોકે પર્થની પ્રથમ ટેસ્ટમાં તે નહોતો રમ્યો એટલે ગંભીરે કાર્યવાહક સુકાની જસપ્રીત બુમરાહ સાથે યોજનાઓ ઘડવી પડી હતી. બીજી ટેસ્ટથી રોહિતે કમબૅક કર્યું એટલે ગંભીરે તેની સાથે બેસીને વ્યૂહ રચવો પડ્યો હતો. ભારત ૧-૦થી આગળ રહ્યા પછી એક બાદ એક ટેસ્ટ હારતું ગયું અને છેલ્લી ટેસ્ટમાં રોહિતે પોતાને જ ‘પડતો’ મૂક્યો એટલે ફરી ગંભીરે બુમરાહ સાથે પ્લાન ઘડવા પડ્યા હતા. જોકે બુમરાહને એ મૅચમાં છેલ્લે છેલ્લે પીઠની ઈજા નડી એટલે વિરાટ કોહલીએ નેતૃત્વની જવાબદારી સંભાળી લીધી હતી એટલે ગંભીરે તેની સાથે પણ સતત સંપર્કમાં રહેવું પડ્યું હતું.

ચાલો, એ ટેસ્ટ-શ્રેણી તો ૧-૩થી હારી ગયા એટલે વધુ યાદ નથી કરવી, પરંતુ ત્યાર પછી ફરી કૅપ્ટન્સીની મથામણ શરૂ થઈ. ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ શ્રેણી આવી એટલે સૂર્યકુમાર યાદવ ફરી એકવાર કૅપ્ટનપદે જોવા મળ્યો અને ગંભીરની તેની સાથે મેદાન પર અને ડ્રેસિંગ-રૂમમાં મીટિંગો થવા લાગી. સૂર્યકુમાર કૅપ્ટન્સીની જવાબદારી સંભાળવાની સાથે બૅટિંગમાં ફૉર્મ ગુમાવી બેઠો છે એ ગંભીરની બીજી મોટી ચિંતા છે એ વાત અલગ છે, પણ એ ટી-૨૦ સિરીઝ પૂરી થયા પછી ફરી રોહિત શર્મા અને ગંભીરની જોડી ટીમ ઇન્ડિયાને જિતાડવા મેદાને પડી છે. ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાંથી નિવૃત્ત થઈ ચૂકેલો રોહિત શર્મા ઇંગ્લૅન્ડ સામેની વન-ડે સિરીઝ આવી એટલે પાછો પ્રકાશમાં આવી ગયો અને હાલમાં તેના સુકાનમાં ટીમ ઇન્ડિયાની વન-ડે સિરીઝ રમાઈ રહી છે. આ શ્રેણીમાં અને પછી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં જો રોહિતની કૅપ્ટન્સી ફ્લૉપ રહેશે તો ભારતની વન-ડે ટીમને નવો કૅપ્ટન (શુભમન ગિલ કે હાર્દિક પંડ્યા કે બીજું કોઈ) મળશે અને ગંભીરે તેની સાથે કામ પાર પાડવાનો પડકાર ઉપાડી લેવો પડશે.

ટૂંકમાં, વાત એ છે કે નવા-નવા કૅપ્ટન સાથે મળીને ટીમ ઇન્ડિયાને વિજય અપાવવો એ હેડ-કોચ ગૌતમ ગંભીર માટે થોડું હેડેક તો છે જ. કોઈ ખેલાડીની કૅપ્ટન્સી સારી હોય તો તેની બૅટિંગ નબળી પડી જાય છે જે સૂર્યકુમાર યાદવના કિસ્સામાં જોવા મળ્યું છે. હવે જો બૅટિંગ સારી હોય તો તેને નેતૃત્વની જવાબદારી સોંપવામાં આવે અને ન કરે નારાયણ તે ફૉર્મ ગુમાવી બેસે તો પાછું ટીમને જ નુકસાન થાય. સૂર્યકુમારને ફરી સારા ફૉર્મમાં લાવવો હોય તો તેના પરથી કૅપ્ટન્સીની જવાબદારીનો બોજ હટાવવો પડે એવું ક્રિકેટપ્રેમીઓનું માનવું છે. જો એવું થશે તો કોને સુકાન સોંપાશે? હમણાં તો હાર્દિક પંડ્યાનું નામ બોલાય છે એટલે ગંભીરે નજીકના ભવિષ્યમાં તેની સાથે તાલમેલ રાખવો પડશે. ટેસ્ટની વાત કરીએ તો જૂનમાં જો રોહિત શર્માને ફરી ટેસ્ટ કૅપ્ટન્સી નહીં સોંપવામાં આવે તો એ માટે બુમરાહ સૌથી મજબૂત દાવેદાર છે, પણ સમસ્યા એ છે કે બુમરાહ ઇન્જરી-પ્રોન ખેલાડી છે. એટલે કે તે બોલિંગમાં બોજમાં વર્લ્ડ-ક્લાસ પર્ફોર્મ કરી જાણે છે, પણ વારંવાર ઈજા થતી હોવાથી તે કૅપ્ટનપદે સતતપણે ચાલુ રહી શકે એમ નથી એટલે ગંભીરે બીજા કોઈ સુકાની સાથે મથામણ કરવાની તૈયારી રાખવી પડશે.


(ડાબેથી) ગૌતમ ગંભીર, સૂર્યકુમાર યાદવ અને રોહિત શર્મા


(ડાબેથી) વરુણ ચક્રવર્તી તેમ જ રવીન્દ્ર જાડેજા

ખરું કહીએ તો વિરાટ કોહલીએ ૨૦૧૯ની સાલમાં કૅપ્ટન્સીની જવાબદારી છોડી ત્યાર પછી ટીમ ઇન્ડિયાએ વારંવાર સુકાની બદલવા પડ્યા છે. વિરાટની ગેરહાજરીમાં કે તેણે સુકાન છોડ્યા પછી ભારતની ટેસ્ટ-ટીમને જે કૅપ્ટનો મળ્યા છે એમાં અજિંક્ય રહાણે, કેએલ રાહુલ, રોહિત શર્મા અને જસપ્રીત બુમરાહનો સમાવેશ છે.

વન-ડેમાં વિરાટ કોહલી બાદ અજિંક્ય રહાણે, રોહિત શર્મા, શિખર ધવન, કેએલ રાહુલ અને હાર્દિક પંડ્યા ટીમ ઇન્ડિયાનું સુકાન સંભાળી ચૂક્યા છે. ટી-૨૦માં તો ગજબ થયું છે. વિરાટે ટી-૨૦માં કૅપ્ટન્સીને ગુડ-બાય કરી (કે કરવી પડી) ત્યાર બાદ રોહિત શર્મા, શિખર ધવન, રિષભ પંત, હાર્દિક પંડ્યા, કેએલ રાહુલ, જસપ્રીત બુમરાહ, ઋતુરાજ ગાયકવાડ, શુભમન ગિલ તથા સૂર્યકુમાર યાદવ નેતૃત્વની જવાબદારી સંભાળી ચૂક્યા છે.

હવે પેસ બોલર અને સ્પિનરની વાત કરીએ તો ભારત પાસે ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦ માટે વિકલ્પો ઘણા છે, પરંતુ સવાલ એ છે કે ફૉર્મ કે ફિટનેસને ધ્યાનમાં લેતાં પેસ બોલિંગમાં કયો બોલર સતતપણે ટીમમાં સ્થાન ટકાવી શક્યો છે? જસપ્રીત બુમરાહ ટીમનો મુખ્ય ફાસ્ટ બોલર છે, પણ તે હાલમાં પીઠની ઈજાને કારણે ઇંગ્લૅન્ડ સામે નથી રમી રહ્યો અને ચૅમ્પિયન્સ ટ્રોફી માટે પણ ડાઉટફુલ છે. મોહમ્મદ શમીએ હજી થોડા દિવસ પહેલાં જ ટીમ ઇન્ડિયામાં કમબૅક કર્યું છે અને તેની ફિટનેસ પર સિલેક્ટરો તથા ટીમ-મૅનેજમેન્ટની સતત નજર છે. મોહમ્મદ સિરાજ ત્રણેય ફૉર્મેટ માટે ફિટ બેસે એવો પેસ બોલર નથી. અર્શદીપ સિંહ હાલમાં વન-ડે ટીમમાં છે, પરંતુ તેને ખાસ તો ટી-૨૦ સ્પેશિયાલિસ્ટ ગણવામાં આવી રહ્યો છે. હર્ષિત રાણાએ હજી હમણાં જ ડેબ્યૂ કર્યું છે. આકાશ દીપ થોડા દિવસથી ભુલાઈ ગયો છે. શિવમ દુબે, હાર્દિક પંડ્યા અને નીતીશ કુમાર રેડ્ડી ઑલરાઉન્ડર છે અને તેમની બોલિંગ પર ૧૦૦ ટકા સફળતાનો ભરોસો રાખી ન શકાય. આ ઉપરાંત, પ્રસિદ્ધ ક્રિષ્ના સહિત બીજા પેસ બોલર પણ ટીમમાં એકધારી રીતે સ્થાન નથી જાળવી શકતા. ટૂંકમાં, સરેરાશ માંડ બે પેસ બોલર એવા હોય છે જેઓ ટીમ ઇન્ડિયામાં વારંવાર જોવા મળી રહ્યા છે.

સ્પિનરોની વાત કરીએ તો ટીમ ઇન્ડિયા પાસે અત્યારે સિલેક્શનની બાબતમાં સુખદ સ્થિતિ છે. જુઓને, વરુણ ચક્રવર્તીએ ઇંગ્લૅન્ડ સામે ટી-૨૦ સિરીઝમાં હાઇએસ્ટ ૧૪ વિકેટ એટલે તેને વન-ડે સિરીઝની ટીમમાં પણ સમાવી લેવામાં આવ્યો છે. રવીન્દ્ર જાડેજા જબરદસ્ત ફૉર્મમાં છે, જ્યારે અક્ષર પટેલ પણ વિકેટ અપાવતો રહે છે. કુલદીપ યાદવે કમબૅક કર્યું ત્યાર પછી બ્રિટિશ બૅટર્સે હજી તેનો પૂરો સામનો નથી કર્યો. કુલદીપ તેના બેસ્ટ ફૉર્મમાં આવશે એટલે મૅચમાં ત્રણ-ચાર વિકેટ તો અપાવી જ દેશે. વૉશિંગ્ટન સુંદર અને રવિ બિશ્નોઈ પણ ટીમને ઉપયોગી થઈ શકે એવા ઘાતક સ્પિનર છે. મુંબઈનો ઑફ-સ્પિન ઑલરાઉન્ડર તનુષ કોટિયન પણ ગમે ત્યારે ટીમ ઇન્ડિયામાં ડેબ્યૂ કરી શકે એમ છે.

ટૂંકમાં, કોઈ પણ ભારતીય ક્રિકેટપ્રેમી એટલું તો ઇચ્છશે જ કે ઇલેવનમાં કોઈ પણ બૅટર, કોઈ પણ પેસ બોલર, કોઈ પણ સ્પિનર કે પછી કોઈ પણ ઑલરાઉન્ડર હોય, રવિવાર ૨૩મી ફેબ્રુઆરીએ દુબઈમાં બપોરે ૨.૩૦ વાગ્યાથી પાકિસ્તાન સામે વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં જે હાઈ-વૉલ્ટેજ મુકાબલો થવાનો છે એ જીતવાનો છે, બસ. ■

## વિશેષ

અનંત મામતોરા
feedback@bombaysamachar.com

# દેશનું પહેલું વિમાન હાઈજેકઃ જ્યારે બધા મુસાફરો લાહોરથી સુરક્ષિત રીતે ભારત પાછા ફર્યા...

ભારતમાં વિમાન હાઇજેકિંગની પહેલી ઘટના ૩૦ જાન્યુઆરી ૧૯૭૧ ના રોજ બની હતી, તે જ વર્ષે બાંગ્લાદેશ એક નવો દેશ બન્યો અને પાકિસ્તાનથી આઝાદી મેળવી. ઇન્ડિયન એરલાઇન્સનું ફોકર ફ્રેન્ડશીપ વિમાન ગંગા શ્રીનગરથી જમ્મુ જઈ રહ્યું હતું. વિમાનમાં બે યુવાનો સવાર હતા. તેમના નામ હાશિમ કુરેશી અને અશરફ કુરેશી હતા. બંને પહેલી વાર વિમાનમાં મુસાફરી કરી રહ્યા હતા, પણ તેમની ગભરાટનું સાચું કારણ કંઈક બીજું જ હતું. તે આ વિમાનને હાઇજેક કરવા જઈ રહ્યા હતા. બરાબર ૧૧:૩૦ વાગ્યે વિમાન ઉડાન ભરીને જમ્મુ તરફ રવાના થયું, પરંતુ થોડા સમય પછી આ ઘટના ભારતના ઇતિહાસમાં નોંધાઈ ગઈ.

૧૯૭૧ હાઇજેકિંગઃ લાહોર પહોંચ્યા પછી પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના નેતા ઝુલ્ફીકાર અલી ભુટ્ટો હાઇજેકરોને મળ્યા અને તેમને ટેકો આપ્યો. મુસાફરોને બે દિવસ પછી ભારત પાછા મોકલી દેવામાં આવ્યા હતા પરંતુ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI દ્વારા વિમાનને ઉડાવી દેવામાં આવ્યું હતું.

**વિમાન હાઇજેકિંગ કેવી રીતે થયું?**

બીબીસીના અહેવાલ મુજબ અનુષા નંદકુમાર અને સંદીપ સાકેતે તેમના પુસ્તક ‘ધ વૉર ધેટ મેડ આર એન્ડ એડબ્લ્યુ’ માં લખ્યું છે કે હાશિમે અશરફ તરફ જોયું, બંનેએ માથું હલાવ્યું, કલમાનો પાઠ કર્યો અને તેની બેગમાંથી પિસ્તોલ અને હેન્ડ ગ્રેનેડ કાઢ્યા. હાશિમ કોકપીટ તરફ ગયો અને પિસ્તોલનો બેરલ પાઇલટના માથા પર મૂક્યો. અશરફે મુસાફરોને ધમકાવ્યા અને આખા વિમાનમાં પિન ડ્રોપ સાયલન્સ છવાઈ ગયું.

હાઇજેકિંગ પછી બંનેએ વિમાનને પાકિસ્તાનના રાવલપિંડી લઈ જવાની ધમકી આપી હતી. પરંતુ જ્યારે પાઈલોટે કહ્યું કે વિમાનમાં રાવલપિંડી પહોંચવા માટે પૂરતું બળતણ નથી, ત્યારે તેને લાહોર એરપોર્ટ પર ઉતરાણ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. પાકિસ્તાન સરકાર આ પરિસ્થિતિ અંગે ચિંતિત હતી કારણ કે જો ભારતીય વિમાન પાકિસ્તાની ક્ષેત્રમાં ક્રેશ થયું હોત, તો તે આંતરરાષ્ટ્રીય સ્તરે બદનામીનું કારણ બન્યું હોત.

**પાકિસ્તાને RAWની ભૂમિકાનો ખુલાસો કર્યો**

ભારતની ગુપ્તચર એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ પહેલાથી જ પાકિસ્તાનની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી. રિપોર્ટ અનુસાર RAW ચીફ રામનાથ કાવને ડર હતો કે પાકિસ્તાન કાશ્મીરમાં આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે કોઈ મોટા કાવતરામાં સામેલ હોઈ શકે છે. તે જ સમયે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) એ ભારતમાં હથિયારો અને વિસ્ફોટકોની દાણચોરી કરતી વખતે હાશિમ કુરેશીને પકડી પાડ્યો. પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી કે તેને પાકિસ્તાનમાં ઉગ્રવાદી સંગઠન ‘નેશનલ લિબરેશન ફ્રન્ટ’ (NLF) દ્વારા તાલીમ આપવામાં આવી હતી અને તેને ભારતીય વિમાનને હાઇજેક કરવાની સૂચના આપવામાં આવી હતી.

**પાકિસ્તાનનો ખેલ અને વિમાન વિસ્ફોટ**

લાહોર પહોંચ્યા પછી પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના નેતા ઝુલ્ફીકાર અલી ભુટ્ટો હાઇજેકર્સને મળ્યા અને તેમને ટેકો આપ્યો હતો. મુસાફરોને બે દિવસ



પછી ભારત પાછા મોકલી દેવામાં આવ્યા હતા પરંતુ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI દ્વારા વિમાનને ઉડાવી દેવામાં આવ્યું હતું. આનાથી ભારતની શંકા મજબૂત થઈ કે આ સમગ્ર ષડયંત્ર પાછળ પાકિસ્તાનનો હાથ છે.

આ ઘટના પછી ભારત સરકારે એક મોટો નિર્ણય લીધો કે પશ્ચિમ પાકિસ્તાનથી પૂર્વ પાકિસ્તાન જતી બધી ફ્લાઇટ્સ માટે ભારતીય હવાઈ ક્ષેત્ર બંધ કરી દેવામાં આવ્યું. આની સીધી અસર ૧૯૭૧ના યુદ્ધ પર પડી કારણ કે પાકિસ્તાની સેના માટે પૂર્વ પાકિસ્તાનને મદદ પૂરી પાડવી મુશ્કેલ બની ગઈ હતી.

આ ઘટના પછી પાકિસ્તાને ભારત પર આરોપ લગાવ્યો કે વિમાનનું અપહરણ ભારતનું જ કાવતરું છે જેથી તેને પાકિસ્તાની વિમાનો પર પ્રતિબંધ મૂકવાનું બહાનું મળી શકે. ગેરી બાસે તેમના પુસ્તક ‘ધ બ્લડ ટેલિગ્રામ’માં લખ્યું છે કે યાહ્યા ખાનની સરકારે તેને ભારતની યુક્તિ ગણાવી હતી. પરંતુ ઘણા આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ આ દાવાને નકારી કાઢ્યો.

**પાકિસ્તાનમાં હાશિમ કુરેશીની ધરપકડ**


પાકિસ્તાનમાં હાશિમ અને અશરફને શરૂઆતમાં હીરો તરીકે રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ બાદમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી અને હાશિમને ૧૯ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. જોકે તેમને ૧૯૮૦માં મુક્ત કરવામાં આવ્યા અને તેઓ હોલેન્ડ ગયા. ૨૦૦૦ માં તેણે ભારત પાછા ફરવાની ઇચ્છા વ્યક્ત કરી અને દિલ્હી એરપોર્ટ પર ઊતરતાની સાથે જ તેની અહીં પણ ધરપકડ કરવામાં આવી હતી.

અહેવાલ મુજબ ભૂતપૂર્વ RAW અધિકારી બી. રમને તેમના પુસ્તક ‘ધ કાઓ બોય્ઝ ઓફ RAW’ માં લખ્યું છે કે ઇન્દિરા ગાંધીના પાકિસ્તાન માટે ભારતના હવાઈ ક્ષેત્રને બંધ કરવાના પગલાથી ૧૯૭૧ના યુદ્ધમાં ભારતની જીત સુનિશ્ચિત થઈ. ભારતીય હવાઈ ક્ષેત્ર બંધ થવાથી પાકિસ્તાની સૈન્યની પૂર્વ પાકિસ્તાનમાં રાહત સામગ્રી મોકલવાની ક્ષમતા સંપૂર્ણપણે નાશ પામી. હાલમાં વિમાન હાઇજેકર હાશિમ કુરેશી હજુ પણ શ્રીનગરમાં રહે છે અને તે શરૂઆતથી જ જમ્મુ કાશ્મીર ડેમોક્રેટિક લિબરેશન પાર્ટી સાથે સંકળાયેલો છે. ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# શોધો રે... કોઈ અવનવા શબ્દોને શોધો રે...



ઘણી વખત આપણને બોલચાલ કે લખવામાં યોગ્ય શબ્દો સમયસર ન મળવાથી બહુ ત્રાસ થાય. એવે ટાણે ભલભલા શબ્દકોશો કે ડિક્શનરીઓ પણ નક્કામા સાબતિ થાય છે, કારણ કે જ્યારે કોઇ શબ્દનો કોઈ પર્યાયવાચી શબ્દ જ ભાષામાં ના હોય તો શબ્દકોશ પણ બિચારો શું કરે? એ પછી તમારે મજબૂરીમાં એક નવો જ શબ્દ ઘડી કાઢવો પડે. પછી ધીમે ધીમે એ શબ્દ લોકોની જીભે ચડવા માંડે. આ સમસ્યા દરેક આલિયામાલિયાને નથી નડતી પણ હા, આપણામાંથી ઘણાં લોકો પહેલેથી જ આ વાતને લઈને ચિંતા કરે છે. આવી કેટલીક પરિસ્થિતિ જીવનમાં આવે છે કે જે આપણી પાસે નવા શબ્દો માગે છે. જેમ કે- ‘તમે જમવા બેઠા.’ એક કોળિયો મોઢામાં મૂકીને તમે ગુસ્સાથી તમારી પત્ની તરફ જુઓ છો અને કહો, ‘આ શું ખાવાનું છે? શું આને ખાવાનું કહેવાય?’ અને તમે મોઢામાં મૂકેલો કોળિયો થૂંકી નાખો. પછી પત્ની કહે છે, ‘હું શું કરું? આજે નોકર આવ્યો નથી. હવે જેવું બન્યું છે એવું ખાઈ લો. લાવો, ગરમ કરી આપું?’ અથવા પત્ની કહેશે, ‘હાહા...તમને ઘરનું ખાવાનું કેમ ભાવે? તમારી સગલીને ત્યાં રોજ ખાઈને આવો છો!’ વગેરે, વગેરે.

અહીં પતિની સમસ્યા છે સામો જવાબ આપવા યોગ્ય શબ્દોનો અભાવ. એટલે કે એને ઘરે જમવાનું ક્યારેય સ્વાદિષ્ટ નથી હોતું એના માટે કયો શબ્દ બોલવો? પછી એ એના દિમાગનાં બુદ્ધિકોશમાંથી એક શબ્દ શોધી લાવે છેઃ ‘ભૂસું’ અને પછી પત્નીએ પીરસેલી જમવાની થાળી પર એ શબ્દને ચોંટાડી દે છે :

‘હું આ ભૂસા જેવું ખાવાનું નહીં ખાઉં..જા!’

ટેલેંટેડ પત્નીએ બનાવેલા સ્વાદિષ્ટ રસોઈ માટેનો શબ્દ છેઃ ‘ભોજન’, પણ જ્યારે ગર્લફ્રેન્ડ એની થાળીમાં કચરો પીરસે અથવા જૂની પત્ની આવું કરે તો એના માટે કોઈ યોગ્ય શબ્દ જ નથી. ઘણી પરિસ્થિતિ એવી હોય છે કે, જેમાં માત્ર એક શબ્દની જરૂર હોય છે. પાર્ટીમાં કોઈ ઓળખીતી સ્ત્રી કે છોકરી આવી છે, પણ તમને હજી સુધી મળી નથી. પછી તમે એ મહાન મહેકતી ક્ષણની રાહ જોઈને બેઠા છો કે પેલી તમારી પાસેથી પસાર થાય ને સ્માઇલ આપે. જવાબમાં તમેય સ્માઇલ કરો. પછી તમે તમારા હાથમાં આઈસક્રીમનો કપ લઈને વારેવારે અહીંતહીં જગ્યા બદલીને ટળવળો છો. પકડાઇ ના જાવ એ રીતે એક બાજુથી બીજી બાજુ આંટાફેરા કરો છો. તમે એકબીજાની પાસે જ છો, પણ એ નાજુક લાઇન ક્રોસ નથી થઈ રહી, જેની તમે રાહ જોઈ રહ્યા છો.

હવે કહો કે આવી સ્થિતિને વર્ણવવા માટે કયો શબ્દ છે? છે કોઈ? ‘ના.’

બસ, અહીં જ આપણી પાંગળી ભાષા આડી આવે છે. અમારા જેવો લપિયો બુદ્ધિજીવીઓ એક નવો જ શબ્દ બનાવે છેઃ ‘લંબગડાવું’(‘લંબગડાવું’ એટલે ‘લબડવું’ અને ‘લંગડાવું’ બેઉનું નવું મિક્ષ્ચર, એમ!) જેમ કે- ‘પ્રશાંત ભૈ કેવા પેલી પ્રહલાદનગરવાળી પૂજાને મળવા લટૂડા થઇને ‘લંબગડાતા’ રહ્યા!’ અથવા તો ‘પ્રશાંતજી, બહુ લંબગડાયા,’ પણ જાલિમ જવાનીએ (એટલે પેલી પૂજાડીએ) આંખ ઉઠાવીને જોયું પણ નહીં.’

એવી ઘણી વાતો માટે હજી ચોક્કસ શબ્દ જ નથી. આપણે મોંઘી રેસ્ટોરન્ટમાં જઇએ તો બિલ વધારે જ આવશે તેમ છતાં ઓછું આવે એવી આશાનો અહેસાસ, દુશ્મનની પત્ની સુંદર હોય તો એક પ્રેમભરી ઈર્ષ્યા, કે પછી બેંકમાંથી પૈસા ઉપાડતી વખતે બેંકના ક્લાર્ક સામે ખોટેખોટે કરગરતી આપણી ચાલુ નજર, ભાષણ આપતી વખતે એક સેકંડ માટે પેટમાં એવી ફાળ પડે કે લોકો બોર થઇને આપણને મૂરખ તો નથી સમજી રહ્યા ને? કે જ્યારે વાતચીત માટે કોઈ વિષય ન હોય તો પણ સસરાના સામે સોફા પર મૂંગા મરવું, પકાઉ માણસને આપણાં ઘર તરફ આવતા જોઈને મનમાં થતો સળવળાટ, મહેમાનને ઘરનાં ‘કેક્ટસ પ્લાન્ટ’ દેખાડીને આંજી દેવાનો મિડલક્લાસિયો પ્રયાસ, વાઇફના ઓર્ડરથી પરાણે લોટ દળાવીને ઘરે પાછા ફરતી વખતે ઓળખીતા લોકોથી આપણું ડાચું સંતાડીને ચોરનજરે ચાલવું.. બસમાં પરાણે ડોક ફેરવીને પાછલી સીટ પર બેઠેલી ફટાકડી છોકરીને પરાણે પોતાનો પરિચય આપવો કે પછી ભાઇબંધો સાથે છાંટોપાણી કરવા જતા પહેલા, ‘આજે ઘરે વહેલાં નહીં અવાય’, એ માટે પત્નીને કયું તાજું બહાનું આપવું એની ગડમથલ..

આવી અનેક બાબત માટે કોઈ નક્કર શબ્દો જ નથી કે જેથી આખી લાંબી વાતની લપ ના માંડવી પડે. બસ, એક જ શબ્દથી કામ પતે.

હા, આપણી ભાષાઓ ખૂબ જ સમૃદ્ધ છે, જેમાં ‘બડબડાટ’ જેવા અમુક સ્માર્ટ શબ્દો છે, પણ બદલાતા સમયની સાથે નવી નવી પરિસ્થિતિ માટે આપણી ભાષાઓએ હજુ ઘણો વિકાસ કરવાનો બાકી છે.

કોઈ માણસ દોસ્તના ઘરે જાય ત્યારે મનમાં ઈચ્છા હોય કે ‘ત્યાં મસ્ત ચા મળશે’ પણ ચા માગવા માટે જીભ ના ઊપડે આ સિચ્યુએશન માટે હું કહીશ કે ‘રમણિક ભૈ તો મંગુભૈને ત્યાં ખાસ ‘ચાવા’ માટે ગયેલા. ‘ચાવા’ એટલે કે ચા પીવાની ઈચ્છાથી આવવું. ‘હું ચંદુને ત્યાં ‘ચાવા’ ગયો હતો ને લોટરી લાગી, ભજિયાં પણ મળ્યાં’. કારણ કે કોઈ આપણને આમંત્રણ તો આપતું નથી કે ‘કૃપા કરીને અમારે ત્યાં ચાભજિયા ઝાપટવા પધારો’ પણ આપણી પરાણે ચા માગવાની મૌન- લાચારીની વાત એમાં છે. બસ, તો એ જ લાગણીને નવો શબ્દ ‘ચાવા જવું’ ફિટ બેસે છે.

ઈન શોર્ટ, શબ્દ એવો હોય કે સટ્ટાક થઇને વાગવો જોઈએ. એમાં જ ભાષાની મજા છે ને વાણીનો વિકાસ છે. ■

## ૧૭. જગ્યા આપવી છે

■ પાર્લા (વેસ્ટ)માં વેચાણથી. ત્રણ બેડરૂમ, બે બેડરૂમ, સિંગલ રૂમ (૨૨૦ કારપેટ) તથા દુકાનો ભાડેથી ૨૫૦, ૪૦૦, ઓફિસો ૧૧૦૦, ૭૨૦. સંપર્ક: ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૫૯૩/બી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. M.G. ROAD, હવેલી પાસે, ૨ બેડરૂમ, હોલ, કિચન- 850' યુઝેબલ કારપેટ, ફર્નીશ્ડ ફ્લેટ, હાયર ફ્લોર, ઓપનવ્યુ, ૧ પાર્કિંગ સાથે. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૫૯૭/એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. પંતનગર, ૨ બેડરૂમ, હોલ, કિચન-725' કારપેટ અને 590' કારપેટ, હાયર ફ્લોર સાથે પાર્કિંગ અને મોર્ડન એમેનીટીશ, રેડી પઝેશન OC સાથે. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૫૯૭/બી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. સ્ટેશન પાસે, 3 બેડરૂમ, હોલ, કિચન- 1160' & 1260' કારપેટ (જોડી શક્ય) સ્પેશ્યસ ફ્લેટ, હાયર ફ્લોર, જીમ & રૂફટોપ ગાર્ડન, OC, રેડી કબજો. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૫૯૭/સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**આજે નહીં તો ક્યારે નહીં. OFF તિલક રોડ, 4 બેડરૂમ, હોલ, કિચન-1800' યુઝેબલ કારપેટ, 5.55 CR. 3 બેડરૂમ, હોલ, કિચન, 1400' યુઝેબલ કારપેટ, સેમી ફર્નીશ્ડ, 3.51 CR, 3 બેડરૂમ, હોલ, કિચન, 950' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ, સરફેશ કાર પાર્કિંગ, 2.99 CR. HOMEA LONE PROPERTY- જુગ્નું શાહ 9833352224. (૧૫૫૯૭/ઈ)**

પેડર રોડ
જશલોક સામે લિવલાયસંસ 1 BHK ફુલ્લી ફર્નીશ્ડ ભાડું 90000/- તુરંત કબજો. 9820296693 કટારિયા એજન્ટ (૧૫૫૯૮/એ)

મુલુંડ (વેસ્ટ)
સ્ટેશન પાસે 1 બેડરૂમ 1,0500000/ પેકેજ, 2 બેડરૂમ કાલિદાસ પાસે, 16000000/ પેકેજ, 3 બેડરૂમ પાંચ રસતા ફૂલ્લીફર્નિશડ 2,50,00000/, 2.5 બેડરૂમ LBS જીરકોન 1.4500000 / કોઠારી 9820330993. (૧૫૫૮૮/બી)

ઘાટકોપર (વેસ્ટ)
શ્રેયસ, 2 બેડરૂમ વેચાણથી, 558' કારપેટ, 1.11 કરોડ રેડી પઝેશન ઓનર 9870164222. (જેપી/૪૯૬૯-ઈ)

**DOSTI MEZZO SION,**
**Quiet Location All Amenities, Pool, Club, Gym, Possn in 6 months Group Booking Discounted Deals 2 Bed 3.20 Cr. ++ 3 Bed 4.45 Cr. ++ 8655929524. (B-15280)**

**DADAR WEST,**
**3 Min from Station Tallest Tower Launch All Amenities, Nr Jain Mandir, 2 Bed 3.75 Cr + 3, 4 Bed 7.40 Cr + Xclusive Offers on Visit 9819016316, 8655739820. (B-15432)**

**MATUNGA E,**
**Main Road 2 BHK 920 Cpt Bldg with Pool, Gym, 4.95 Cr ++ Genuine Seller 4 BHK 1400 + Cpt 6.99 Cr + Tax +91 98192 27923, +91 86559 29524. (B-15433)**

GOREGAON (WEST)
M.G. Road
**MATRU SMRUTI**
**1 BHK FLATS**
**400' /465' / 485'**
Sample Flat Ready
Possession Planned - April 2025
**9821134901**
**9833984901**
**9819177091**
(B-15546)

**DAHISAR EAST**
Near Highway Payment Plan 9% : 11% and Rest on Possession 1 BHK 80 Lakh, 2 BHK 1.20 Cr., 3 BHK 2.09 Cr. with all Amenities 9869070123 / 9167723483. (15555-C)

**TANNA HEIGHTS**
**OC Received, Parekh Gally, Opposite Jain Derasar, Kandivali (West), Sale - 3 Bedroom - 1179', 2 Bedroom - 725'. [Owner] 98210 49249. (15578/A)**

**KANDIVALI EAST**
**2 BHK, Thakur Village, Reputed Builder, Higher Floor, One minute WEH, Metro Station, Thakur College, Bus Stop, Rickshaw Stand, Temple, Chemist, Doctor, Grocery Store Below Building (Broker excuse) Call Owner: 9820112323. (15550-A)**

**FLAT FOR RENT**
@Bajaj Shubhada Vileparle East Spacious furnished 3 BHK 1100' Carpet 3rd Floor, 2 Car Parking. Navkar Real Estate-8870129237. (JP/4970-F)

## ૧૭. જગ્યા આપવી છે

1 RK, HINDU COLONY, well maintained Soc.& Flat 2 lifts, 2 min walking from Swami Narayan Mandir, Dadar (E) Call 9082848402. (B-15530)

**SANTACRUZ (WEST)**
Available Luxurious 2/3 Bed Flats (Prime Location, Possession April) Glorious Enterprises - 9920689842. (B-15515)

**PREMIUM PROPERTY**
2 & 3 Bedroom 750 Carpet & 980 Carpet, Ready, Kandivali West Near Station. For Visit: 9920599589. (15318/C)

## ૧૮. જગ્યા જોઈએ છે

**જુના ભાડાની ભાડુઆતવાળી**
**જગ્યા મુંબઈ તથા પશ્ચિમ ઉપનગરમાં વેચાણથી જોઈએ છે. 9320279802. (એસડીબી-૨૩૫૬)**

**ભાડુઆતવાળા**
**જુના બિલ્ડીંગ મુંબઈ થતા પશ્ચિમ ઉપનગરમાં વેચાણમાં જોઈએ છે- 9320279802. (એસડીબી-૨૪૨૭)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**પેલ્હાર વસઈ (ઈસ્ટ)**
**વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે ટચ, ઈન્ડસ્ટ્રીયલ ગાળા, ૨૦ ફૂટ હાઈટ ધરાવતું બિલ્ડિંગ, લોરી ટચ, બે ટનની ઈન્ડસ્ટ્રીયલ લિફ્ટ, ફાયર સેફ્ટી અને (૨૦૦ HP) પાવર સાથે ગ્રાઉન્ડ + ૨, સંપૂર્ણ બિલ્ડિંગ ભાડેથી આપવાનું છે. સંપર્ક: 7506796880. (૧૫૫૫૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**ભિવંડીમાં વેરહાઉસ**
**પ્રાઈમ લોકેશનમાં RCC ગોડાઉન/ દુકાન/ઓફિસ/ફ્લેટસ ભાડેથી/ વેચાણથી લેવા-નિલેશ- Whatsapp 9082301177. (૧૫૫૯૭/ડી)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઝવેરી બજાર**
**છીપીચાલ ૧૩૦ સ્કવેર ફિટ પમે માળે ફુલ હાઈટ મેડાની પરવાનગી છે. ઘરેણાં બનાવનાર બંગાલી માટે. સંપર્ક:- 9322255218. (૧૫૫૭૪-એ)**

''ઓપેરાહાઉસ''
312' બેઝમેન્ટ - ઓફિસ, લેબ-ગોડાઉન, કલાસીસ લાયક 75,00,000/-. ''નિતીન'': 9867222020. (૧૫૫૬૮-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**કૈલાસ પ્લાઝામાં ફુલ્લી ફર્નીશ્ડ, 277'/ વલ્લભબાગ લેનમાં 261' ઓફિસ ભાડેથી/ વેચાણથી લેવા. 9321690977. (૧૫૫૮૩-એ)**

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી ઓફિસો સ્ટેશન રોડ ૧૧૫૦', ૬૨૯' અને એસ વી રોડ ૫૦૦' આપવી છે. એજન્ટ: અશ્વિન મર્ચન્ટ 9819874515. (૧૫૫૭૨-બી)**

ઓપેરા હાઉસ
દુકાન (૨૫૦ + ૨૫૦) (જૂના ભાડે) (રોડ ટચ) ૧૨૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૪૩૮)

**જૂહુ ઓફિસ**
**પ્રીમિયમ કોમર્શિયલ ગ્લાસ ફેકેડ બિલ્ડિંગ હાયર ફ્લોર 2000' થી 4000' કાર્પેટ પ્રીમિયમ પ્રોજેક્ટમાં વેચાણથી. - મી. દેસાઈ - 9821096320, 8591072299. (એસડીબી-૨૪૪૦)**

જુહુસ્કીમ
કોમર્શીઅલ ઓફિસ, પહેલે માળે, ૧૪૫૦ યુઝેબલ કારપેટ, વેચાણથી. જયંત ભાલરિયા: ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૫૫૯૩/એ)

દસ હજાર
ભાડેથી નાની દુકાન મથુરાદાસ રોડ, કાંદીવલી (વેસ્ટ), અન્ય પ્રપોઝલો લેવા - આપવા. 9082825482. (૧૫૩૧૮/બી)

**SNACKS MANUFACTURING**
Require 6000 sq.ft. on Rent at Vasai, Panvel, MIDC, Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2409)

**MIDC TALOJA L BLOCK ON L & L Basis built up Shed area: 690 sq. mtrs & open space area: 400 sq. mtrs. Call: 9322591285. (B-15518)**

**HAJIALI**
Near Heera Panna Shopping Centre 200'+100' Shop, Prime Location available on Rent 55000/2 Lakh, also available for Outright. Contact Owner - 9820973797. (JP/4969-A)

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2430)

## ૨૩. મનોરંજન

''હર્ષ શાહ''..
"live".. લગ્નગીતો, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા, કોર્પોરેટ, મ્યુઝીકલ પ્રોગ્રામો - 9920553345. (બી-૧૫૫૪૯)

## ૨૩. મનોરંજન

**11,000/=માં સાંજી**
લગ્નની, રાંદલ પધરામણી, પીઠી, પત્રિકા, તપસ્યા, મોસાળુ. (પ્રાર્થનાસભા, લગ્નગીત બજેટથી). ''મનસુખભાઈ'' - 9326801860 / 8169552801. (૧૫૫૫૨-બી)

''બજેટ મુજબ''
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૫૩૨-એ)

## ૨૭. ઔષધ ઉપચાર

કોઢ-સોરાયસીસ
ખરજવું- ચામડીની એલર્જી- વેરીકોઝ વેઈન્સ, અલ્સર, સંધિવાનીજળો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં- ૯૮૯૨૧૮૮૦૯૦. (બી-૧૫૫૨૮)

## ૩૧. નાણાંકીય

■ ''ઈન્કમ ટેક્સ'' રિટર્ન ફાઈલ (કોઈપણ-મેટર) (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફત). 9137725086. (બી-૧૫૪૪૭)

**FUNDING / LOAN**
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15478-A)

PRIVATE FUND AVAILABLE (50cr-1000cr) Pan India all Industry. Disbursement within 15 days. Genuine Clients Please Call Mr. Goves-9920689842. (B-15513)

**ZERO MARGIN**
**Low Margin, Low Brokerage, Trade in Nifty, Bank Nifty, Stock, Commodity. Call 9833009385. (B-15529)**

## ૩૨. જમીન-મિલકત

**ટિટવાલા (ઈસ્ટ)**
**વેચાણથી, 400 - 800 સ્કવેર યાર્ડ પ્લોટ. સંપર્ક: 9323650893. (૧૫૫૭૪-સી)**

■ સ્વતંત્ર મિલકત વેચાણ *3 BHK ફ્લેટ* સુપર બિલ્ટઅપ*5000:3 કાર પાર્કિંગ ગાર્ડન* *240*વાર જમીન* એડવોકેટ્સ ઓફિસ લાઈબ્રેરી સાથે* ડોક્ટર્સ માટે પણ અનુકૂળ* કરીમાબાદ જમાતખાના પાસે ઘોડદોડ સુરત. 9016877852. (બી-૧૫૫૨૩)

ઉમરગામ (વેસ્ટમાં)
શીતલ ટાઉનશીપ પાસે અંડર કન્ટ્રક્શન ત્રણ બિલ્ડિંગના પ્રોજેક્ટમાં જોઈન્ટ વેન્ચરમાં રોકાણ કરનાર આવકાર્ય. કલેક્ટર દ્વારા પ્લાન પાસ. રેશિયો ૭૦/૩૦ સંપર્ક: અનુભાઈ (બ્રોકર): મુંબઈ: ૮૮૫૦૪૦૮૧૯૭/ ૯૮૬૯૫૭૭૯૪૧. (૧૫૫૯૪/બી)

## ૩૩. ધંધાદારી

■ ઘરે ડ્રોન પીપરડીશ બનાવો. દર મહિને 30-35 હજાર કમાઓ બે વર્ષનો કરાર- 9028160157. (બી-૧૫૫૪૮)

**HOME LOAN - MORTGAGE LOAN**
From 5 Cr. to 50 Cr. - to Professional - Lawyers - Doctors - Architect (From 15% to 18%) Redevelopment of Society - Self Redevelopment NPA Cases can be Solved. Jalaram Finance 9820441711. (15555-D)

**ACCOUNTANT AVAILABLE with 2-3 years experience having knowledge of GST. Contact: 9869067584 / suanienterprises@gmail.com (B-15516)**

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**INTERIOR WORK**
**By Civil Engineer Dr. Fixit Applicator Licensed Plumber. Mob. 9833521709. (B-15525)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

એસ પેસ્ટીસાઈડ
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

## ૪૬. વોટર પ્રુફિંગ

બિલ્ડિંગ રીપેરીંગ
વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ વીથ પેઈન્ટીંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ. સંપર્ક: 9987414990/ 9324558334. (૧૫૫૪૦-એ)

વોટરપ્રુફીંગ સ્પેશ્યાલિસ્ટ
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સિવિલ કામ, પેઈન્ટિંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, 8450941119. (બી-૧૫૫૪૪)

## ૪૭. હેલ્થ અને ફિટનેસ

**"FOR FAMILY.."**
"Body Massage" Rs. 500/- at your Home Service.. Contact - 8070559922. (B-15550)

## ૫૨. કુરીઅર્સ

મનસ્વી પાર્સલ
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

દુનિયાભરમાં પાર્સલ
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૩૬૬)


# પુત્રના લગ્ન પ્રસંગે ગૌતમ અદાણીનો સેવા કાર્યનો સંકલ્પ

## ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની માતબર સખાવત જાહેર કરી



અમદાવાદઃ ગૌતમ અદાણીએ ગયા મહિને મહાકુંભ મેળાની મુલાકાત વેળા કહ્યું હતું કે તેમના પુત્રના લગ્ન ''સાદગી અને પરંપરાગત રીત રસમ અનુસાર કરવામાં આવશે. એ સમયના પોતાના કહેણને વળગી રહેવા સાથે પુત્ર જીત અદાણીના લગ્ન એક ભવ્ય અને અદ્ભુત જશ્નની જેમ ઉજવાશે તેવી તમામ અફવાઓ અને અટકળોનો અંત લાવી દેતા આ અબજોપતિ ઉદ્યોગપતિએ પોતાના પારિવારિક લગ્નસરાને ઝાકમઝોળથી અળગો તો રાખ્યો છે પણ 'બહુજન હિતાય, 'બહુજન સુખાય'ના ધ્યેય સાથે રૂ. ૧૦,૦૦૦ કરોડની માતબર રકમની સખાવત જાહેર કરી એક અનુકરણીય ચીલો ચાતર્યો છે.

સેવા સાધના છે, સેવા પ્રાર્થના છે અને સેવા જ પરમાત્મા છે, ગૌતમ અદાણીની અંગત ફિલોસોફીની જન કલ્યાણની સૂચિમાં તેમની આ વિશાળ સખાવત મારફત સામાજિક દર્શનને આકાર આપવામાં આવ્યો છે એમ તેમના નજીકના અંગત સૂત્રોએ જણાવ્યું હતું. તેમની આ સખાવતનો શિરમોર ભાગ આરોગ્ય સંભાળ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસમાં મોટા પાયે માળખાગત પહેલોને ભંડોળના યોગદાનથી માણેકસ્થંભ રોપવા સમાન એક સુદ્રઢ તાકાત પૂરી પાડવામાં આવે તેવી અપેક્ષા છે. આ ક્ષેત્રોમાં આગામી પદાર્પણ આમ આદમીને પરવડે તેવી વિશ્વ કક્ષાની હોસ્પિટલો અને મેડિકલ કોલેજો, પોષાય તેવી ફી સાથેની શાળાઓ અને રોજગારીની બાંહેધરી સાથેના અદ્યતન વૈશ્વિક કૌશલ્ય એકેડેમીના નેટવર્કમાં સમાજના તમામ સમૂહોને ઉપલબ્ધ બની રહે તેના પર ધ્યાન કેન્દ્રિત કરશે.

રસપ્રદ વાત એ છે કે,આ ટ્વીટમાં, તેમણે તેમની પુત્રવધૂને ''દીકરી દિવા'' તરીકે સંબોધન કર્યું છે. જીત અદાણી હિરાના વેપારી જૈમિન શાહની દીકરી દિવા સાથે આજે બપોરે અમદાવાદમાં અદાણી શાંતિગ્રામ ટાઉનશિપમાં આવેલી બેલ્વેડેર ક્લબ ખાતે સપ્તપદીના સાત ફેરા ફરી લગ્નગ્રંથીથી જોડાયા હતા. પરિવારના અંતરંગ વર્તુળોના કહેવા મુજબ, આ લગ્ન એક સાદો પર્વોત્સવ રહ્યો હતો. જેમાં પારંપારિક ધાર્મિક વિધિઓ બાદ રૂઢિગત ગુજરાતી સમારોહમાં નજીકના સગા સંબંધીઓ અને પારિવારિક મિત્રોએ જ હાજરી આપી પ્રસંગને દીપાવ્યો હતો.રાજકીય નેતાઓ, વેપાર ઉદ્યોગના અગ્રણીઓ,રાજદ્વારીઓ,ઉચ્ચ અધિકારીઓ,ફિલ્મ સ્ટાર્સ, મનોરંજન જગતના જાણીતા ચહેરાઓ કે અન્ય હસ્તીઓની ગેરહાજરી સ્પષ્ટપણે જોવા મળી હતી

હાલમાં જીત અદાણી છ આંતરરાષ્ટ્રીય હવાઇ મથકોનું સંચાલન કરતી કંપની અદાણી એરપોર્ટ્સના ડિરેક્ટર તરીકે કાર્યરત છે.નવી મુંબઇમાં નિર્માણાધિન સાતમા એરપોર્ટની કામગીરી તે સંભાળે છે.યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનીયાની સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ એપ્લાઇડ સાયન્સનો જીત અદાણી પૂર્વ વિદ્યાર્થી છે. ■

# ૫૦ લાખ પાણીમાં, હાથમાં હાથકડી, પગમાં સાંકળઃ અમેરિકાથી દેશનિકાલની વીતકકથા

નાગપુરઃ નાગપુરના રહેવાસી અને અમેરિકાથી દેશનિકાલ થયેલા ૧૦૪ ભારતીયોમાંના એક હરપ્રીત સિંહ લાલિયાએ નામોશી સાથે સ્વદેશ પાછા ફર્યાની વીતકકથા બયાન કરી હતી. પાછા ફરતી વખતે તેને હાથકડી પહેરાવી પગ સાંકળથી બાંધવામાં આવ્યા હોવાનો દાવો તેણે કર્યો હતો. પોતે કેનેડા જવાની યોજના બનાવી હતી, પરંતુ તેના એજન્ટની એક ભૂલને કારણે તેનું સપનું રોળાઈ ગયું હોવાનું હરપ્રીતએ ગુરુવારે જણાવ્યું હતું.

વિદેશ જવા માટે બેંકો - સગાંવહાલાંઓ પાસેથી લીધેલા ૫૦ લાખ રૂપિયાના નુકસાનનો બળાપો વ્યક્ત કરી અમેરિકા જવા માટે દરેક તબક્કે વિષમ પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું હતું એનો ઉલ્લેખ પણ તેણે કર્યો હતો. ૧૦૪ ગેરકાયદે વસાહતીઓને લઈને અમેરિકન મિલિટરીનું વિમાન બુધવારે અમૃતસર એરપોર્ટ પર ઉતર્યું હતું. દેશનિકાલ લોકોમાં હરિયાણા તેમજ ગુજરાતમાંથી ૩૩-૩૩, પંજાબના ૩૦, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશના ત્રણ-ત્રણ અને ચંદીગઢના બે લોકોનો સમાવેશ થાય છે.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં હરપ્રીત સિંહે જણાવ્યું હતું કે 'હું કેનેડાના વિઝા પર ગયો હતો. મેં પાંચમી ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ નવી દિલ્હીથી યાત્રા શરૂ કરી હતી. બીજા દિવસે અબુ ધાબીથી મારી કનેક્ટિંગ ફ્લાઇટ હતી, પરંતુ મને તેમાં બેસવા ન દીધો. ત્યારબાદ દિલ્હી પાછા ફરી આઠ દિવસ ત્યાં રહ્યો હતો. ત્યારબાદ મને ઇજિપ્તના કૈરોની ફ્લાઇટમાં બેસાડવામાં આવ્યો, જ્યાંથી મારે સ્પેન થઈને કેનેડાના મોંટ્રીયલ શહેર જવાનું હતું.' ચાર દિવસ સ્પેનમાં રહ્યા બાદ હરપ્રીતને ગ્વાટેમાલા, ત્યાંથી નિકારાગુઆ, પછી હોન્ડુરાસ ત્યાંથી મેક્સિકો અને ત્યારબાદ અમેરિકાની સરહદે મોકલવામાં આવ્યો હતો. સંવાદદાતાઓને વધુ જાણકારી આપતા તેણે જણાવ્યું હતું કે 'ભયંકર યાતના પ્રવાસમાં મેક્સિકોમાં માફિયાઓએ ૧૦ દિવસ સુધી તાબામાં રાખ્યા હતા. ત્યારબાદ ચાર કલાકની પર્વત પર આકરું ચઢાણ અને પછી અમેરિકા સરહદ સુધી ૧૬ કલાકની આકરી મુસાફરી કરવી પડી હતી.'

દેશનિકાલ વિશે હરપ્રીતે જણાવ્યું હતું કે તેમને અને ૧૦૩ અન્ય લોકોને 'વેલકમ સેન્ટર'માં લઈ જવામાં આવ્યા હતા અને ત્યારબાદ હાથકડી પહેરાવી પગ સાંકળથી બાંધી દેવામાં આવ્યા હતા. (પીટીઆઈ)■

# સેઠીની એમએસઆરટીસીના વડા તરીકેની નિયુક્તિ કામચલાઉઃ પ્રધાનનો દાવો

થાણેઃ મહારાષ્ટ્રના પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકે શુક્રવારે સ્પષ્ટ કર્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા એમએસઆરટીસીના ચેરમેન તરીકે આઈએએસ અધિકારી સંજય સેઠીની નિયુક્તિ કરી હોવાની જાહેરાત કરી હોવા છતાં આ ફક્ત કામચલાઉ વ્યવસ્થા છે, જ્યાં સુધી કોઈ જન પ્રતિનિધિની આ પદ પર નિયુક્તિ ન કરવામાં આવે.

પરિવહન ખાતાના સચિવ સેઠી એડિશનલ ચીફ સેક્રેટરી રેન્કના અધિકારી છે. તેમને મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી)ના ચેરમેન બનાવવામાં આવ્યા હોવાનું સત્તાવાર ગેઝેટ બુધવારે બહાર પાડવામાં આવ્યું હતું.

છેલ્લા એક દાયકામાં આ પદ પર નિયુક્ત થનારા તેઓ પહેલા આઈએએસ અધિકારી છે. આ પદ પર પહેલાં ભરત ગોગાવલે હતા. તેઓ સત્તાધારી પાર્ટી શિવસેનાના વિધાનસભ્ય છે.

એક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ બહાર નીકળી રહેલા પ્રતાપ સરનાઈકને જ્યારે આ બાબતે સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે એમએસઆરટીસીનું અધ્યક્ષપદ રાજકીય વ્યક્તિ પાસે જ રહેશે. જ્યારે એકનાથ શિંદે મુખ્ય પ્રધાન હતા ત્યારે આ પદ વિધાનસભ્ય ભરત ગોગાવલેને આપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ પ્રધાન બન્યા બાદ તેમણે રાજીનામું આપતાં આ પદ ખાલી પડ્યું હતું.

જ્યાં સુધી નવી વ્યક્તિની નિયુક્તિ નહીં કરવામાં આવે ત્યાં સુધી સંજય સેઠીને અધ્યક્ષપદ આપવામાં આવ્યું છે. આ એક કામચલાઉ વ્યવસ્થા છે. ■

# બેન્કના ૯૭.૪૧ કરોડના ભંડોળની ઉચાપતઃ કૉંગ્રેસના ભૂતપૂર્વ વિધાનસભ્યની ધરપકડ

છત્રપતિ સંભાજીનગરઃ કો-ઓપરેટિવ બેન્કના ૯૭.૪૧ કરોડના ભંડોળની ઉચાપત કરવા પ્રકરણે કૉંગ્રેસના ભૂતપૂર્વ વિધાનસભ્યની ધરપકડ કરવામાં આવી હતી. વિધાન પરિષદના ભૂતપૂર્વ સભ્ય સુભાષ ઝંબડને ધરપકડ બાદ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને ૧૨ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી, એમ આર્થિક ગુના શાખાના અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર અજંતા અર્બન કો-ઓપરેટિવ બેન્કના ભૂતપૂર્વ ચેરમેન સુભાષ ઝંબડ વિરુદ્ધ ૨૦૦૬થી ૨૦૨૩ દરમિયાન ભંડોળની ઉચાપત કરવા પ્રકરણે બે કેસ દાખલ કરવામાં આવ્યા હતા.

ઉચાપતની રકમ ૯૭.૪૧ કરોડ રૂપિયા હતી, પણ સમાધાન બાદ તે રકમ ૬૭ કરોડ રૂપિયા થઇ ગઇ છે. ઝંબડને તેના સિડકો વિસ્તારમાં આવેલા નિવાસસ્થાનેથી પકડી પાડવામાં આવ્યો હતો, એમ અધિકારીએ કહ્યું હતું.

ઝંબડ વિરુદ્ધ ઑક્ટોબર, ૨૦૨૩માં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તેણે બાદમાં સુપ્રીમ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી, જે બાદમાં ફગાવી દેવાઇ હતી. આરોપી છેલ્લાં ૧૫ મહિનાથી ફરાર હતો, એમ પોલીસે કહ્યું હતું. ■

# વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં વિદર્ભને પાંચ લાખ કરોડ રૂપિયાના રોકાણ પ્રસ્તાવ મળ્યાઃ ફડણવીસ

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું કે ગયા મહિને દાવોસમાં આયોજિત વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં રાજ્ય માટે સમજૂતીના કરાર કરાયેલા ૧૫ લાખ કરોડ રૂપિયાથી વધુના રોકાણ પ્રસ્તાવોમાંથી પાંચ લાખ કરોડ રૂપિયાના સમજૂતી કરાર ફક્ત વિદર્ભ માટે હતા.'એડવાન્ટેજ વિદર્ભ' કોન્ક્લેવમાં બોલતાં ફડણવીસે એવા આરોપોને ફગાવી દીધા કે ઘણીવાર એમઓયુ વાસ્તવિક રોકાણમાં પરિણમતા નથી, અને દાવો કર્યો કે મહારાષ્ટ્રમાં વાસ્તવિક રોકાણ ટકાવારી ૭૫ ટકા થી ૯૦ ટકાની છે.

તેમણે કહ્યું કે દાવોસમાં હસ્તાક્ષર કરાયેલા ૧૫ લાખ કરોડ રૂપિયાથી વધુના એમઓયુમાંથી પાંચ લાખ કરોડ રૂપિયાના રોકાણ ફક્ત વિદર્ભ માટે હતા, જેમાં જેએસડબ્લ્યુ ગ્રુપ દ્વારા ત્રણ લાખ કરોડ રૂપિયાના અને બાકીના બે લાખ કરોડ રૂપિયાના કરાર કલ્યાણી ગ્રુપ, સિએટ, વર્ધાન, ઈઈએલ, વારી અને અન્ય કોર્પોરેટ્સ દ્વારા ઉભરતી ટેકનોલોજી સહિત વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવ્યા છે. ■

# ફોટોગ્રાફી માટે ઈરાનમાં હેરાનઃ બે મહિના પછી સ્વદેશાગમન

છત્રપતિ સંભાજી નગરઃ મધ્ય મહારાષ્ટ્રના નાંદેડનો એક એન્જિનિયર ઈરાનમાં પ્રતિબંધિત વિસ્તારમાં કથિત રીતે ફોટોગ્રાફસ ક્લિક કરવાના આરોપમાં લગભગ બે મહિના સુધી અટકાયતમાં રહ્યા બાદ સ્વદેશ પાછો ફર્યો છે.

રાજ્યસભાના સભ્ય અને ભાજપના સ્થાનિક નેતા અજિત ગોપેડેએ જણાવ્યું હતું કે, વિદેશ મંત્રાલયના હસ્તક્ષેપ બાદ યોગેશ પંચાલ (૩૩)ને આ સપ્તાહની શરૂઆતમાં મુક્ત કરવામાં આવ્યા બાદ ચોથી ફેબ્રુઆરીએ તે ભારત પાછો ફર્યો હતો. નાંદેડ જિલ્લાના વસમતના રહેવાસી પંચાલે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે 'ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં ધંધાર્થે ઈરાન ગયો હતો. ૭ ડિસેમ્બરે તેહરાન પહોંચી સહેલ કરવા નીકળ્યો અને અન્ય પ્રવાસીઓની જેમ કેટલાક ફોટોગ્રાફ પાડ્યા અને વીડિયો શૂટ કરી સ્વદેશમાં મારા પરિવારને મોકલ્યા હતા. જોકે, એ જ દિવસે મને મારી હોટલના રૂમમાંથી પકડી ડિટેન્શન સેન્ટરમાં લઈ જવામાં આવ્યો હતો.' યોગેશ પંચાલ પર પ્રતિબંધિત ઝોનમાં વીડિયો અને ફોટોગ્રાફ શૂટ કરવાનો આરોપ હતો.

કારાવાસ દરમિયાન તેની સાથે સારો વ્યવહાર કરવામાં આવ્યો હતો એમ જણાવી પંચાલે ઉમેર્યું હતું કે 'કાયમ મારી આંખો પર પટ્ટી બાંધી રાખવામાં આવી હતી. ડિટેન્શન સેન્ટરમાં મને ૫૯ દિવસ રાખવામાં આવ્યો હતો. જોકે, રક્ષકોએ મને ક્યારેય સ્પર્શ પણ નહોતો કર્યો.'

પંચાલના પરિવારે સંસદ સભ્ય ગોપચાડેનો સંપર્ક કર્યો હતો અને વિદેશ મંત્રાલયે દરમિયાનગીરી કરતા પંચાલને મુક્ત કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘બાપુ’ જાડેજા જેવો બીજો કોઈ જ નહીં

## ૬૦૦ વિકેટ લેનાર રવીન્દ્ર જાડેજા ભારતનો પ્રથમ લેફ્ટ-આર્મ સ્પિનર

નાગપુરઃ ગુરુવારે ઇંગ્લૅન્ડ સામે ભારતને વિજય અપાવવામાં ખાસ કરીને પાંચ ખેલાડી (હર્ષિત રાણા, શુભમન ગિલ, અક્ષર પટેલ, શ્રેયસ ઐયર, રવીન્દ્ર જાડેજા)નું યોગદાન હતું, પરંતુ એ બધામાં ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ ખાસ કરીને બોલિંગમાં જે સિદ્ધિ મેળવી એ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી ચૂકેલા ભારતના તમામ સ્પિનર્સમાં સર્વશ્રેષ્ઠ છે. તે ભારતનો એવો પહેલો લેફ્ટ-આર્મ સ્પિનર છે જેણે ત્રણેય ફૉર્મેટ (ટેસ્ટ, વન-ડે, ટી-૨૦)માં કુલ મળીને ૬૦૦ વિકેટ લીધી છે.

ટેસ્ટમાં જાડેજાની ૩૨૩ વિકેટ, ટી-૨૦માં ૫૪ વિકેટ અને વન-ડેમાં ૨૨૩ વિકેટ છે. વન-ડે ક્રિકેટમાં તેણે ગુરુવારે ૨૨૩મી વિકેટ લીધી એ સાથે કુલ ૬૦૦ ઇન્ટરનૅશનલ વિકેટનો ભારતીય વિક્રમ તેના નામે લખાઈ ગયો હતો.

જાડેજાએ એ દિવસે જૉ રૂટ (૧૯ રન) અને જૅકબ બેથેલ (૫૧ રન)ને એલબીડબ્લ્યૂમાં પૅવિલિયન ભેગા કરી દીધા ત્યાર બાદ ૪૭મી ઓવરમાં તેણે હરીફ સ્પિનર આદિલ રાશિદ (૮ રન)ને ક્લીન બોલ્ડ કર્યો એ સાથે તેની ૬૦૦મી આંતરરાષ્ટ્રીય વિકેટ નોંધાઈ હતી અને તે રેકૉર્ડ-બુકમાં આવી ગયો હતો.

જાડેજા ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી નિવૃત્ત થઈ ચૂક્યો છે. છેલ્લે તે ગયા વર્ષે જૂનમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં રમ્યો હતો.



ગુરુવારે ભારતે ૩૭મી ઓવરમાં મૅચ-વિનર શુભમન ગિલ (૮૭ રન)ની વિકેટ ગુમાવી ત્યારે ભારતે જીતવા માટે ફક્ત ૧૪ રન બનાવવાના બાકી હતા. ઇંગ્લૅન્ડના બોલર્સનું આક્રમણ ત્યારે ભારતીય ટીમને આઘાત પમાડનારું હતું, કારણકે ત્યારે ચાર ઓવરમાં ભારતે અક્ષર પટેલ (બાવન રન), કેએલ રાહુલ (બે રન) અને ગિલની વિકેટ ગુમાવી દીધી હતી. જોકે જાડેજા (૧૨ અણનમ, ૧૦ બૉલ, બે ફોર)એ એક છેડો સાચવી રાખીને તેમ જ હાર્દિક પંડ્યા (નવ અણનમ, છ બૉલ, એક સિક્સર)ને સાથ આપી ધબડકો રોકીને ભારતને વિજય અપાવી દીધો હતો.

### ૬૦૦ કે ૬૦૦-પ્લસ વિકેટ લઈ ચૂકેલા ભારતીય બોલર

(૧) અનિલ કુંબલે, ૯૫૬ વિકેટ
(૨) રવિચન્દ્રન અશ્વિન, ૭૬૫ વિકેટ
(૩) હરભજન સિંહ, ૭૧૧ વિકેર્ટ
(૪) કપિલ દેવ, ૬૮૭ વિકેટ
(૫) ઝહીર ખાન, ૬૧૦ વિકેટ
(૬) રવીન્દ્ર જાડેજા, ૬૦૦ વિકેટ

### જાડેજા વિશ્વનો એવો છઠ્ઠો બોલર છે જેણે...

રવીન્દ્ર જાડેજાએ આંતરરાષ્ટ્રીય કરીઅરમાં કુલ ૬૦૦ વિકેટ લેવા ઉપરાંત કુલ ૬,૬૫૩ રન પણ બનાવ્યા છે. એ જોતાં ૬૦૦ વિકેટ લેવાની સાથે ૬,૫૦૦-પ્લસ રન બનાવીને તેણે ભારતની જ નહીં, ક્રિકેટ જગતની રેકૉર્ડ-બુકમાં અનેરું સ્થાન નોંધાવ્યું છે. તે ૬,૦૦૦થી વધુ રન બનાવવા ઉપરાંત ૬૦૦ વિકેટ લેનાર કપિલ દેવ પછીનો બીજો ભારતીય બન્યો છે. એકંદરે, આ સિદ્ધિ મેળવનાર વિશ્વનો તે છઠ્ઠો બોલર છે. તેની પહેલાંના પાંચ બોલર્સમાં કપિલ દેવ, વસીમ અકરમ, શૉન પોલૉક, ડેનિયલ વેટોરી અને શાકિબ-અલ-હસનનો સમાવેશ છે.

# બુધવારે રાત્રે મને રોહિતનો કૉલ આવ્યો એ પછી હું પિક્ચર અધૂરું છોડીને સીધો સૂઈ જ ગયોઃ શ્રેયસ ઐયર

નાગપુરઃ ભારતે ગુરુવારે વિદર્ભ પ્રાંતમાં નાગપુરના સ્ટેડિયમમાં ઇંગ્લૅન્ડ સામે રમાયેલી સિરીઝની પહેલી વન-ડે ૬૮ બૉલ બાકી રાખીને ચાર વિકેટે જીતી લીધી એમાં શ્રેયસ ઐયર (૫૯ રન, ૩૬ બૉલ, બે સિક્સર, નવ ફોર)નું મહત્ત્વનું યોગદાન હતું અને તેણે આ મૅચ પોતાને કેવી રીતે રમવા મળી એ પાછળનું રહસ્ય ખોલ્યું છે.

વિરાટ કોહલી ઘૂંટણની ઈજાને લીધે આ મૅચમાં ન રમવાનો હોવાથી યશસ્વી જયસ્વાલને વન-ડેમાં ડેબ્યૂ કરવાનો મોકો મળ્યો એવું મનાતું હતું, પણ હકીકત જુદી જ હતી. એવું જાણવા મળ્યું છે કે મૂળ રીતે આ મૅચમાં ઐયરને બદલે યશસ્વીને રમાડવાનું નક્કી જ હતું. જોકે વિરાટ ઈજા પામતાં યશસ્વી ઉપરાંત ઇલેવનમાં શ્રેયસને જાળવી રાખવામાં આવ્યો હતો. શ્રેયસને કહેવામાં આવ્યું કે તું પણ ઇલેવનમાં છે જ.

ભારતે ૨૪૮ રનના લક્ષ્યાંક સામે ૩૮.૪ ઓવરમાં છ વિકેટે ૨૫૧ રન બનાવીને વિજય મેળવી લીધો હતો.



શ્રેયસ ઐયરે ગિલ સાથે ૬૪ બૉલમાં ૯૪ રનની ભાગીદારી કરી હતી. (પીટીઆઇ)

આ વિજયમાં રવીન્દ્ર જાડેજા (૨૬ રનમાં ત્રણ વિકેટ), હર્ષિત રાણા (૫૩ રનમાં ત્રણ વિકેટ), શુભમન ગિલ (૮૭ રન, ૯૬ બૉલ, ૧૪ ફોર) અને અક્ષર પટેલ (બાવન રન, ૪૭ બૉલ, એક સિક્સર, છ ફોર)નો પણ મોટો ફાળો હતો.

જોકે ઐયર સૌથી નસીબદાર સાબિત થયો. તેણે મૅચ પછી પત્રકારોને કહ્યું હતું કે વાત ખૂબ રમૂજી છે. હું તો બુધવારે રાત્રે પિક્ચર જોઈ રહ્યો હતો. ઑરિજિનલી, હું ઇલેવનમાં નહોતો એટલે થોડી ફુરસદમાં હતો. જોકે એ રાત્રે મોડેથી મને રોહિતનો કૉલ આવ્યો કે ઈજા બાદ વિરાટના ઘૂંટણમાં ખૂબ સોજો છે એટલે તેના બદલે તારે રમવાનું છે. રોહિતની વાત સાંભળીને હું મારી રૂમમાં ગયો અને સીધો સૂઈ જ ગયો.’

# વિરાટ રવિવાર સુધીમાં સાજો થઈ જશેઃ ગિલ

કટકઃ ગુરુવારે નાગપુરમાં હજારો પ્રેક્ષકો ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ વન-ડેમાં ખાસ કરીને વિરાટ કોહલીને રમતો જોવા આવ્યા હતા, પણ ટીમનો આ પીઢ ખેલાડી આગલી જ સાંજે પ્રૅક્ટિસ દરમ્યાન ઘૂંટણમાં ઈજા થવાને કારણે એ દિવસની મૅચમાં નહોતો રમી શક્યો અને આ પ્રેક્ષકોએ (ભારત જીતી જવા છતાં) વિરાટને ન જોવા મળ્યો એના અફસોસ સાથે પાછા જવું પડ્યું હતું. જોકે હવે રવિવારે ઓડિશાના કટકમાં એવું નથી બનવાનું. કારણ એ છે કે ‘કિંગ કોહલી’ની ઘૂંટણની ઈજા ગંભીર નથી અને એ દિવસે ઇંગ્લૅન્ડ સામેની બીજી વન-ડે (બપોરે ૧.૩૦ વાગ્યાથી)માં તે રમવાનો છે.

વાઇસ-કૅપ્ટન અને ગુરુવારના મૅન ઑફ ધ મૅચ શુભમન ગિલે બ્રૉડકાસ્ટર્સને આપેલી મુલાકાતમાં આશા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ‘વિરાટની ગોઠણની ઈજા ગંભીર નથી. તેને એમાં જે સોજો છે એ ઓછો થઈ રહ્યો છે અને રવિવારની બીજી વન-ડે સુધીમાં તે રમવા માટે ફિટ થઈ જશે.’ વિરાટ કોહલી ટીમમાં નહોતો એટલે વનડાઉનમાં શુભમન ગિલ રમ્યો હતો અને તેના ૮૭ રનની મદદથી ભારતે આસાન વિજય મેળવ્યો હતો.

વિરાટ કોહલી રવિવારની મૅચમાં પાછો આવશે એટલે તેને તેના નિત્યક્રમ વનડાઉનમાં મોકલવામાં આવશે કે બીજા કોઈ નંબર પર એ સવાલ છે, પરંતુ શુભમન ગિલે કહ્યું, ‘ટેસ્ટમાં હું ત્રીજા નંબરે બૅટિંગ કરતો હોઉં છું એટલે ગુરુવારની વન-ડેમાં વનડાઉનમાં રમવાનું મારા માટે કોઈ મોટા ફેરફાર જેવું નહોતું. હા, પરિસ્થિતિ થોડી અલગ જરૂર હતી. વનડાઉનમાં રમવાનું નક્કી થયું હોય અને જો ઓપનિંગની વિકેટ જલદી પડી જાય તો વનડાઉનમાં બૅટરે પરિસ્થિતિ અનુસાર બૅટિંગ કરવી પડતી હોય છે અને ગુરુવારે મારા કિસ્સામાં એવું જ બન્યું હતું.’

ગિલે ૧૩૩ મિનિટ (બે કલાકથી પણ વધુ સમય સુધી) ક્રીઝમાં ટકી રહીને ૯૬ બૉલમાં ૧૪ ફોરની મદદથી મૅચ-વિનિંગ ૮૭ રન બનાવ્યા હતા.



**અંગત મહેમાન તરીકે સચિન પહેલી વાર રાષ્ટ્રપતિ ભવનમાં**

નવી દિલ્હીઃ ક્રિકેટિંગ-ગૉડ સચિન તેન્ડુલકર ગુરુવારે પત્ની અંજલિ અને પુત્રી સારા સાથે દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળ્યા હતા અને તેમને ઑટોગ્રાફવાળું ટેસ્ટ જર્સી ગિફ્ટ આપ્યું હતું. સચિન આ પહેલાં ભારતરત્ન તથા ખેલરત્ન સહિતના પ્રતિષ્ઠિત પુરસ્કારો સ્વીકારવા રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લઈ ચૂક્યો હતો, પરંતુ અંગત મહેમાન તરીકે તેની આ પહેલી જ મુલાકાત હતી. પરિવાર સાથે તે પ્રેસિડન્ટને મળ્યો હતો અને તેમની સાથે ઘણી વાતચીત કરી હતી. ૫૧ વર્ષના સચિને ‘રાષ્ટ્રપતિ ભવન વિમર્શ શૃંખલા’ હેઠળ ચર્ચામાં પોતાની ક્રિકેટ-સફરની તેમ જ એમાં પોતે અપનાવેલા સિદ્ધાંતોની વાત કરી હતી.

# એશિયામાં હવે પૉન્ટિંગ કે બોર્ડર નહીં, સ્ટીવ સ્મિથ છે ‘કિંગ’

## ઑસ્ટ્રેલિયન બૅટર હવે વિરાટથી ઘણો આગળ નીકળી ગયો છે, દ્રવિડ-રૂટની બરાબરીમાં થઈ ગયો

ગૉલઃ ઑસ્ટ્રેલિયાના હાલના ટોચના ટેસ્ટ-બૅટર સ્ટીવ સ્મિથે (૧૨૦ નૉટઆઉટ, ૨૩૯ બૉલ, એક સિક્સર, નવ ફોર) આજે અહીં શ્રીલંકા સામેની બીજી (સવારે ૧૦.૦૦ વાગ્યાથી) તથા છેલ્લી ટેસ્ટના બીજા દિવસે કરીઅરની ૩૬મી ટેસ્ટ સદી ફટકારી હતી. તેણે વિકેટકીપર ઍલેક્સ કૅરી (૧૩૯ નૉટઆઉટ, ૧૫૬ બૉલ, બે સિક્સર, તેર ફોર) સાથે ચોથી વિકેટ માટે ૨૩૯ રનની અતૂટ ભાગીદારી કરી હતી. સ્મિથે કેટલાક વિક્રમ પોતાના નામે કર્યા છે. શ્રીલંકા વતી ત્રણમાંથી બે વિકેટ નિશાન પેઇરિસે લીધી હતી.

એશિયામાં ટેસ્ટ મૅચો રમી ચૂકેલા ઑસ્ટ્રેલિયન ખેલાડીઓમાંથી જેમણે એશિયામાં સૌથી વધુ ટેસ્ટ રન બનાવ્યા છે એમાં અત્યાર સુધી રિકી પૉન્ટિંગ ૧,૮૮૯ રન સાથે નંબર-વન હતો, પરંતુ હવે કાર્યવાહક કૅપ્ટન સ્મિથ ૧,૯૮૩ રન સાથે મોખરે થઈ ગયો છે અને પૉન્ટિંગ બીજા નંબરે છે. ઑસ્ટ્રેલિયનોમાંથી ઍલન બોર્ડરની છ સેન્ચુરી એશિયામાં સૌથી વધુ હતી, પણ હવે સ્મિથે એશિયામાં સાતમી સદી સાથે નંબર-વન થઈને બોર્ડરને બીજા નંબર પર મોકલી દીધા છે.

આજે ઑસ્ટ્રેલિયાની ઇનિંગ્સ અગાઉ શ્રીલંકાની ટીમ પહેલા દાવમાં ૨૫૭ રનના સ્કોર પર આઉટ થઈ હતી. એમાં વિકેટકીપર કુસાલ મેન્ડિસના અણનમ ૮૫ રન અને દિનેશ ચંદીમલના ૭૪ રન સામેલ હતા. ઑસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક તથા મૅથ્યૂ કુહનેમને ત્રણ-ત્રણ વિકેટ તેમ જ સ્પિનર નૅથન લાયને પણ ત્રણ વિકેટ લીધી હતી. એક વિકેટ ટ્રેવિસ હેડને મળી હતી.

ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ ૫૧ સેન્ચુરી ક્રિકેટિંગ-ગૉડ સચિન તેન્ડુલકરના નામે છે અને તેની તુલનામાં સ્ટીવ સ્મિથની ૩૬ સદી ઘણી દૂર કહેવાય, પરંતુ સ્મિથે રાહુલ દ્રવિડ અને ઇંગ્લૅન્ડના વર્તમાન મુખ્ય બૅટર જૉ રૂટની બરાબરી જરૂર કરી લીધી છે. દ્રવિડે ૩૬ સેન્ચુરી ફટકારી હતી, જ્યારે રૂટના નામે પણ હાલમાં ૩૬ સદી છે. રસપ્રદ બાબત એ છે કે એક સમયે વિરાટ કોહલી, સ્ટીવ સ્મિથ, જૉ રૂટ અને કેન વિલિયમસનમાંથી કોણ ચડિયાતું એવી સરખામણી થતી હતી. જોકે સ્મિથ અને રૂટ હવે ૩૬-૩૬ સેન્ચુરી સાથે સરખેસરખા છે, જ્યારે વિલિયમસનની ૩૩ સદી છે, પરંતુ કોહલી ૩૦ સેન્ચુરી સાથે આ ત્રણેયથી ઘણો પાછળ છે.

ઑસ્ટ્રેલિયાએ પ્રથમ ટેસ્ટ એક દાવ અને ૨૪૨ રનથી જીતી લીધી હતી.

# શુભમન ગિલનો બૅટિંગ ઍવરેજમાં વર્લ્ડ રેકૉર્ડઃ વિરાટ, બેવન, ડિવિલિયર્સને પણ ઝાંખા પાડી દીધા

## ગુરુવારના મૅન ઑફ ધ મૅચ ગિલે શું કહ્યું? તેના જ શબ્દોમાં જાણીએ...

નાગપુરઃ શુભમન ગિલે ગુરુવારે અહીં ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ વન-ડેમાં મૅચ-વિનિંગ પર્ફોર્મ કરીને ભારતને વિજય અપાવવાની સાથે સિરીઝમાં ૧-૦ની સરસાઈ અપાવી એ ઉપરાંત તેણે વન-ડે ક્રિકેટના ઇતિહાસમાં નવો વિશ્વ વિક્રમ પણ સ્થાપિત કર્યો હતો. વન-ડેના ઈતિહાસમાં તેની બૅટિંગ ઍવરેજ અત્યારે સર્વશ્રેષ્ઠ છે.

### વન-ડેની બૅટિંગ ઍવરેજમાં ટોચના પાંચ સ્થાનમાં કોણ-કોણ છે?



(૧) શુભમન ગિલ ૨,૪૧૫ રન, ૫૮.૯૦ની ઍવરેજ
(૨) વિરાટ કોહલી ૧૩,૯૦૬ રન, ૫૮.૧૮ની ઍવરેજ
(૩) બાબર આઝમ ૫,૯૫૭ રન, ૫૬.૭૩ની ઍવરેજ
(૪) માઇકલ બેવન ૬,૯૧૨ રન, ૫૩.૫૮ની ઍવરેજ
(૫) એબી ડિવિલિયર્સ ૯,૫૭૭ રન, ૫૩.૫૦ની ઍવરેજ

**નોંધ** (૧) વન-ડેમાં સચિન ૧૮,૪૨૬ રન સાથે અવ્વલ સ્થાને છે, પરંતુ તેની બૅટિંગ સરેરાશ ૪૪.૮૩ છે. રોહિત શર્મા, ધોની અને વિવ રિચર્ડ્સ જેવા દિગ્ગજો પણ ઍવરેજની બાબતમાં ટૉપ-ફાઇવમાં નથી.

ઇંગ્લૅન્ડ સામે ભારતને જીતવા માટે ૨૪૯ રનનો લક્ષ્યાંક મળ્યો ત્યાર બાદ ભારતનો સ્કોર પાંચમી ઓવરમાં જ્યારે એક વિકેટે માત્ર ૧૯ રન હતો ત્યારે ત્રીજા નંબર પર બૅટિંગમાં આવેલો શુભમન ગિલ મૅચના લગભગ અંત સુધી ક્રીઝ પર ટકી રહ્યો હતો અને ૯૬ બૉલમાં તેણે ૧૪ ફોરની મદદથી ૮૭ રન બનાવ્યા હતા.

ગિલ ૩૭મી ઓવરમાં આઉટ થયો ત્યારે ભારતે જીતવા માટે ૧૩ ઓવરમાં માત્ર ૧૪ રન બનાવવાના બાકી હતા. ગિલની વિકેટ પડ્યા પછી હાર્દિક પંડ્યા અને રવીન્દ્ર જાડેજાએ ટીમ ઇન્ડિયાની નૌકા સલામત રીતે પાર કરી હતી.

મૅન ઑફ ધ મૅચ શુભમન ગિલે શ્રેયસ ઐયર સાથે ૯૪ રનની અને પછી અક્ષર પટેલ સાથે ૧૦૮ રનની ભાગીદારી કરી હતી.

ભારતે ૨૪૯ રનના લક્ષ્યાંક સામે ૩૮.૪ ઓવરમાં છ વિકેટે ૨૫૧ રન બનાવીને ચાર વિકેટે વિજય મેળવી લીધો હતો. એમાં ઐયરનું ૫૯ રનનું અને અક્ષરનું બાવન રનનું યોગદાન હતું.

હવે ફરી શુભમન ગિલની બૅટિંગ ઍવરેજની વાત કરીએ તો તેની ૫૮.૯૦ની બૅટિંગ ઍવરેજ વન-ડે ક્રિકેટમાં ૨,૦૦૦થી વધુ રન કરી ચૂકેલા તમામ બૅટર્સમાં હાઈએસ્ટ છે. વન-ડેમાં તેના નામે કુલ ૨,૪૧૫ રન છે. કુલ ૧૩,૯૦૬ રન બનાવનાર વિરાટ કોહલીની ઍવરેજ ૫૮.૧૮ છે જે ગિલ કરતાં ઓછી છે. બાબર આઝમ, માઇકલ બેવન અને એબી ડિવિલિયર્સ જેવા ખ્યાતનામ બૅટર્સનાં નામ પણ ગિલ પછી છે.

ગિલ ૨૦૨૨ અને ૨૦૨૩ની સાલમાં વન-ડેમાં જબરદસ્ત ફૉર્મમાં હતો. એ બે વર્ષમાં તેની બૅટિંગ-સરેરાશ અનુક્રમે ૭૦.૮૮ અને ૬૩.૩૬ હતી.

ગુરુવારના મુકાબલાના મૅન ઑફ ધ મૅચ શુભમન ગિલે મૅચ પછી કહ્યું હતું કે ‘૧૯ રનમાં પહેલી વિકેટ પડી ત્યારે મેં હકારાત્મક અભિગમ સાથે રમવાનું શરૂ કર્યું હતું. મેં બૅકફૂટ પર બહુ જવાનું ટાળ્યું હતું અને સમજદારીથી જ શૉટ મારવાનું નક્કી કર્યું હતું. જ્યારે કોઈ ખેલાડી આવી પૉઝિટિવ માનસિકતા સાથે રમે ત્યારે હરીફો પણ બૅકફૂટ પર જતા રહેતા હોય છે.’

ગિલ વાઇસ-કૅપ્ટન છે એટલે ફીલ્ડિંગ દરમ્યાન પણ તેની ઘણી જવાબદારી હોય છે. તેણે કહ્યું, ‘હું ફીલ્ડિંગ દરમ્યાન રોહિતભાઈ પાસેથી ઘણું નવું જાણતો હોઉં છું અને તેમને મદદરૂપ પણ થાઉં છું.’

# પાકિસ્તાનમાં ચૅમ્પિયન્સ ટ્રોફી માટેના સ્ટેડિયમોમાં આજથી રમાશે ટ્રાયેન્ગ્યૂલર

## પાકિસ્તાન, ન્યૂ ઝીલૅન્ડ, સાઉથ આફ્રિકા વચ્ચેની સ્પર્ધામાં સાત દિવસમાં રમાશે કુલ ફક્ત ચાર મૅચ

લાહોરઃ પાકિસ્તાનમાં આગામી ૧૯મી ફેબ્રુઆરીએ વન-ડેની (આઠ દેશ વચ્ચેની) ચૅમ્પિયન્સ ટ્રોફી રમાય એ પહેલાં આજે (શનિવાર, આઠમી ફેબ્રુઆરીએ) પાકિસ્તાનમાં ત્રણ દેશ વચ્ચેની વન-ડે ટ્રાયેન્ગ્યૂલર ટૂર્નામેન્ટ શરૂ થઈ રહી છે અને એની મૅચો જેમાં રમાવાની છે એ સ્ટેડિયમો ચૅમ્પિયન્સ ટ્રોફી માટે પૂરા તૈયાર થઈ ગયા છે કે એ નક્કી થઈ જશે. ખરેખર તો પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ક્રિકેટ જગતને કદાચ બતાવવા માગે છે કે આ સ્ટેડિયમો હજી પૂરા તૈયાર નથી થયા એ બધી માત્ર અફવા છે. પીસીબીના ચૅરમૅન મોહસિન નકવીએ ગઈ કાલે કહ્યું હતું કે ‘સેંકડો કામદારોએ અમારા ત્રણેય સ્ટેડિયમ સમયની અંદર તૈયાર કરી આપ્યા છે. અમે આને ચમત્કાર ગણીએ છીએ.’

આજે ટ્રાયેન્ગ્યૂલરની પ્રથમ મૅચ (બપોરે ૨.૩૦ વાગ્યાથી) પાકિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે રમાશે. વિકેટકીપર મોહમ્મદ રિઝવાન પાકિસ્તાનનો અને સ્પિન-ઑલરાઉન્ડર મિચલ સૅન્ટનર ન્યૂ ઝીલૅન્ડનો કૅપ્ટન છે.

પાકિસ્તાનમાં ૨૯ વર્ષ બાદ પહેલી વાર આઇસીસી ટૂર્નામેન્ટ યોજાવાની છે. છેલ્લે ૧૯૯૬નો વન-ડે વર્લ્ડ કપ પાકિસ્તાને ભારત સાથે સંયુક્ત રીતે યોજ્યો હતો.

### ફક્ત ચાર મૅચવાળી ટ્રાયેન્ગ્યૂલર!

પાકિસ્તાન, સાઉથ આફ્રિકા અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે આજે (શનિવારે) શરૂ થનારી ટ્રાયેન્ગ્યૂલર ટૂર્નામેન્ટ બહુ ટૂંકી છે. એમાં કુલ મળીને માત્ર ચાર મૅચ રમાશે. સાઉથ આફ્રિકાના મુખ્ય સાત ખેલાડીઓ ટ્રાન્ગ્યુલર પૂરી થયા બાદ (ચૅમ્પિયન્સ ટ્રોફી માટે) પાકિસ્તાનમાં આવશે. મોહમ્મદ રિઝવાન પાકિસ્તાનનો, ટેમ્બા બવુમા સાઉથ આફ્રિકાનો અને મિચલ સૅન્ટનર ન્યૂ ઝીલૅન્ડનો કૅપ્ટન છે. ટ્રાયેન્ગ્યૂલરનું શેડ્યૂલ આ મુજબ છેઃ (૧) શનિવાર, ૮ ફેબ્રુઆરીઃ પાકિસ્તાન વિરુદ્ધ ન્યૂ ઝીલૅન્ડ, લાહોર, બપોરે ૨.૩૦ વાગ્યાથી (૨) સોમવાર, ૧૦ ફેબ્રુઆરી, ન્યૂ ઝીલૅન્ડ વિરુદ્ધ સાઉથ આફ્રિકા, લાહોર, ડે મૅચ, સવારે ૧૦.૦૦ વાગ્યાથી (૩) બુધવાર, ૧૨ ફેબ્રુઆરીઃ પાકિસ્તાન વિરુદ્ધ સાઉથ આફ્રિકા, કરાચી, બપોરે ૨.૩૦ વાગ્યાથી (૪) શુક્રવાર, ૧૪ ફેબ્રુઆરીઃ ફાઇનલ, કરાચી, બપોરે ૨.૩૦ વાગ્યાથી.

થોડા અઠવાડિયા પહેલાં એવી તીવ્ર ચર્ચા હતી કે પાકિસ્તાનમાં સ્ટેડિયમો સરખી રીતે તૈયાર નથી થઈ રહ્યા. એવી ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી હતી કે ચૅમ્પિયન્સ ટ્રોફીનું યજમાનપદ પાકિસ્તાનના હાથમાં છીનવીને બીજા કોઈ દેશને અપાશે. જોકે લાહોર, કરાચી અને રાવલપિંડી ખાતેના સ્ટેડિયમોમાં કામકાજ પૂરજોશમાં ચાલુ હોવાનો પીસીબીનો દાવો છે.

કહેવાય છે કે લાહોરનું ગદાફી સ્ટેડિયમ (જેની નજીક ૨૦૦૯માં શ્રીલંકાની ટીમની બસ પર આતંકવાદી હુમલો થયો હતો) ચાર મહિનાથી પણ ઓછા સમયમાં અપગ્રેડ કરી નાખવામાં આવ્યું છે. આ સ્ટેડિયમમાં ૩૫,૦૦૦ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે.

કરાચીના નૅશનલ સ્ટેડિયમમાં ચૅમ્પિયન્સ ટ્રોફીની મૅચો રમાવાની છે અને એ પહેલાં ત્યાં બુધવારે પાકિસ્તાન-સાઉથ આફ્રિકા વચ્ચે ત્રિકોણીય સ્પર્ધાની છેલ્લી લીગ મૅચ અને શુક્રવારે ફાઇનલ રમાવાની છે અને પીસીબીએ એ સ્ટેડિયમ તથા મેદાનને પણ તૈયાર કરી દીધું હોવાનો દાવો કર્યો છે.

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની તમામ મૅચો દુબઈમાં રમાવાની છે. ખાસ કરીને રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ (બપોરે ૨.૩૦ વાગ્યાથી) દુબઈમાં ભારત-પાકિસ્તાન વચ્ચે હાઇ-વૉલ્ટેજ મુકાબલો થશે.

## દેશ-વિદેશ

# એમપીમાં માર્ગ અકસ્માતમાં છનાં મોત, ૧૬ ઘાયલ

મહુ (એમપી): મધ્ય પ્રદેશના ઇન્દોર જિલ્લામાં શુક્રવારે સવારે ટુ-વ્હીલર, એક ખાનગી મિની બસ અને ટ્રેલર ટ્રક વચ્ચે થયેલા અકસ્માતમાં બે મહિલા સહિત છ જણાં મૃત્યુ પામ્યાં હતાં અને ૧૬ને ઇજાઓ પહોંચી હતી. પોલીસે જણાવ્યું હતું કે આ અકસ્માત મહૂ તહસીલના માનપુર વિસ્તારમાં થયો હતો જ્યારે એક મોટરસાઇકલ અને મિનિબસ ઢાળ પર ઊતરી રહેલા ટ્રેલર ટ્રક સાથે અથડાયા હતા.

મોટરસાઇકલ પર સવાર બે પુરુષ અને મિનિબસમાં રહેલી મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે અન્ય બે જણે સરકારી હોસ્પિટલમાં દમ તોડ્યો હતો.

એએસપી (ઈન્દોર ગ્રામીણ) રૂપેશ દ્વિવેદીએ જણાવ્યું હતું કે ૧૬ લોકોની ઈજાઓ માટે સારવાર ચાલી રહી છે અને તેમાંથી બેની હાલત ગંભીર છે.

તેમણે કહ્યું કે મિનિબસમાં સવાર મુસાફરો ઉજ્જૈનમાં પ્રસિદ્ધ મહાકાલ મંદિરની મુલાકાત લીધા બાદ કર્ણાટકના બેલગામ પરત ફરી રહ્યા હતા.

# મહાકુંભમાં ભારે ભીડને પગલે પ્રયાગરાજની માધ્યમિક શાળાઓ ૧૨મી સુધી બંધ

પ્રયાગરાજઃ પ્રયાગરાજમાં માઘી પૂર્ણિમા પહેલા ભક્તોના ભારે ધસારાને ધ્યાને લઇને તમામ બોર્ડની તમામ માધ્યમિક શાળાઓ સાત ફેબ્રુઆરીથી ૧૨ ફેબ્રુઆરી સુધી બંધ રહેશે. જો કે ઓનલાઇન વર્ગો યોજાશે. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

પ્રયાગરાજના જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જિલ્લા વિદ્યાલય નિરીક્ષકને જારી કરાયેલા આદેશ અનુસાર આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓને આવવા-જવામાં થતી અસુવિધાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આદેશ અનુસાર તમામ વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન વર્ગો ચાલુ રહેશે અને શિક્ષકોએ ચાલી રહેલી પ્રેક્ટિકલ અને હોમ એક્ઝામ માટે નિર્ધારિત સમય અનુસાર શાળાઓમાં રિપોર્ટ કરવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે ગુરુવારે રાત્રે આઠ વાગ્યા સુધીમાં ૭૭.૨૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમમાં ડૂબકી લગાવી હતી. ૧૩ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં લગભગ ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ મહાકુંભમાં ભાગ લઇ ચૂક્યા છે. માઘી પૂર્ણિમાને ખાસ સ્નાન તિથિ માનવામાં આવે છે. જે ૧૨ ફેબ્રુઆરીના રોજ ઉજવવામાં આવશે. અગાઉ વારાણસી જિલ્લા વહીવટીતંત્રે શહેરમાં આવનારા યાત્રાળુઓની સંખ્યામાં વધારો થતા શહેરી વિસ્તારોમાં શાળાઓ બંધ કરવાનો આદેશ આપ્યો હતો. એક અધિકારીએ જણાવ્યું કે વહીવટીતંત્રે શાળાઓને શનિવાર સુધી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન વર્ગો ચલાવવા જણાવ્યું છે.

# પાકિસ્તાનમાં ૧૨ આતંકવાદી ઠાર

પેશાવરઃ પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ગુપ્ત માહિતી આધારિત ઓપરેશનમાં સુરક્ષા દળોએ ૧૨ આતંકવાદીને ઠાર કર્યા હતા.

પાકિસ્તાન આર્મીની મીડિયા વિંગના જણાવ્યા અનુસાર, ઉત્તર વઝીરિસ્તાનના હસન ખેલ વિસ્તારમાં પાંચ અને છ ફેબ્રુઆરીની રાત્રે ઓપરેશનમાં એક સુરક્ષાકર્મી પણ માર્યો ગયો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે આ વિસ્તારમાં વિદ્રોહીઓની હાજરી અંગેની બાતમીના આધારે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

ઓપરેશન દરમિયાન, સુરક્ષા દળોએ અસરકારક રીતે આતંકવાદી ઠેકાણાને નિશાન બનાવ્યા, પરિણામે ૧૨ વિદ્રોહીઓનો ખાત્મો કરવામાં આવ્યો હતો, એમ નિવેદનમાં જણાવાયું છે. એમણે વધુમાં જણાવ્યું હતું કે માર્યા ગયેલા વિદ્રોહીઓના કબજામાંથી શસ્ત્રો અને દારૂગોળો મળી આવ્યો હતો, જેઓ સુરક્ષા દળો તેમજ નાગરિકો વિરુદ્ધ અનેક આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હતા. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે વિસ્તારમાં બાકી રહેલા કોઈપણ વિદ્રોહીઓની હાજરીને દૂર કરવા માટે ક્લિયરન્સ ઓપરેશન ચાલુ છે.

# સેન્સેક્સે રિપોરેટ સાથે તાલ મેળવ્યો, બંનેમાં ૦.૨૫ ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રિઝર્વ બેન્કે અપેક્ષા અનુસાર રિપો રેટમાં કાપ જાહેર કર્યા પછી બજાર માટે કોઇ નવું ટ્રીગર ના રહેવાથી એફઆઇઆઇની એકધારી વેચવાલીથી ડહોળાયેલા માનસ વચ્ચે સેન્સેક્સ ૧૯૭.૯૭ પોઇન્ટ અથવા ૦.૨૫ ટકા ઘટીને ૭૭,૮૬૦.૧૯ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૪૩.૪૦ પોઇન્ટ લપસીને ૨૩,૫૫૯.૯૫ પોઇન્ટ ગબડ્યો હતો. આઇટીસીમાં બે ટકાનો કડાકો જોવા મળ્યો હતો. આઇટીસીએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૭.૨૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૦૧૩.૧૬ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. અન્ય ટોપ ગેઇનર શેરોમાં સ્ટેટ બેન્ક, અદાણી પોર્ટ, ટાટા કન્સ્લ્ટન્સી, આઇસીઆઇસીઆઇ બેન્ક, રિલાયન્સ અને પાવરગ્રીડનો સમાવેશ હતો.

જ્યારે ગેઇનર્સમાં ટાટા સ્ટીલ ચાર ટકા ઊછળ્યો હતો. ભારતી એરટેલે પાંચ ગણા વધારા સાથે રૂ. ૧૬,૧૩૪.૬૦ કરોડનો કોન્સોલિડેટેડ પ્રોફિટ નોંધાવ્યો હતો અને તેનો શેર ચાર ટકા ઊછળ્યો હતો. અન્ય ગેઇનર્સમાં ઝોમેટો, મહિન્દ્રા, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ટેક મહિન્દ્રાનો સમાવેશ હતો. રિઅલ્ટી અને ઓટો સેકટરના પસંદગીના શેરોમાં સુધારો હતો.

કોર્પોરેટ પરિણામોમાં બલરામપૂર ચીનીનો નફો ૨૩ ટકા ઘટીને રૂ. ૭૦.૪૭ કરોડ રહ્યો હતો, જ્યારે અલ્કેમ લેબનો નફો પાંચ ટકા વધીને રૂ. ૬૨૬ કરોડ નોંધાયો હતો. સ્ટેટ બેન્કે સ્ટેન્ડઅલોન ધોરણે વાર્ષિક ધોરણે ૮૪ ટકાના વધારા સાથે રૂ. ૧૬,૮૯૧ કરોડ નોંધાવ્યો છે, જ્યારે એમઆરએફએ વાર્ષિક ધોરણે ચોખ્ખા નફામાં ૩૮ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. સ્વિગીએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૭૯૯ કરોડની કોન્સોલિડેટેડ ખોટ નોંધાવી છે, જે ગત વર્ષના સમાન ગાળામાં રૂ. ૫૭૪ કરોડ જેવી હતી. ઇન્ફો એજનો નફો ૬૦ ટકા વધ્યો હતો, જ્યારે વેલસ્પન કોર્પના પરિણામ નિરાશાજનક રહ્યા હતા.

યુનાઇટેડ પેટ્રો ગ્રૂપ અને સાધવ શિપિંગ લિમિટેડે ભારતના ઓડિશા રાજ્યમાં શિપબિલ્ડિંગ અને સંકલિત ઑફશોર સવલતના પ્રોજેક્ટ ડેવલપમેન્ટ માટે એમઓયુ કર્યા છે. યુનાઈટેડ પેટ્રો શિપિંગ પીટીઇ લિમિટેડ અને ઓડિશા રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ વચ્ચે એમઓયુ હેઠળના સૂચિત પ્રોજેક્ટમાં વાર્ષિક ૨૦-૨૫ શિપિંગ સર્વિસિસ માટે સક્ષમ રિપેર સુવિધાઓ સાથે મોટા જહાજોના નિર્માણ, ઓફશોર સપ્લાય બેઝ સવલતોના વિકાસનો સમાવેશ થાય છે.

બજારના સાધનો અનુસાર આરબીઆઇ દ્વારા અપેક્ષિત ધોરણે રિપોઝિશન રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો જાહેર કરાયો હતો પરંતુ બજારને ટ્રીગર મળે એવું કશું ના હોવાથી બેન્કિંગ, ઓઇલ અને ગેસ, એફએમસીજી અને પાવર શેરોમાં વેચવાલી અને પ્રોફિટ બુકિંગ ચાલુ રહ્યાં હતાં. એફઆઇઆઇની વેચવાલી પણ ચાલુ રહી છે અને કોર્પોરેટ પરિણામ પણ નિરસ જ રહ્યાં હોવાથી હાલ બજારને ટેકો મળે એવું કોઇ પરિબળ મોજૂદ નથી. અગ્રણી માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે ધીમા પડી રહેલા અર્થતંત્રને ટેકો આપવા માટે રિઝર્વ બેન્કે રિપોઝિશન રેટમાં ઘટાડો કર્યો છે પરંતુ પ્રવાહિતા વધારવા માટે કોઇ નક્કર પગલાં જાહેર ના કર્યા હોવાથી રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ કર્યું હતું.

આ ઉપરાંત ગ્લોબલ ટ્રેડ પોલિસીને ધ્યાનમાં રાખીને ટૂંકાગાળાના વિકાસ અંદાજોનો ઘટાડો એવું સૂચવે છે કે સેન્ટ્રલ બેન્ક ભાવિ દર સમાયોજન ધીમો અને બાબતે સાવચેતીભર્યો અભિગમ અપનાવશે.

નવા ગવર્નરની આગેવાની હેઠળ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા શુક્રવારે લગભગ પાંચ વર્ષમાં પહેલી વાર મુખ્ય બેન્ચમાર્ક રેટમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ ઘર, વાહન અને અન્ય લોનના વ્યાજ દરમાં ઘટાડો થવાની શક્યતા છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાની આગેવાની હેઠળની નાણાકીય નીતિ સમિતિએ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ૬.૨૫ ટકા કર્યો છે. મે ૨૦૨૦ પછી આ પહેલો ઘટાડો હતો અને અઢી વર્ષ પછીનો પહેલો સુધારો હતો. ડિસેમ્બરમાં વર્ષની છેલ્લી દ્વિમાસિક પીએમઆઇ બેઠકના થોડા દિવસો પછી શક્તિકાંત દાસનું સ્થાન લેનારા કારકિર્દી અમલદાર મલ્હોત્રાએ એપ્રિલ ૨૦૨૫થી શરૂ થતા નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૬.૭ ટકાના દરે વૃદ્ધિ પામશે, જ્યારે ફુગાવાનો દર ૪.૨ ટકા સુધી ઘટશે તેવી આગાહી કરી હતી. ૩૧ માર્ચના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ માટે, આરબીઆઈએ સરકારી અંદાજને ટાંકીને વૃદ્ધિ દર ૬.૪ ટકા રાખ્યો હતો, જે ચાર વર્ષમાં સૌથી ખરાબ અને અગાઉ જોવાયેલા ૬.૬ ટકા કરતા ઓછો છે, જ્યારે ફુગાવો ૪.૮ ટકા રહેવાનો અંદાજ છે. રેપો રેટ બચત અને રોકાણ ઉત્પાદનો પર વળતર પણ નક્કી કરે છે.

ઊંચા રેપો રેટ ફિક્સ્ડ ડિપોઝિટ અને અન્ય બચત સાધનો પર વધુ સારું વળતર આપી શકે છે, કારણ કે બેંકો ડિપોઝિટ આકર્ષવા માટે ઊંચા વ્યાજ દર ઓફર કરે છે. બીજી બાજુ નીચા રેપો રેટ આ બચત ઉત્પાદનો પર મેળવેલા વ્યાજને ઘટાડી શકે છે. એશિયન બજારોમાં, સિઓલ અને ટોક્યો નીચા સ્તરે સ્થિર થયા હતા, જ્યારે શાંઘાઈ અને હોંગકોંગ પોઝિટિવ ઝોનમાં બંધ થયા. યુરોપિયન બજારો મોટાભાગે નીચા વેપાર કરી રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો મોટાભાગે ઊંચા મથાળે બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૭૩ ટકા વધીને ૭૪.૮૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

# રિઝર્વ બૅન્કે રિપોરેટ કરતાં ડૉલર સામે રૂપિયામાં ૧૧ પૈસાનું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ત્રણ દિવસીય નાણાનીતિની સમીક્ષાની બેઠકના અંતે રિપો રેટમાં ૨૫ બેસિસ પૉઈન્ટ ઘટાડીને ૬.૨૫ ટકાની સપાટીએ રાખતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસાના બાઉન્સબૅક સાથે ઐતિહાસિક ૮૭.૫૯ની નીચી સપાટીએથી પાછો ફરીને ૮૭.૪૮ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. તેમ છતાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો પણ મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૫૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૫૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૫૭ અને ઉપરમાં ૮૭.૩૩ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૧ પૈસાના સુધારા સાથે ૮૭.૪૮ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસાના ઘટાડા સાથે ૮૭.૫૯ના મથાળે બંધ રહ્યો હતો.

તાજેતરમાં ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલી નરમાઈ અને સ્થાનિક સ્તરે ડૉલરમાં આયાતકારોની પ્રબળ માગ ઉપરાંત વૈશ્વિક સ્તરે ટેરિફની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ આજે જણાવ્યું હતું કે અમે ડૉલર સામે રૂપિયામાં થતી દૈનિક વધઘટ પર ધ્યાન નથી આપી રહ્યા કે અમે રૂપિયાની કોઈ સપાટી નિર્ધારિત નથી કરતાં અમે માત્ર લાંબાગાળાના વિનિમય દર પર જ વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૦ ટકા વધીને બેરલદીઠ ૭૪.૯૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૯૭.૯૭ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૪૩.૪૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો.

તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૫૪૯.૯૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. તેમ છતાં આજે ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૦૪ ટકાના સુધારા સાથે ૧૦૭.૬૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# ખાંડમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૪૦થી ૩૭૯૦ આસપાસના મથાળે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતાં એકંદરે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો અને ઉપલા મથાળેથી રૂ. બેનો ઘટાડો આવ્યો હતો. જાકે, આજે મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, જ્યારે રિટેલ સ્તરની એકંદર માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ના સુધારા સાથે રૂ. ૩૯૨૦થી ૩૯૯૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. બેથી ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૫૨થી ૪૦૮૦માં થયા હતા.

રિઝર્વ બૅન્કે વ્યાજદર ઘટાડતા રૂપિયામાં બાઉન્સબૅક

# સોનામાં ₹ ૮૬નો મામૂલી સુધારો, ચાંદીએ ₹ ૬૨૯ની તેજી સાથે ફરી ૩૫,૦૦૦ની સપાટી અંકે કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે મોડી સાંજે અમેરિકાના જોબ ડેટાની થનારી જાહેરાત પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદામાં સલામતી માટેની માગને ટેકે સુધારો આગળ ધપ્યો હતો. તેમ જ ચાંદીમાં પણ ઘટ્યા મથાળેથી ધીમો સુધારો આવ્યો હતો. જોકે, આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ પાંચ વર્ષના લાંબા સમયગાળા બાદ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકતાં આજે ડૉલર સામે રૂપિયામાં ૧૧ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં સોનામાં ભાવવધારો મર્યાદિત રહેતાં ૧૦ ગ્રામદીઠ માત્ર રૂ. ૮૬નો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં વિશ્વ બજાર પાછળ ભાવે કિલોદીઠ રૂ. ૬૨૯ના ઉછાળા સાથે ફરી રૂ. ૯૫,૦૦૦ની સપાટી અંકે કરી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૬૨૯ વધીને રૂ. ૯૫,૩૯૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે વૈશ્વિક સોનાના ભાવમાં ૦.૩ ટકાનો સુધારો આવ્યો હોવા છતાં સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયામાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવાથી સોનાની આયાત પડતરો ઘટી આવતાં ભાવ સાધારણ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૬ વધીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૪,૩૬૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૪,૬૯૯ના મથાળે રહ્યા હતા. જોકે, રાબેતા મુજબ આજે પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહી હતી.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે અમેરિકાના જોબ ડેટાની જાહેરાત પૂર્વે સાવચેતીના અભિગમને કારણે ટ્રેડરોની લેવાલી પાંખી હતી, પરંતુ ટ્રેડ વૉરની ચિંતા વચ્ચે સોનામાં રોકાણકારોની લેવાલી જળવાઈ રહેતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૮૬૫.૩૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં બે ટકાનો સુધારો આવ્યો છે. વધુમાં આજે સત્રના આરંભે સોનાના વાયદામાં પણ ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ૨૮૮૯.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકાએ ચીનથી થતી આયાત સામે ટેરિફ લાદવાનાં નિર્ણય સામે ચીને ફરિયાદ કરી હોવાનું વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું છે અને ટ્રેડ વૉર વધુ વકરે તેવી ભીતિ હેઠળ સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું સિંગાપોર સ્થિત ગોલ્ડસિલ્વર સેન્ટ્રલના મેનેજિંગ ડિરૅક્ટર બ્રિઆન લાને જણાવતા તેજી આગળ ધપે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. તે જ પ્રમાણે ગોલ્ડમેન સાશે પણ અમેરિકાની નીતિવિષયક અનિશ્ચિતતાને કારણે સોનામાં રોકાણકારોની હેજરૂપી માગને ટેકે સોનાના ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

અમેરિકા ખાતે રોજગાર ક્ષેત્રે મજબૂત વૃદ્ધિ અને ફુગાવામાં ઘટાડો થાય તો ફેડરલ રિઝર્વ માટે વ્યાજદરમાં કપાતના અવકાશની સ્થિતિ નિર્માણ થાય જોકે, ટેરિફ સહિતની નીતિવિષયક અનિશ્ચિતતા વ્યાજદરમાં ધીમી ગતિએ ઘટાડાનું મુખ્ય પ્રેરકબળ રહ્યું હોવાનું શિકાગો ફેડના પ્રમુખ ઑસ્ટિન ગુલસ્બીએ જણાવ્યું હતું. જોકે, એએનઝેડે એક નોટ્સમાં અમેરિકી ફેડરલ રિઝર્વ આ વર્ષે વ્યાજદરમાં ૧૦૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરતાં ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો જોવા મળશે, એમ જણાવ્યું હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**જાહેર નોટીસ**

**રાજકોટ વિભાગના સંયુકત ચેરીટી કમિશનરશ્રીની કચેરી, રાજકોટ** જામનગર રોડ, જામટાવર પાસે, રાજકોટ. (સને ૧૯૫૦ ના ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ, અધિનિયમ ૧૯૫૦ ની કલમ-૫૦-અ અન્વયે સ્કીમ અરજી)
**બાબતઃ- શ્રી ભારત સરસ્વતી મંદિર સંસદ શારદાગ્રામ-માંગરોળ**
**નોંધણી નંબર-એફ/૧૭/જુનાગઢ. સ્કીમ અરજી નંબર- ૪૨/૨૦૨૪**
**સુનાવણીઃ- તા. ૨૦/૦૩/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨ કલાકે**
**અરજદારોઃ (૧) શ્રી જવાહરભાઈ રામજીભાઈ મોરી તથા અન્ય એક**
**વિરૂધ્ધ**
**સામાવાળાઃ** (૧) રશ્મીનભાઇ દિપચંદભાઇ ગારડી,(૨) હસમુખભાઇ દિપચંદ ભાઇ ગારડી,(૩) ચંદ્રિકાબેન રશ્મીનભાઇ ગારડી,(૪) સુમીતાબેન હસમુખભાઇ ગારડી,(૫) બિનોઇભાઇ હસમુખભાઇ ગારડી,(૬) હિતેશભાઇ રશ્મીનભાઇ ગારડી,(૭) જયંતિભાઇ ગીરધરભાઇ ભુવા, તમામ રહે. ૩-ઉષાકિરણ, એમ.એલ. દહાણુકર માર્ગ, મુંબઇ (મહારાષ્ટ્ર) ૪૦૦૦૨૬. ઉપર જણાવેલ અરજદારોએ સંયુકત ચેરીટી કમિશ્નરશ્રી, રાજકોટ સમક્ષ ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ ની કલમ-૫૦ (અ) મુજબની અરજી કરીને એવી દાદ માંગી છે કે, ઉપર જણાવેલ ટ્રસ્ટનો વહીવટ સુવ્યવસ્થિત રીતે ચાલે તે માટે, તેમજ ટ્રસ્ટના હેતુઓ વિસ્તૃત કરવા યોજના ઘડવી જરૂરી અને યોગ્ય જણાતું હોય તેથી ટ્રસ્ટની સ્કીમ ઘડવા અરજી રજુ કરેલ છે.

આથી સદરહું ટ્રસ્ટમાં હિત ધરાવનાર તમામને ખબર આપવામાં આવે છે કે, સદર ટ્રસ્ટના સંચાલન અને વહીવટ માટે સ્કીમ એટલે કે યોજના ઘડવી કે કેમ? અને ઘડવી તો કેવી? તે અંગે ટ્રસ્ટમાં હિત ધરાવનારાઓએ જો કોઇ સુચનો/રજુઆતો કરવી હોય, તો તેવા સુચનો/રજુઆતો બે નકલમાં જરૂરી આધાર પુરાવાઓ અને તેના સમર્થનમાં સોગંદનામા સાથે મોડામાં મોડા તા. ૧૯/૦૩/૨૦૨૫ સુધીમાં મળે તે રીતે અત્રેની કચેરીને મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

સ્કીમ અરજીની હવે પછીની સુનાવણીની કાર્યવાહી અત્રેની કચેરી ખાતે તા. ૨૦/૦૩/૨૦૨૫ના રોજ ૧૨-૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. સુચનો/રજુઆતો કરનાર ઇસમોએ નિયત થયેલી તારીખે સુનાવણી માટે હાજર રહેવાનું રહેશે. સદરહું મુદતના રોજ સુચનો/રજુઆત કરનાર ગેરહાજર રહેશે તો તેઓની ગેરહાજરીમાં કાર્યવાહી આગળ ચલાવવામાં આવશે ત્યારબાદ કોઇ સુચનો/રજુઆતો ધ્યાન પર લેવામાં આવશે નહી. ટપાલ/ટેલીફોનથી મુદત આપવામાં આવશે નહિ જેની નોંધ લેશો.
**આજરોજ તા. ૦૬/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહિ અને કચેરીની મુદ્રા હેઠળ આપી**
**તા.૦૬/૦૨/૨૦૨૫, રાજકોટ** કોર્ટનો સિક્કો **(આર.વી. વ્યાસ)**
**તૈયાર કરનારઃ કાશ્મીરા નંદાણી (રજીસ્ટ્રાર)** **ઇ.ચા.સંયુકત ચેરીટી કમિશ્નર, રાજકોટ.**

# વિશ્વ બજાર પાછળ ખાદ્યતેલમાં તેજીનો ટોન

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૧ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના એપ્રિલ વાયદામાં ૧૦૨ રિંગિટનો ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારોને ટેકે માત્ર સિંગતેલ અને સરસવમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ તેલના ભાવમાં તેજીનો અન્ડરટોન જોવા મળ્યો હતો, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૨૦, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૫ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૪૦, રૂ. ૧૨૬૦ અને રૂ. ૧૩૫૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય અલાના અને રૂચીના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૨૫ અને રૂ. ૧૩૩૫ તથા ગોલ્ડન એગ્રી અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦ ક્વૉટ થયા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સરસવના રૂ. ૧૩૩૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૦માં થયાના અહેવાલ હતા. આજે રાજસ્થાનનાં મથકો પર સરસવની અંદાજે ૮૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૧૦૦થી ૬૧૨૫માં થયા હતા, જ્યારે જયપુરની મંડીમાં સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૬૧ અને રૂ. ૧૨૭૧માં તથા સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦૮૦થી ૨૦૮૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ધાતુમાં માગને ટેકે આગળ ધપતો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૪ સુધીનો સુધારો આગળ ધપ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૪ અને રૂ. આઠની તેજી સાથે અનુક્રમે રૂ. ૨૭૭૯ અને રૂ. ૮૭૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ટીન અને કોપર વાયરબારની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારો જોવા મળ્યો હતો. તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૫૭૭, કોપર આર્મિચર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૭૯૩ અને રૂ. ૨૭૫, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૦૩, રૂ. ૭૪૨, રૂ. ૫૩૫ અને રૂ. ૧૮૩ના મથાળે અને નિકલ, કોપર કેબલ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૩૮૮, રૂ. ૮૧૩ અને રૂ. ૨૬૩ના મથાળે રહ્યા હતા.

nesco

Nesco Centre, Goregaon East, Mumbai - 63

Nesco foods is a rapidly growing division of Nesco Limited

Sealed Tenders are invited for the supply of the below mentioned items to Nesco Limited - Nesco Foods from 1st Apr 2025 to 31st Mar 2026.

**Food Products:** Dry Provisions/Groceries (Local & Imported, Bakery, Farsan, Fresh Vegetables (Local/English), Fresh Fruits, Dairy, Chapati/Paratha, Ice Creams & Kulfi, Chinese Products (Noodles, Tofu etc.), Poultry, Eggs, Mutton, Sea Food and Ice Cubes

**Non Food Products:** Charcoal and Chafing Fuel, Printing (Vinyl & Flex Printing), Office Stationery, Hiring (Furniture & Crockery, Cutlery, Glassware), Disposable, Garbage Bags and Housekeeping (Materials and Chemicals).

Tender Forms are available in the Purchase Department, Nesco Foods, Nesco Estate, Goregaon East, Mumbai - 400 063. Contact Number: +91 9930371114/ 8275464722 from 10 Feb 2025 till 21 Feb 25 between 10.00 AM to 5.00 PM with a payment of Rs.700/- each category (Non-Refundable). Sealed tenders must be addressed to "The General Manager - Procurement". The last date of submission of sealed tenders by 6 PM on 22 Feb 2025.

Nesco Ltd - Nesco Foods reserves the right to accept/reject the tenders in full or in part without assigning any reasons whatsoever.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

મુંબઈ ખાતે ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, મહારાષ્ટ્રમાં
શ્રી આર. કે. ખોમાને, સભ્ય,
ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, મુંબઈ સમક્ષ
૨૦૧૮ના મંજૂરી અરજી (IT) નં. ૦૩
CNR નં. MHIC01000678-2018
૨૦૧૨ના સંદર્ભ (IT) નં. ૦૯માં

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશન ----વાદીઓ
વિરુદ્ધ
શ્રી સીતારામ ભીખાજી માલપ, ----પ્રતિવાદીઓ
I.D ધારા, ૧૯૪૭ની કલમ ૩૩(૨) (બી) હેઠળની અરજીની બાબતમાં

**નોટીસ**

જ્યારે અરજીએ ઈન્ડસ્ટ્રીયલ વિવાદ ધારા, ૧૯૪૭ની કલમ ૩૩(૨) (b) હેઠળ અરજી કરે છે, જેની કૃપા કરીને નોંધ લો કે આ બાબત ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ, મહારાષ્ટ્ર, મુંબઈમાં કોર્ટ નં. ૦૪માં ૨૦.૦૨.૨૦૨૫માં ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલની અનુકૂળતા અનુસાર સ. ૧૧.૦૦ ક. અથવા તે સમયે તરત જ સુનાવણી માટે લેવામાં આવશે.

તમારે આથી અન્ય પક્ષકારોની સંમતિથી કાનૂની વ્યવસાયી તરીકે રૂબરૂ હાજર રહેવું અને ટ્રિબ્યુનલની રજા અથવા રજિસ્ટર્ડ ટ્રેડ યુનિયન ઓફ ફેડરેશનના અધિકારી દ્વારા કેસ, ઈન્ડસ્ટ્રીયલ વિવાદ ધારા, ૧૯૪૭ની કલમ ૩૬માં ઉપરોક્ત સદર સમયે અને સ્થળે જોગવાઈ કરવામાં આવી છે અને સદર અરજી શા માટે મંજૂર ન થવી જોઈએ તેનું કારણ દર્શાવવા. તમે સુનાવણીની તારીખ પહેલા જવાબમાં તમારું નિવેદન સાચુ કરી શકો છો અને બીજી બાજુની એક નકલ ત્યાં આપી શકો છો.

SEAL

ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના આદેશથી
સહી/-
સેક્રેટરી માટે,
ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, મુંબઈ

પ્રતિ,
શ્રી સીતારામ ભીખાજી માલપ,
At. અનાટોરી, Po. કરભાત,
તાલુકા સંગમેશ્વર
જિ. રત્નાગીરી,
પીન કોડ - ૪૧૫ ૬૧૦.

ના.
ઈન્ડસ્ટ્રીયલ કોર્ટની ઓફિસ,
મુંબઈ ન્યુ એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડીંગ, ૧લો માળ, ચેતના કોલેજ પાસે, બાંદ્રા (પૂ),
મુંબઈ - ૪૦૦૦૫૧.
તારીખઃ

શરદ પવાર તા. ૨૮-૦૧-૨૦૨૫ કોર્ટ હોલ ૦૪

PRO/2477/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# માર્કેટ કેપમાં ₹ ૧.૦૪ લાખ કરોડનો ઘટાડો

મુંબઇ: શેરબજારમાં વારના સત્રમાં સેક્ટરલમાં ટેલિકોમ્યુનિકેશન અને મેટલ ઈન્ડેક્સ સર્વાધિક વધ્યા હતા, જ્યારે ઓઈલ-ગેસ, એફએમસીજી અને એનર્જી ઘટ્યા હતા. માર્કેટ કેપમાં રૂ. ૧.૦૪ લાખ કરોડનો ઘટાડો નોધાયો હતો. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૭૮,૦૫૮.૧૬ના બંધથી ૧૯૭.૯૭ પોઈન્ટ્સ (૦.૨૫ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૧.૦૪ લાખ કરોડ ઘટીને રૂ.૪૨૩.૯૩ લાખ કરોડ રહ્યું હતું.સેન્સેક્સ ૭૮,૧૧૯.૬૦ ખૂલીને ઊંચામાં ૭૮,૩૫૬.૯૮ સુધી અને નીચામાં ૭૭,૪૭૫.૭૪ સુધી જઈને અંતે ૭૭,૮૬૦.૧૯પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૪ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૬ સ્ક્રિપ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૬૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૫૨૦ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૪૦૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૪૨ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૦૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૩ ટકા વધ્યો હતો અને બીએસઈ સ્મોલકેપ ૦.૬૮ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૯ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૦૩ ટકા ઘટ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ ટેલિકોમ્યુનિકેશન ૨.૬૪ ટકા, મેટલ ૨.૪ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૨૩ ટકા, કોમોડિટીઝ ૦.૮૭ ટકા, ઓટો ૦.૬૪ ટકા, ટેક ૦.૪૬ ટકા, રિયલ્ટી ૦.૩૬ ટકા, સંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૩૧ ટકા અને હેલ્થકેર ૦.૦૧ ટકા વધ્યા હતા.

જ્યારે ઓઈલ એન્ડ ગેસ ૧.૩૧ ટકા, એફએમસીજી ૧.૨૫ ટકા, એનર્જી ૧.૦૭ ટકા, કેપિટલ ગુડ્સ અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૭૩ ટકા, સર્વિસીસ ૦.૬૨ ટકા, બેન્કેક્સ ૦.૪૯ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૪૪ ટકા, પાવર ૦.૪૧ ટકા, આઈટી ૦.૪ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૨૮ ટકા અને યુટિલિટિઝ ૦.૧૩ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં તાતા સ્ટીલ ૪.૩૪ ટકા, ભારતી એરટેલ ૩.૬૦ ટકા, ઝોમેટો ૨.૧૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૮૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૪૫ ટકા, ટેક મહિન્દ્ર ૧.૩૭ ટકા, એનટીપીસી ૧.૩૧ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૧૪ ટકા, કોટક બેન્ક ૧.૦૮ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૬૫ ટકા વધ્યા હતા. જ્યારે આઈટીસી ૨.૩૮ ટકા, સ્ટેટ બેન્ક ૨.૦૩ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૪૪ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૩૧ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૧૯ ટકા, રિલાયન્સ ૧.૧૫ ટકા, પાવર ગ્રીડ ૧.૦૫ ટકા, નેસ્લે ૦.૮૧ ટકા, એચડીએફસી બેન્ક ૦.૭૨ ટકા અને ઈન્ફોસિસ ૦.૬૯ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૮૧.૭૫ કરોડનું ટર્નઓવર થયું હતું.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ, H/પશ્ચિમ વોર્ડ)
નં. AE/SWM/HW/૯૨૯૫/GEN તા. ૦૭.૦૨.૨૦૨૫

**હિતની અભિવ્યક્તિ જાહેરાત**

આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) H/પશ્ચિમએ સ્વચ્છતા મુંબઈ પ્રબોધન અભિયાન સ્કીમના કામ માટે H/પશ્ચિમ વોર્ડના અધિકારક્ષેત્રમાં કો-ઓપરેટીવ સોસાયટી, સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટીઝ, વગેરે તરીકે નોંધાયેલ વિવિધ સંસ્થાઓ પાસેથી EOI મંગાવે છે. આ એકમોની પસંદગી લોટરી ડ્રો સિસ્ટમ મુજબ કરવામાં આવશે. સદર નોંધાયેલ સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

સદર કામ માટેનું અરજી ફોર્મ ૦૮.૦૨.૨૦૨૫થી ૧૪.૦૨.૨૦૨૫ સુધી સ. ૧૦.૩૦થી બ. ૦૧.૩૦ કલાક વચ્ચે રોકડમાં રૂ. ૧૩૨૦/- + ૧૮% GST (રિફંડપાત્ર નથી)ના રકમની ચૂકવણી કરયા પછી AE (SWM) H/W વોર્ડ b/wની ઓફિસમાં ઉપલબ્ધ રહેશે. પાત્રતા અરજદારોની લોટરીનું તમારું ડ્રોઈંગ સદર સ્કીમના T&C મુજબ માનનીય ACH/W વોર્ડ દ્વારા સફળ ડ્રો કરનારાઓને કામ સોંપવામાં આવશે.

PQC અરજી ફોર્મ અને અંડરટેકિંગ ફોર્મેટ વિશે વિગતવાર માહિતી માટે, રસ ધરાવતી સંસ્થાઓ/અરજદારો (SWM) ઓફિસ, H/W વોર્ડને સંપર્ક કરી શકે છે. અરજી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ અને સમય ૧૪.૦૨.૨૦૨૫ (બ. ૦૨.૦૦ કલાક સુધી) છે.

મહેરબાની કરીને નોંધ કરો કે અંતિમ તારીખ પછી સુપ્રત કરેલ અરજી ફોર્મ આગળની પ્રક્રિયા માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/-
એક્ષિક્યૂટીવ એન્જિનિયર ((S.W.M.)Z-III (i/c)

PRO/2473/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# રાજકોટમાં 15 ફેબ્રુ.ના પૂ. શ્રી ધીરગુરુદેવની ૪૪મી દીક્ષા જયંતિ એવં 16 ફેબ્રુ.ના 15 કરોડના ખર્ચે નવનિર્મિત જૈન બોર્ડિંગ તથા મહાવીર ભવન - હોલનો ઉદ્‌ઘાટન સમારોહ

## દીક્ષા જયંતિ ઉપલક્ષે

તા.૧૪, શુક્રવાર : સમૂહ ૪૪૪ આયંબિલ તપ

તા. ૧૪ અને ૧૫, શુક્ર, શનિ રોગ નિદાન કેમ્પ

## સંયમ અભિવંદના

તા. ૧૫-૦૨-૨૫, શનિવાર

સ્થળ : ડુંગર દરબાર, હેમુ ગઢવી હૉલ, ટાગોર રોડ. સવારે : ૯-૩૦ થી ૧૨-૩૦

**સમારોહ પ્રમુખ :**
**શ્રી પ્રણયભાઈ દેસાઈ**

**સ્વાગત પ્રમુખ :**
**શ્રી ધ્રુમનભાઈ શાહ**

## જૈન બોર્ડિંગ - મહાવીર ભવન ઉદ્‌ઘાટન સમારોહ

તા. ૧૬-૦૨-૨૫, રવિવાર

શોભાયાત્રા : સવારે ૯-૧૫ કલાકે અબતક પરિવાર, રાષ્ટ્રીય શાળાથી

ઉદ્‌ઘાટન : સવારે ૯-૪૫ થી ૧૨-૩૦

**સમારોહ પ્રમુખ :**
**શ્રી જયંતભાઈ કામદાર - USA**

ભોજન સમારંભ : બપોરે ૧૨-૩૦ કલાકે

**લાભાર્થી :**
**શ્રી શશીકાંતભાઈ બદાણી**

## જૈન બોર્ડિંગ અને મહાવીર ભાવનનું નવનિર્માણ : તા.૧૬ના રવિવારે ઉદ્‌ઘાટન



શહેરની મધ્યમાં માલવીયા ચોકમાં ૧૧૫ વર્ષ જૂની અને મહાત્મા ગાંધીજીના હસ્તે તા.૧૮-૨-૧૯૨૫ના ખુલ્લી મૂકાયેલ જૈન બૉર્ડિંગ (ત્રિભુવન-ભવન)નું નવનિર્માણ શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવની અસીમકૃપાથી કરવામાં આવેલ છે.

## જૈન બોર્ડિંગ નિર્માણ દાતા

શશીકાંત જી. બદાણી - જૈન બોર્ડિંગ

મા સ્વામી પૂ. જય-વિજયાજી મ.સ. પ્રેરિત બીનાબેન અજયભાઈ શેઠ - નિર્માણ અનુમોદક

શેઠ ડી.એલ. ધર્મસ્થાનક - મુંબઈ - આધાર સ્તંભ

નરભેરામભાઈ પાનાચંદભાઈ મહેતા હ. સ્વ. પ્રવિણભાઈ અને વસુબેન મહેતા - વિવિધલક્ષી હોલ

ભુપતલાલ ટપુલાલ શાહ હ. મહેન્દ્ર, મુકુંદ, રમેશ - લાયબ્રેરી

શારદાબેન ત્રંબકલાલ તુરખીયા હ. ભાવનાબેન વસંતભાઈ તુરખીયા - જયજિનેન્દ્ર દ્વાર

કસુંબાબેન કેશવલાલ શેઠ હ. ડૉ. સુશીલાબેન કે. શાહ - ફ્રન્ટ યાર્ડ

હાર્દિકાબેન જગદીશભાઈ ભીમાણી હ. જગદીશભાઈ જે. ભીમાણી - નવકાર મહામંત્ર

નીલમબેન જયકાંતભાઈ વાઘર હ.બીનાબેન-અનીશ, ભાવિની-ભાવિન - વર્ધમાન લીફ્ટ

અરૂણાબેન મનુભાઈ વોરા - જ્ઞાન વીંગ

ડો. દેવેશ-વિમળાબેન ભાઈચંદ દોશી નિકેત-માધવી રશ્મિકાંત દોશી - દર્શન વીંગ

ચંપાબેન અને જયંતિલાલ જે. દોશી હ. નિરંજનભાઈ જે. દોશી - ચારિત્ર વીંગ

મનુભાઈ અને વનલીલાબેન શાહ હ. નીતા અશોક શાહ - તપ વીંગ


જ્યોતિબેન વિનોદચંદ્ર દોશી - ઓફિસ

કુ. ધારા જિતેન્દ્રભાઈ બેનાણી હ. બેનાણી પરિવાર - સ્નેહ મિલન કક્ષ

### રૂમના દાતા

* રક્ષાબેન અશ્વનીકુમાર શાહ
* હંસાબેન હેમંતભાઈ ભાયાણી
* છગનલાલ શામજી વિરાણી
* રંભાબેન ફૂલચંદભાઈ ગાઠાણી
* ડો. દિનેશચંદ્ર અનોપચંદ ઉચાટ
* ચંપાબેન પરમાણંદ કોરડીયા
* કાંતિલાલ છોટાલાલ દોશી
* ચંદ્રિકાબેન પ્રફુલભાઈ જસાણી
* ભરતભાઈ રતિલાલ મહેતા
* સરલાબેન હરકિશનદાસ કામદાર
* છોટાલાલ રાજપાલ મહેતા
* જેકુંવરબેન નરભેરામ દેસાઈ
* માધવીબેન રજનીકાંત બાવીસી
* રતિલાલ રણછોડદાસ વોરા
* વિજયાબેન હરિલાલ કામદાર
* પ્રાણલાલ મણીલાલ પંચમીયા
* ગુણવંતરાય એમ. બરવાળિયા
* હેમલતાબેન પ્રવીણચંદ્ર શાહ
* અનિલકુમાર ખુશાલચંદ ધુલીયા
* મુક્તાબેન રમણીકલાલ શાહ
* રમાગૌરી નાનાલાલ શાહ
* મહેન્દ્રભાઈ જમનાદાસ અજમેરા
* રતિલાલ દલીચંદ દોશી

## જૈન બોર્ડિંગના ગ્રાઉન્ડમાં ધાર્મિક - સામાજિક ક્ષેત્રે આન-બાન-શાન સમાન મહાવીર ભવન અને ૬૦૦૦ સ્કેવર ફીટના હોલનું અદ્યતન નવલું નજરાણું. સદાનું સંભારણું.



## મહાવીર ભવન - નવનિર્માણના પુણ્યવંત દાતા

ડો. સી. જે. દેસાઈ - મહાવીર ભવન

સુશીલાબેન ઈન્દુભાઈ બદાણી - મહાવીર હોલ

ઈશ્વરભાઈ કેશવજી દોશી - અન્નપૂર્ણા ગૃહ

સુરેશ વલ્લભજી વોરાની સ્મૃતિમાં - લીફ્ટ

### ડીલક્ષ રૂમના દાતા

* વિલાસબેન મણીલાલ દોશી
* કૌમુદીબેન ચુનીલાલ દોશી
* અંજુબેન કાર્તિકભાઈ દોશી
* ચંચળબેન મોહનલાલ શાહ

### દાનવીરોને અમૂલો અવસર

₹ ૧.૧૧ કરોડ અતિથિ હાઉસ દાતા
₹ ૫૧ લાખ જિમ્નેશયમ દાતા
₹ ૧૫ લાખ ગ્રીન એનર્જી સોલાર
₹ ૧૧ લાખ ડીલક્ષ રૂમ દાતા
₹ ૧૧ લાખ મિષ્ટ ભોજન ફંડ
₹ ૦૯ લાખ સાધના સીડી દાતા
₹ ૦૫ લાખ મિષ્ટ ભોજન સહાયક
₹ ૧.૧૧ લાખ ભોજન તિથિ ફંડ

### નવનિર્માણ યોજના

₹ ૨.૫૧ લાખ પ્લેટીનમ દાતા
₹ ૧.૫૧ લાખ ડાયમંડ દાતા
₹ ૧.૧૧ લાખ ગોલ્ડન દાતા
₹ ૫૧ હજાર સિલ્વર દાતા
₹ ૨૫ હજાર સુવર્ણ ઈંટ દાતા

સંપર્ક સૂત્ર : વિમલ પારેખ
Mo. 9824260760



**મા સ્વામી પૂ.જય-વિજયાજી મહાસતીજી પ્રેરિત**
**નિર્માણ અનુમોદક - બીનાબહેન અજયભાઈ શેઠ**


ASSURED CHERRY BLOSSOM SIGHTING WITH ALPINE VILLAGES*




Special Departure with 11 Nights
*Departure Date : 3 April 2025

March: 20 (Few Seats Left) | 24 (Sold Out) | 28 (Sold Out)
April: 03 (Few Seats Left) | 09 | 15 (Sold Out) | 19
May: 09 (Few Seats Left) | 19

ONLY WITH AURORA
TeamLabs in both Tokyo & Osaka.
UNESCO World Heritage Site Shirakawago.
આ નહી જોયું તો શું જોયું


AURORA TRAVEL-TOURS PVT.LTD
ઔરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી.

| નીલ | ખુશ્બુ | વિશાલ ગોસાલિયા | ધવલ | જેસલ | નીરાલી |
|---|---|---|---|---|---|
| 98218 90405 | 9820798588 | 98196 37535 | 98219 21920 | 98331 00845 | 9137601052 |



એકમાત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે

દક્ષિણ આફ્રિકા
એટલે કુલીન કુમાર સાથે જ
૧૨ રાત્રી / ૧૩ દિવસ



ટૂરના સ્થળો
✦ કેપટાઉન ✦ હરમાનુસ ✦ ગાર્ડન રૂટ ✦ સનસીટી ✦ સફારી ✦ જોહાનિસબર્ગ

એપ્રિલ થી જુન દરમ્યાન દર અઠવાડીયે ૩-૪ પ્રસ્થાન 4/5★ હોટલો

ટૂર ની વિશેષતા
- ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઈયા દ્વારા બનાવેલ શુધ્ધ શાકાહારી બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર
- ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
- ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ
- લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
- કોઈપણ છુપા ખર્ચ વગર
- સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર

ખાસ આકર્ષણઃ
Walk with Lion



SCAN ME
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**